મૂર્તિપૂજાનું રહસ્ય



સ્વામી માધવતીર્થ

મૂર્તિપૂજાનું રહસ્ય

લેખક : સ્વામી શ્રીમાધવતીર્થ

: પ્રકાશક :
વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ
પો.વલાદ, પીન : ૩૮૨૫૫૫
(જિ. ગાંધીનગર)

આવૃત્તિ બીજી પ્રત : ૧૦૦૦

: પ્રકાશક :
વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ
પો. વલાદ, પીન : ૩૮૨૩૫૫
(જિ. ગાંધીનગર)

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.

અનુક્રમણિકા

પહેલી આવૃત્તિની

પ્રસ્તાવના

મૂર્તિપૂજામાં ઘણું રહસ્ય સમાયેલું છે. ગીતામાં કહેલ છે કે જેમને દેહનું અભિમાન છે તે માણસ જો અવ્યક્તની ઉપાસના કરે તો તેને ઘણો ક્લેશ પ્રાપ્ત થાય છે, તેમને માટે વ્યક્તની ઉપાસના એટલે મૂર્તિપૂજા વધારે સારી છે. મૂર્તિપૂજા ઘણા માણસો કરે છે પણ તેનું ખરું રહસ્ય બહુ થોડા માણસો સમજે છે. તેમાં પૂજા કરનારની શુદ્ધિની બહુ જરૂર છે. તેનામાં શુદ્ધિ હોય તો તે મૂર્તિમાં દેવત્વ પ્રગટ કરી શકે છે. દ્વારકામાં શ્રી શંકરાચાર્ય પોતે સ્નાન કરી પોતાની પૂજા કરી સ્વચ્છ થઈ, પછી દંડ ધારણ કરીને રણછોડરાયજીની મૂર્તિ પાસે આવીને તેને દંડથી સ્પર્શ કરી ચેતન પ્રગટ કરે છે. તે પછી દર્શન કરવા આવનારને ચેતનના દર્શન થાય છે. ચેતનને રૂપ નથી છતાં તે ભક્તની ભાવના પ્રમાણે રૂપ ધારણ કરે છે અને દ્રષ્ટા દૃશ્યની એકતા કરે છે. તુલસીદાસજી જ્યારે વૃંદાવનમાં શ્રીકૃષ્ણની મૂર્તિના દર્શન કરવા ગયા ત્યારે તેમણે ત્યાં વિનંતી કરી કે "આપની આ છબી ઘણી મનોહર છે, છતાં આપ જો ધનુષ્ય–બાણ ગ્રહણ કરીને રામરૂપે દર્શન આપો તો આ તુલસીદાસનું મસ્તક નમી પડશે." એવી પ્રાર્થના સાંભળીને તે મૂર્તિએ ધનુષ્ય–બાણ ગ્રહણ કરી રામનું રૂપ તુલસીદાસને બતાવ્યું, એટલે મૂર્તિ કેવી છે એમ જો કોઇ પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર એ છે કે તેને જોનાર કેવો છે અને તેનું દર્શન કેવું છે તે જાણવું જોઇએ. આખું જગત પણ દર્શનપ્રમાણે જણાય છે.

જે વસ્તુ તદ્દન જડ જેવી દેખાય છે તેનામાં (એક જગ્યાએ) ચેતન જોઇ શકાય તો પછી જગતની બધી વસ્તુઓ ચેતન રૂપ લાગે છે. જંગલમાં સાધુઓ હિંસક પ્રાણીઓની વચ્ચે એકલા રહી તે પ્રાણીઓમાં જો ભગવાન જોઇ શકે તો પછી સાધારણ જન સમાજમાં

ભગવાનને જોવા એ અઘરું કામ નથી. અપરોક્ષ અનુભવ મુશ્કેલીઓમાં થાય છે. બ્રહ્મ તો ચેતન છેજ, પણ માયાને અથવા જડને ચેતન કરવું, પ્રકૃતિની મુક્તિ કરવી, એજ ખરી સાધના છે. વિરુદ્ધમાં અવિરુદ્ધનું દર્શન મહાપ્રકાશ વગર થતું નથી.

આપણી કોંગ્રેસ સરકારે એવી માન્યતા રાખેલી છે કે દરેક જાહેર મંદિરોમાં હરિજનોને અને પછાત વર્ગને દર્શન માટે જવાની છૂટ આપવી જોઇએ અને તેમને મૂર્તિપૂજા કરવાનો અધિકાર આપવો જોઇએ. તેમનું લક્ષ્ય એવું છે કે માણસની જાતમાં ઊંચા નીચાનો ભેદ રહેવો જોઇએ નહિ.

જ્યાં અન્ન, વસ્ત્ર, મકાન, દવાખાનાં વગેરે સામાજિક સગવડોનો પ્રશ્ન હોય ત્યાં બધાને સમાન હક્ક આપી શકાય પણ મંદિરમાં પથ્થરની મૂર્તિમાં ચૈતન્ય લાવવાની કળા અને તે માટે જોઇતી અંતઃકરણની શુદ્ધિ બધા માણસોમાં સરખી હોતી નથી. જો મંદિરમાં પૂજા બરાબર નહિ થતી હોય તો પથ્થરની મૂર્તિમાં દેવત્વ આવશે નહિ અને હરિજનોને પણ ભગવાનનાં દર્શન થશે નહિ, તેથી આ બાબતમાં સરકારે ફરીથી વિચાર કરવાની જરૂર છે. શાસ્ત્રની વિધિ પ્રમાણે પૂજા કરવાથી મૂર્તિમાં દેવત્વ લાવી શકાય છે. તેની હકીકત આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

કેટલાક નેતા એમ માને છે કે મૂર્તિને જમાડવા માટે થાળ કરવો પડે છે અને ધરાવવો પડે છે, તે ભોજન ગરીબ માણસોને આપ્યું હોય તો ભગવાન વધારે ખુશી થાય, પણ અહીં સમજવાનું એ છે કે જે મૂર્તિ જડ જેવી લાગે છે તેને ચેતનરૂપ કરવાની છે અને ચેતનને જમવાનું આપવું જોઇએ. જ્યારે થાળમાંથી રસોઇ ઓછી થવા લાગે ત્યારે જાણવું કે મૂર્તિએ જમવાનું શરૂ કરેલ છે.

સામાન્ય માણસને બત્તીના તેજમાં વિશેષતા લાગતી નથી પણ પતંગિયાં તેમાં બળી મરે છે. તેમને તેમાં કાંઇક નવો રસ આવતો હશે.

ગુજરાતના પ્રખ્યાત કવિ દયારામભાઇ એક ગોપીના મુખમાં એવું વાક્ય મૂકે છે "હું શું જાણું કે વ્હાલે મુજમા શું દીઠું?" મૂર્તિપૂજામાં પણ તપાસ કરતાં ઘણી મૂર્તિઓએ કાંઇને કાંઇ ચમત્કાર બતાવેલો હોય છે. તેમાં પણ જે મૂર્તિ જૂની હોય તેમાં વધારે ચમત્કાર દેખાય છે. તેનું કારણ એ હોય છે કે તેની આરતી ઘણાં વર્ષ કરેલ હોય છે.

તેજની આવૃત્તિ એ મૂર્તિમાં ખાસ ઉપયોગી વસ્તુ છે, તેની હકીકત આ પુસ્તકમાં ત્રીજા પ્રકરણમાં આપવામાં આવેલ છે. જ્યારે જડ વસ્તુને તેજની ગતિથી ફેરવવામાં આવે છે ત્યારે તે શક્તિરૂપ થઇ જાય છે. વિશ્વમાં સાત રંગ છે. તેનાથી દૂર દેશમાં રહેલા દર્દીઓને પણ સારા કરી શકાય છે. જે માણસ દૂર દેશમાં હોય તેનો ફોટો પાસે રાખીને તે ફોટાને યોગ્ય રંગનું તેજ આપવાથી દૂર દેશમાં રહેલ દરદી સારો થાય છે, કારણ કે માણસની આસપાસ એક જાતનું તેજ રહે છે. તેને અંગ્રેજીમાં aura કહે છે. તે તેજની જેટલી વેવ-લેન્થ હોય તે જ વેવ-લેન્થ તેના ફોટામાં રહેલી હોય છે. તેની ખાત્રી ત્રણ ખૂણાવાળા કાચ [Prism]દ્વારા થઇ શકે છે. તેથી ફોટાનો રંગ નવા તેજના કિરણથી ફેરવી શકાય તો તેની અસર દૂર રહેલા માણસને થાય છે. તેવી જ રીતે શ્રી રણછોડરાયજીના ફોટાની પૂજા કોઇ પોતાને ઘેર કરે તો અને તેની આરતી કરે તો તે ડાકોરની મૂર્તિને અસર કરે છે. સામાન્ય આરતી થોડો વખત કરીને છોડી દેવામાં આવે છે તેથી તે તેજમાં બહુ શક્તિ આવતી નથી પણ ઘણાં વરસે જ્યારે તે આરતીની બહુ આવૃત્તિ થાય છે ત્યારે મૂળ મૂર્તિને અસર થાય છે.

ગુજરાતમાં ડાકોરમાં રહેલ મૂર્તિની પૂજા હજારો વર્ષ થયાં થાય છે. પહેલાં તેની પૂજા દ્વારકામાં થતી હતી અને છેલ્લાં ૭૦૦ વર્ષ થયાં ડાકોરમાં પૂજા થાય છે. તેથી ઘણાંને તેમાં ચેતનનો અનુભવ થાય છે. દક્ષિણમાં પંઢરપુરમાં વિઠ્ઠલનાથજીની મૂર્તિ પણ જૂની છે અને અમને તેમાં મૂછો દેખાણી હતી. જેને મૂર્તિપૂજામાં શ્રદ્ધા છે તેમને નવા નવા ભાવ જોવામાં આવે છે.

ગોંડળની રસશાળાના વૈદ્યરાજ જેટલી દવા તેની રસશાળામાં બનાવે છે તે પહેલાં ભૂવનેશ્વરી માતાને ધરીને પછી દરદીને આપે છે તેથી ઘણા દરદીઓને ફાયદો થાય છે. ઘાટકુપરમાં એક દાક્તર દવાખાનાના પાણીમાં "રામ" શબ્દ લખીને તે પાણી દવામાં નાખતા હતા, તેથી દરદીઓ તરત સાજા થતા હતા અને તેની પ્રેકટીસ સારી ચાલતી હતી.

એક રાજાના ઘેર નોકરને તુલસીની પૂજા હતી. તે ચીઠ્ઠી લખીને કોઇ ચીજ રાજાની પાસે માગે તે પહેલાં તે ચીઠ્ઠી તુલસીની પાસે મૂકીને પછી રાજાને મોકલતા હતા. તેનું પરિણામ એ આવતું કે રાજા તેની માગણી સ્વીકારતા હતા. તુલસીમાં ગરમી હોય છે. તેની પૂજાથી નવું તેજ તેમાં ઉત્પન્ન થાય છે અને તે દૂરના માણસોને અસર કરે છે.

મંત્રશક્તિથી પણ મૂર્તિને અસર થાય છે અને દૂરના માણસોને અસર થાય છે. તેની કેટલીક હકીકત આ પુસ્તકના પ્રકરણ ૫-૬ માં આપવામાં આવેલ છે. જે ભેદ દેખાય છે તે જુદી જુદી વેવ લેન્થના ભેદ છે. બે રેડિયો પાસે પડ્યા હોય પણ તેમાં વેવ લેન્થ જુદી હોય તો બન્ને જુદા અવાજ કરે છે, પણ તે ઘણા દૂર હોય છતાં તેની વેવ લેન્ગથ સરખી હોય તો એકની વાતો બીજા રેડિયોમાં સાંભળી શકાય છે. તેજ પ્રમાણે ભગવાન વૈકુંઠમાં હોય કે કૈલાસમાં હોય. દ્વારકામાં હોય કે જગન્નાથપુરીમાં હોય પણ જો ભક્તનું હૃદય તેને માટે તરફડતું હોય તો દ્વારકા કે વૈકુંઠ દૂર નથી.

ભગવાનની મૂર્તિને ધરેલી માળામાં તેનું તેજ આવી જાય છે, તેને ધરેલ પ્રસાદમાં પણ આરતીનું તેજ આવી જાય છે. બધો આધાર આવૃત્તિ ઉપર છે. શ્રી નારાયણ પરમહંસને, હાલના ઘોર કળિયુગમાં પણ, ભગવાન નારાયણે ચાંદોદ પાસે રાત્રે દર્શન આપ્યાં હતાં. તેઓ લખે છે કે "પહેલાં છમછમ અવાજ કાને પડયો, પછી વિમાન આવ્યું. તેને ચાર પાર્ષદોએ પકડયું હતું." ભગવાન નારાયણ તેમાંથી ઊતરીને

તેમને કહેવા લાગ્યા કે "નારાયણ, નારાયણ". એનો અર્થ એ હતો કે નારાયણ પધાર્યા છે. પછી ભગવાને તેમને કહ્યું કે, "બદરિકાશ્રમ ચાલો અને હવે ત્યાં ભજન કરો. આંહીંથી તમારું સ્થાનાન્તર થયું છે." હાલ શ્રી નારાયણ પરમહંસની ઉંમર ૮૦ વર્ષની છે, ઉપરનો બનાવ ૪૦ વર્ષ પહેલાં બન્યો હશે એમ અનુમાન થાય છે. તે ઉપરથી જણાય છે કે ભક્તોને માટે કલિયુગ એ કલિયુગ નથી.

વેદાન્ત આશ્રમ,
પોસ્ટ : વલાદ
સ્ટેશન–મેદરા
(અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે)
તા. ૧–૫–૧૯૫૯

સ્વામી માધવતીર્થ

પ્રકાશકીય નિવેદન

બ્રહ્મલીન પરમ પૂજ્ય સ્વામીશ્રી માધવતીર્થજી મહારાજે અધ્યાત્મ ચિંતનના નિચોડરૂપે સાધકો–મુમુક્ષો–જિજ્ઞાસુઓને માર્ગદર્શન માટે લગભગ ૧૨૫ પુસ્તકો અધ્યાત્મ સમાજને આપ્યા છે. આ પુસ્તકો પૈકી કેટલાક પુસ્તકો પ્રાપ્ય છે અને ઘણા બધા અપ્રાપ્ય છે.

વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ તેના નવા સ્વરૂપમાં કાર્યાન્વિત થયા પછી આશ્રમના વિકાસ માટે જુદી જુદી રીતે પ્રવૃત્તિઓ શરૂ કરી રહેલ છે. તેવી રીતે પૂ. સ્વામીજીના જે પુસ્તકો હાલ અપ્રાપ્ય છે પરંતુ જિજ્ઞાસુઓને ખૂબ જરૂરી છે અને જેની માંગ રહ્યા કરે છે તેવા પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી છે. શરૂઆતરૂપે પૂ. બાપજીના અત્યંત લોકપ્રિય નિવડેલા અધ્યાત્મ ભાગવત ભાગ ૧ અને ૨ નું પ્રકાશન બહાર પાડવામાં આવેલું, જેને પૂ. સ્વામીજીના પુસ્તકના ચાહકો તરફથી ઉષ્માભર્યો આવકાર મળ્યો છે. તે હકીકતને ધ્યાનમાં લઈને ટ્રસ્ટને નવાં પુસ્તકો છપાવવાનું પ્રોત્સાહન મળેલ. જેના પરિણામે નીચેનાં પુસ્તકો છપાવવાનું કામ હાથમાં લીધેલ. અને તે પ્રમાણે છપાઈને અધ્યાત્મપ્રેમી જનતા સમક્ષ મૂક્યાં છે.

(૧) અધ્યાત્મ ભાગવત ભાગ ૧–૨.

(૨) અધ્યાત્મ ભાગવત સાર.

(૩) બ્રહ્મચર્યાશ્રમની અને ગૃહસ્થાશ્રમની માળા.

(૪) ચિત્તશુદ્ધિ અને તત્ત્વદર્શન.

(૫) પ્રાર્થના.

(૬) મૂર્તિપૂજાનું રહસ્ય.

પૂ. સ્વામીજીની અધ્યાત્મ વાણીનું સારી રીતે પ્રસારણ થાય તે હેતુથી તેઓશ્રીના તથા આશ્રમના કેટલાક ચાહકો તરફથી આવા

પુસ્તકોના પ્રકાશન માટે ટ્રસ્ટને આર્થિક મદદો પણ મળતી રહી છે. આપ સહુના પ્રોત્સાહનથી ટ્રસ્ટ પૂ.સ્વામીજીના અપ્રાપ્ય પુસ્તકોની નવી આવૃત્તિના પ્રકાશન માટે પોતાની સક્રિય કાર્યવાહી કરી રહેલ છે.

આવાં પુસ્તકો છપાવવાની કામગીરી હાલના સમયમાં ખૂબ કઠિન છે. આવાં પુસ્તકો છાપતા પ્રેસો અંગે ખૂબ તપાસ કરતાં ભાવનગર મુકામે રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસનું નામ અમને મળતાં અમોએ પ્રેસની રૂબરૂમાં મુલાકાત લીધેલ અને તેમના કોમ્પ્યુટરાઈઝડ્ પ્રેસની કામગીરી જોઈ અમે ખૂબ પ્રભાવિત થએલા. તેઓ મુખ્યત્વે આ પ્રકારનાં પુસ્તકો છાપવાનું જ કામકાજ કરે છે, વળી આ પુસ્તક છાપવાના ખર્ચ પેટે પણ અમને કેટલીક રાહત આપવાનું તેમણે કહેલ જેથી આ પુસ્તક તેમને છાપવા આપેલ અને ખૂબ ટૂંક સમયમાં આ પુસ્તક સુઘડ અને સુંદર રીતે છાપી આપેલ છે. તે બદલ તેમના માલિક ભાઈશ્રી રજનીભાઈ તેમજ પ્રેસના ભાઈ-બહેનોનો ટ્રસ્ટ ખાસ આભાર માને છે.

આવાં પુસ્તકો છપાવવા જે જે ભક્તોએ યત્કિંચિત્ આર્થિક મદદ કરી છે તે બદલ આ તકે તે બધાનો પણ આભાર.

આ પુસ્તક છપાવવા જે જે નામી-અનામી ભાઈ-બહેનોએ પ્રેરણા-પ્રોત્સાહન આપેલ છે અને મદદ કરી છે તે તમામનો આ તબક્કે ટ્રસ્ટ આભાર માને છે. અસ્તુ!

ટ્રસ્ટીઓ
તા. ૧૯-૧૦-૮૯ વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ
વલાદ, જિ. ગાંધીનગર.

સંપાદકીય નિવેદન

પરમ પૂજ્ય સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજ કૃત 'મંત્રશક્તિ' પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઇ. સ. ૧૯૫૫ માં શ્રી ગંગેશ્વર સ્મરણ કાર્યાલય, (કછોલી) તરફથી પ્રગટ થઈ. તે પુસ્તકનું વિષયવસ્તુ ક્રમવાર (૧) મંત્રનું બળ. (૨) ૐકારનો જપ. (૩) સાતલોકનું દર્શન. (૪) કર્મનો ભાર. (૫) અજપાજપ. (૬) મૂર્તિપૂજાનું રહસ્ય.-આ પ્રમાણેના છ પ્રકરણોમાંગોઠવેલું.

પૂજ્ય સ્વામીજીએ બીજું નવું લખાણ તૈયાર કરી તેને (૧) મૂર્તિપૂજાનું રહસ્ય. (૨) પ્રાર્થના. (૩) આરતી. (૪) શરણાગતિ. આ ચાર પ્રકરણમાં ગોઠવી આ નવા લખાણમાં ઉપરોક્ત 'મંત્રશક્તિ' પુસ્તકનાં છ પ્રકરણમાં સમાવિષ્ટ લખાણ ઉમેરીને 'મૂર્તિપૂજાનું રહસ્ય' નામનું નવું પુસ્તક ઇ. સ. ૧૯૫૯ માં શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય, (અમદાવાદ) દ્વારા, પ્રગટ કર્યું. પણ તેમાં ઉપર જણાવેલ 'મંત્રશક્તિ' પુસ્તકનાં છ પ્રકરણમાં વહેંચાયેલ લખાણને છ ને બદલે માત્ર બે પ્રકરણ 'મંત્રશક્તિ' (નવા પુસ્તકમાં પ્રકરણ પાંચમું) અને 'સાતલોકનું દર્શન' (નવા પુસ્તકમાં પ્રકરણ છઠ્ઠું) માં સમાવિષ્ટ કર્યું.

આમ 'મંત્રશક્તિ' પુસ્તકના 'મૂર્તિપૂજાનું રહસ્ય' નામના છઠ્ઠા પ્રકરણ સિવાયનાં તમામ પ્રકરણોને આ નવા પુસ્તકમાં ઉપરોક્ત બે પ્રકરણમાં વહેંચ્યાં અને આ બે પ્રકરણના પેટાવિભાગ તરીકે ઉપરોક્ત પુસ્તકનાં બાકી રહેતાં પ્રકરણોનાં શીર્ષકને નવા મુદ્દારૂપે રજૂ કરીને ગૂંથી લીધાં.

ઉપર જણાવેલ બંને પુસ્તકોનાં પ્રકરણોનાં શીર્ષક જોતાં ધ્યાન ખેંચનારી મહત્ત્વની એક બાબત એ છે કે નવા પુસ્તકનું 'મૂર્તિપૂજાનું રહસ્ય' નામ આ પુસ્તકનાં પહેલા પ્રકરણપરથી રાખવામાં આવ્યું છે, પણ તે જ નામ 'મંત્રશક્તિ' પુસ્તકના છેલ્લા પ્રકરણનું પણ છે, છતાં બંને

પુસ્તકમાં એક જ શીર્ષક 'મૂર્તિપૂજાનું રહસ્ય'માં સમાવિષ્ટ લખાણનું વિષયવસ્તુ ભિન્ન છે.

આ બંને પુસ્તકોને સંકલિત કરી એક જ પુસ્તકરૂપે પ્રગટ કરતાં 'મૂર્તિપૂજાનું રહસ્ય' એ નામનાં બે પ્રકરણો કે જેમાં ભિન્ન ભિન્ન વિષયની છણાવટ છે તે એક જ પુસ્તકમાં કઇ રીતે મૂકી શકાય ?–આ મુશ્કેલી ઉદ્‌ભવી હશે. અને તેના નિરાકરણ માટે 'મંત્રશક્તિ'નાં એ છેલ્લા પ્રકરણનું શીર્ષક રદ કરી તેને 'કર્મનો ભાર' નામના પેટાવિભાગ સાથે સળંગ લખાણ તરીકે પૂ. સ્વામીજીએ સાંકળી લીધું. પણ તેમ કરતાં 'કર્મનો ભાર' સાથે 'મૂર્તિપૂજાનું રહસ્ય'માં સમાવિષ્ટ પ્રકરણનાં લખાણનું જે સંકલન થયું તે કંઇક અસંબદ્ધ બન્યું; કારણ બંનેનું વિષયવસ્તુ ભિન્ન છે.

આથી ઇ. સ. ૧૯૮૯ માં પ્રગટ થતી આ નવી આવૃત્તિમાં 'મંત્રશક્તિ'ના છેલ્લા પ્રકરણ 'મૂર્તિપૂજાનું રહસ્ય' ને તેમાં ચર્ચેલા વિષયને અનુલક્ષીને 'મૂર્તિપૂજામાં વિધિનું રહસ્ય' એ પ્રમાણેનું નવું શીર્ષક આપવાની જરૂર ઊભી થઇ. કેટલું ઉચિત આ નવું શીર્ષક છે એ તો તજજ્ઞો જ જાણે!

આ સિવાય 'મંત્રશક્તિ' પુસ્તકમાં જે ક્રમમાં લખાણ જુદાજુદા પ્રકરણોમાં વહેંચેલું તેમાં પણ પૂ. સ્વામીજીએ જરૂરી ફેરફાર 'મૂર્તિપૂજાનું રહસ્ય' પુસ્તકની પહેલી આવૃત્તિમાં કરેલા. અને તે ખરેખર ઉચિત અને જરૂરી જણાયા છે. આ ફેરફાર એ છે કે 'મંત્રશક્તિ' અને 'જપ'ને લગતાં પ્રકરણો જે 'મંત્રશક્તિ' પુસ્તકમાં વિષયવસ્તુના ક્રમમાં ન હતા (પ્રકરણ ૧, ૨, ૩), તેને વિષયના અનુસંધાનરૂપે ક્રમમાં ગોઠવવા પ્રકરણ ૧, ૨, ૫ નું લખાણ ક્રમમાં સંકલિત કર્યું અને તેજ રીતે પ્રકરણ ૩, ૪, ૬ નું લખાણ પણ ક્રમમાં લઇ સંકલિત કર્યું.

'મૂર્તિપૂજાનું રહસ્ય' ની પ્રથમ આવૃત્તિમાં સંકલનની કેટલીક ક્ષતિઓથી જે પ્રશ્નો ઉદ્‌ભવે તેમ છે તેને હલ કરવા ઇ. સ. ૧૯૮૯ ની

આ બીજી આવૃત્તિમાં 'મૂર્તિપૂજાનું રહસ્ય' અને 'મંત્રશક્તિ' એ બંને પુસ્તકો એક જ પુસ્તકના અલગ વિભાગમાં સ્વતંત્ર પુસ્તકરૂપે જ પ્રગટ કરેલ છે. છતાં 'મંત્રશક્તિ' પુસ્તકના લખાણની સંકલનામાં જે ફેરફાર પૂ. સ્વામીજીએ 'મૂર્તિપૂજાનું રહસ્ય'માં કરેલ તે જરૂરી હોવાથી આ બીજી આવૃત્તિમાં પણ યથાવત્ રહેવા દીધા છે.

ઇ. સ. ૧૯૫૯ માં પ્રગટ થયેલ 'મૂર્તિપૂજાનું રહસ્ય'માં ત્રણ પરિશિષ્ટો (૧) ભક્ત અને ભગવાનનો સંબંધ. (૨) નામજપનું રહસ્ય. (૩) નવી શરૂઆત, પણ ઉમેરેલાં. ઇ. સ. ૧૯૮૯ ની આ બીજી આવૃત્તિમાં 'મૂર્તિપૂજામાં આરતીનું રહસ્ય' નામનું ચોથું પરિશિષ્ટ, પૂ. સ્વામીજી લિખિત 'દેશ અને કાળ' પુસ્તકના લખાણમાંથી તૈયાર કરીને મૂક્યું છે. તે એ હેતુથી કે આ પુસ્તકના 'આરતી' પ્રકરણ વિષે તેમાં કેટલાક વિશિષ્ટ વૈજ્ઞાનિક મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે.

આ સિવાય 'મંત્રશક્તિ' પુસ્તકમાં પૃષ્ઠ ૩૧ ઉપર આપેલી આકૃતિ, 'મૂર્તિપૂજાનું રહસ્ય'ની ઇ. સ. ૧૯૫૯ ની પ્રથમ આવૃત્તિમાં કોઇ પણ કારણસર મૂકાયેલ નહીં. તે આકૃતિનો આ બીજી આવૃત્તિમાં સમાવેશ કર્યો છે. કારણકે તે વગર 'સાતલોકનું દર્શન' એ પ્રકરણમાં 'અહંકાર ઉપર જાય કે નીચે જાય' તેનાથી શું પરિણામ આવે આ આખો મુદ્દો સમજવો કઠિન જ નહીં, અસ્પષ્ટ બની જતો હતો.

પૂ. સ્વામીજીના લખાણમાં કે તેમણે કરેલ ફેરફારોમાં કોઇ ફેરફાર કે વધઘટ ન કરવા એ સિદ્ધાંતિક બાબત હોવાથી આ નવી આવૃત્તિમાં 'મંત્રશક્તિ'ના છેલ્લા પ્રકરણમાં આવેલા લખાણનો કેટલોક ભાગ 'મૂર્તિપૂજાના રહસ્ય'ની પ્રસ્તાવનામાં પુનઃ રજૂ થયો છે; છતાં તે જેમ છે તેમ રહેવા દીધેલ છે કારણ બંને સ્થળે રજૂ થયેલ સિદ્ધાંત એક જ હોવા છતાં તેના વિનિયોગનું ક્ષેત્ર ભિન્ન હોવાથી ફલિત થતી બાબતો પણ ભિન્ન ભિન્ન છે. અને તેથી પુનરૂક્તિદોષને બદલે એક જ સિદ્ધાન્તના વિભિન્ન વિનિયોગનું ઉદાહરણ પૂરું પાડે છે, જે ઉચિત છે.

આ પુસ્તકની આગલી આવૃત્તિમાં પુષ્કળ મુદ્રણદોષ હતા અને તે બધા વિદુષી અધ્યાપિકા બહેનશ્રી શ્રી રક્ષાબહેન દવેએ સુધારી આપ્યા છે. છતાં એક બે ઠેકાણે–દા. ત. ગંજીપો–(ફારસી માફક ગુજરાતીમાં પણ 'ગંજીફો' શબ્દ જ, કોષ મુજબ સાચો છે) જેવા શબ્દોમાં જોડણી દોષ હોવા છતાં, બોલચાલની ભાષામાં 'ગંજીપો' શબ્દ 'ચલણ'માં હોવાથી યથાવત્ રહેવા દીધો છે. એ જ રીતે "જપથી રોગ પણ સારા થાય છે" (પાનું ૧૩૬, લીટી ૨૨) વાક્ય ખરેખર તો "જપથી રોગી પણ સારા થાય છે" તેમ જોઈએ પણ તેવા વાક્યપ્રયોગોને "લક્ષણાથી ગ્રહણ કરવાના" અત્રે સૂચન કરવા સાથે યથાવત્ રહેવા દીધા છે.

'મંત્રશક્તિ'થી લઈને 'મૂર્તિપૂજાનું રહસ્ય'ની પ્રથમ તથા આ દ્વિતીય આવૃત્તિ સુધીની તમામ આવૃત્તિઓનાં લખાણની સંકલના પરત્વેની ચર્ચા અત્રે એ માટે રજૂ કરવી જરૂરી બની છે કે કોઈ વિચારશીલ વાચકને દરેક આવૃત્તિમાં થયેલ ફેરફારનાં કારણ, પરિણામે અને હેતુની માહિતી મળે તો આ બીજી આવૃત્તિનાં સંકલનમાં જે કંઈ ફેરફારો થયા છે તેનું ઔચિત્ય સમજાય અને તો ભવિષ્યમાં ભૂલથી પણ કોઈ અનુચિત ફેરફારો, પાછલી આવૃત્તિની નકલ કરવા જતાં કે અન્ય કોઈ પણ કારણે કોઈ કરવા ન પ્રેરાય.

* * * *

સિવાય એક બાબત એ સ્પષ્ટ કરવી જરૂરી બને છે કે પૂ. સ્વામીજીએ જે વૈજ્ઞાનિક અભિગમથી 'મૂર્તિપૂજા'ને સમજાવવા પ્રયાસ કર્યો છે તેમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓને સાબિતી [Proofs]રૂપે મૂકવાને બદલે ઉપમાન [Analogy] પ્રમાણ તરીકે તે વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો વિનિયોગ કરવાની પદ્ધતિ અને શૈલી પૂ. સ્વામીજીની રહેલ હોય તેમ મહદ્અંશે બન્યું છે. અંગ્રેજી તર્કશાસ્ત્રમાં તેને Analogyથી સમજાવવાનો પ્રયાસ કહે છે. ઉપમાન પ્રમાણનો એક મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે તેમાં માત્ર જે 'અંશ'ને સરખાવવાનો હોય તેટલા અંશમાં જ સાદૃશ્યતા હોવી જરૂરી છે. આથી આ વૈજ્ઞાનિક

પ્રમાણો સંપૂર્ણરીતે 'મૂર્તિપૂજા'ને લાગુ કેમ ન થઈ શકે તેવો પ્રશ્ન અસ્થાને છે.

આજે જ્યારે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા લોકો મૂર્તિપૂજાને માટે વૈજ્ઞાનિક આધાર માંગે છે ત્યારે 'મૂર્તિપૂજા' એ પ્રતીક [Symbol]ની પૂજા છે અને તેનું વૈજ્ઞાનિક રહસ્ય સાપેક્ષવાદ તથા તરંગવાદના સિદ્ધાંતોનો [Analogy]તરીકે વિનિયોગ કરીને પૂ. સ્વામીજીએ સમજાવવા પ્રયાસ કરેલ છે. પણ વાચકોએ Analogyનું ઉપર જણાવેલ ક્ષેત્ર અને મર્યાદા સમજી લેવાં જોઈએ.

પ્રાચીન તેમજ અર્વાચીન યુક્તિઓ [Proofs], શાસ્ત્રપ્રમાણ અને સત્ય ઘટનાત્મક બનાવો કે જે અનુભવનો નિર્દેશ કરે છે–તેના સમર્થનવાળું આ 'મૂર્તિપૂજાનું રહસ્ય' પુસ્તક માત્ર સાબિતીઓ આપનાર તર્કનું જ પુસ્તક નથી પણ બૌદ્ધિક સમજણ અને સ્પષ્ટતા આપવા ઉપરાંત અનુભવને માર્ગે આગળ વધવાની પ્રેરણા અને માર્ગદર્શન પણ પૂરું પાડે છે.

આશા છે, ભાવિકો આ પુસ્તકનાં વાંચન–મનનદ્વારા સમજણ કેળવી, આચરણદ્વારા અધ્યાત્મયાત્રામાં આગળ વધશે. એ યાત્રામાં ઈશ્વર અને ગુરુદેવના આશીર્વાદ ઉતરો એ જ અભ્યર્થના!

તા. ૨૩–૧૦–૮૯ સંપાદક

મૂર્તિપૂજાનું રહસ્ય

પ્રકરણ ૧

મૂર્તિપૂજાનું રહસ્ય

મૂર્તિઓ ઘણા પ્રકારની હોય છે તેમાં નીચે પ્રમાણે મુખ્ય આઠ પ્રકાર છે:–

૧. પથ્થરની

૨. લાકડાની

૩. ધાતુની

૪. ચંદન વગેરે લેપની

૫. ચિત્રવાળી

૬. માટીની

૭. મનોમય

૮. મણિમય, અથવા સ્ફટીકની.

ઉપરની મૂર્તિઓમાં પણ બે પેટા ભાગ હોય છે:–

૧. પ્રતીકવાળી જેમકે, શંકરનું લિંગ અથવા વિષ્ણુ માટે શાલિગ્રામ.

૨. પ્રતિમાવાળી, તેમાં મૂર્તિનાં હાથ, પગ, મુખ, આંખો વગેરે જણાય છે.

મૂર્તિની પૂજા કરનાર તે મૂર્તિ કેવી રીતે બની તેનો

વિચાર કરતો નથી અને તે બાબતનો વિચાર કરવાની તેને જરૂર પણ નથી. તે એટલું જાણે છે કે સામે દેખાતી મૂર્તિ એ મારા ઈષ્ટ દેવ છે.

મૂર્તિપૂજાની વિરુદ્ધમાં આંદોલન ખાસ કરીને આર્ય સમાજવાળાએ ઉપાડેલ છે, છતાં તેમના ધર્મગુરુ ઋષિ દયાનંદ સરસ્વતીના ફોટાનું કોઈ અપમાન કરે તો તે સહન કરી શકતા નથી. તેમનું માનવું એ છે કે મૂર્તિપૂજા વેદમાં કહેલી નથી. વેદમાં તેને બદલે યજ્ઞ કરવાનું કહેલું છે, તેથી આર્ય સમાજવાળા યજ્ઞ ઉપર વધારે ધ્યાન આપે છે, તે યજ્ઞને મૂર્તિ માને છે અને તે વેદોક્ત મંત્રો પ્રમાણે થવો જોઈએ.

મુસલમાનો પણ મૂર્તિપૂજાને માનતા નથી છતાં તેમની મસ્જિદને કોઈ નુકસાન કરે તો હુલ્લડ થાય છે. એ દશામાં આખી મસ્જિદ એ એક જાતની મૂર્તિ બને છે. વળી તેઓ દરેક મરેલા શરીરને દાટે છે, તેના ઉપર કબર કરે છે અને જાણે કે તે જીવ કબરમાં જીવતો હોય તેવી રીતે કબરની પૂજા કરે છે. એ પણ એક પ્રકારની મૂર્તિપૂજા છે.

ખ્રિસ્તીઓ ક્રાઈસ્ટના ક્રોસને મૂર્તિ તરીકે માને છે અને દરેક દેવળમાં ક્રોસ રાખે છે.

જૈન ધર્મમાં સ્થાનકવાસીઓ મૂર્તિપૂજામાં માનતા નથી પણ દેરાવાસીઓ મૂર્તિપૂજામાં માને છે.

પારસીઓ અગ્નિને અને સૂર્યને ભગવાનની મૂર્તિ માને છે.

બુદ્ધ ધર્મવાળા બુદ્ધની મૂર્તિની પૂજા કરે છે.

ઋષિ દયાનંદ સરસ્વતીએ નાની ઉંમરમાં ટંકારામાં એક શંકરના મંદિરમાં એક ઉંદરને શંકરના લિંગ ઉપર પેશાબ કરતો જોયો તે ઉપરથી તેમની શ્રદ્ધા મૂર્તિ ઉપરથી હઠી ગઈ. તેમને એમ લાગ્યું કે જો મૂર્તિમાં ચૈતન્ય હોય તો ઉંદર એવું કામ કરી શકેજ નહિ; પણ એ પ્રસંગે એમ સમજવું જોઈએ કે તે ઉંદર અને શંકરના લિંગ વચ્ચેનો સંબંધ હતો. ઉંદરને ખબર નહોતી કે તે શંકરનું લિંગ છે. કોઈ માણસ એવું કરે નહિ. ઉંદરનો ધર્મ માણસને લાગુ કરી શકાય નહિ.

કોઈ માખી મૂર્તિ ઉપર બેસીને મૂર્તિને ખરાબ કરે તો તેથી તે મૂર્તિ અપૂજ્ય થતી નથી. તે માખી અને મૂર્તિની વચ્ચેનો સંબંધ છે.

મુસલમાની રાજ્યમાં કેટલાક મુસલમાનોએ પણ કેટલીક હિંદુઓની મૂર્તિઓ તોડી નાંખી છે, તે પણ મુસલમાનોને અને મૂર્તિ વચ્ચે માયાવાળો સંબંધ હતો. તેમને તે મૂર્તિઓ પથ્થરની લાગી હતી.

જયપુરમાં જે હિંદુ કારીગરો મૂર્તિઓ ઘડે છે તેમને પણ તે પથ્થર લાગે છે. તેઓ પણ તે પથ્થરને ભાંગે છે; તેમનો સંબંધ મૂર્તિની સાથે તે પ્રકારનો હોય છે. તેઓ તે મૂર્તિને ઘડે છે, વેચે છે અને તેના પૈસા તેમની મહેનત પ્રમાણે લે છે. મૂર્તિઓ દુકાનમાં આવ્યા પછી દુકાનદારને પણ તે મૂર્તિના વેચાણના પૈસા જેટલો સંબંધ રહે છે. તે દુકાનમાં રાખેલી બધી મૂર્તિઓની પૂજા કરતો નથી. પછી કોઈ ગ્રાહક તે વેપારીની પાસેથી એક મૂર્તિ પોતાને ઘેર પૂજા માટે લઈ જાય છે અથવા કોઈ ગામમાં જાહેર મંદિરમાં પધરાવવા માટે લઈ જાય છે. તે

વખતે તેને તે મૂર્તિ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ હોય છે. જાહેર મંદિરોમાં લોકો તરફથી પૂજારી રાખીને મૂર્તિ–પૂજા કરાવવામાં આવે છે.

જેમ આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વીની ઉત્પત્તિ થાય છે તેમ ઊલટી રીતે પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ થાય છે. તે ક્રમ મૂર્તિપૂજામાં દેખાય છે.

મૂર્તિપૂજાની પ્રતિષ્ઠા કરાવ્યા પહેલાં તેને થોડા દિવસ જળમાં ડુબેલી રાખવામાં આવે છે. તે વખતે તે જળમય થઇ જાય છે એવું માનવામાં આવે છે; પછી શાસ્ત્રની વિધિ પ્રમાણે તેની પ્રાણ–પ્રતિષ્ઠા કરવામાં આવે છે. તે વખતે મૂર્તિમાં પ્રાણ ચાલુ થાય છે એમ માનવામાં આવે છે. તે પછી તેની રોજ આરતી કરવામાં આવે છે અને તેને ભોગ ધરવામાં આવે છે. તે વખતે મૂર્તિ તેજોમય થાય છે, પછી તેને ચમ્મરથી વાયુમય અને ઘંટાના નાદથી શબ્દમય કરવામાં આવે છે.

મૂર્તિપૂજામાં ખાસ ધ્યાનમાં રાખવાની વાત અંગન્યાસ અને કરન્યાસની છે. તે કરવાથી પૂજા કરનારનું શરીર અને મન શુદ્ધ થાય છે. તેવી શુદ્ધિ કર્યા વગર મૂર્તિપૂજાનું ખરું ફળ મળશે નહિ. શાસ્ત્રમાં કહેલ છે કે देवो भूत्वा देवं यजेत् એટલે દેવ થઈને દેવનું પૂજન કરવું. પ્રાણાયામ આવડતો હોય તો પ્રાણાયામ કરીને પ્રાણની શુદ્ધિ કરવી અને ધ્યાન આવડતું હોય તો ધ્યાન કરીને મનની શુદ્ધિ કરવી. પછી તન્મય ભાવથી દેવનું આવાહન કરીને તેમને પ્રતિમામાં સ્થાપિત કરવા. એવી રીતે મૂર્તિ પૂજાને યોગ્ય થાય છે, અને તે મનોમય બને છે.

મૂર્તિપૂજાનું રહસ્ય પહેલાં બ્રહ્માએ તેના પુત્રો ભૃગુ વગેરેને સમજાવ્યું હતું અને શંકરે પાર્વતીજીને સમજાવ્યું હતું. બધા

વર્ણવાળાને અને બધા આશ્રમવાળાને તે ઉપયોગી છે તેમજ સ્ત્રીઓને માટે અને શૂદ્રોને માટે પણ કલ્યાણકારી છે. જેમ પ્રતિમામાં પૂજા થાય છે, તેમ ચબૂતરામાં ચણ નાંખવાથી, અગ્નિમાં ઘી નાંખવાથી, સૂર્યને અર્ઘ્ય આપવાથી અને જળમાં તર્પણ આપવાથી પણ પૂજા થાય છે.

મૂર્તિપૂજામાં ત્રણ પ્રકારની વિધિ હોય છે. તેને વૈદિક, તાંત્રિક અને મિશ્ર કહે છે. ઘણે ભાગે ઘણે ઠેકાણે મિશ્ર વિધિ ચાલે છે. તાંત્રિક વિધિનો અર્થ એ છે કે ક્રિયાથી જડને ચેતન બનાવવું. વૈદિક વિધિમાં મંત્રથી અને ધ્યાનથી અથવા જ્ઞાનથી જડને ચેતન માનવામાં આવે છે.

મૂર્તિને ચિત્રની માફક જોવાની નથી, પણ જે દેવની પ્રતિમા હોય તેનું જ્ઞાન પૂજા કરનારામાં હોવું જોઈએ. શ્રીકૃષ્ણની પ્રતિમાની પૂજા કરવી હોય તો તેમના ગુણનું જ્ઞાન જોઈએ, રામ અથવા શંકરની પૂજા કરવી હોય તો તેમના ગુણનું જ્ઞાન જોઈએ, જેવું જ્ઞાન હશે તેવું જ્ઞેય દેખાશે, તેથી જ્ઞાન ઉપર ઘણો આધાર છે. જ્યારે મૂર્તિપૂજા શરૂ થાય ત્યારે દિગ્બંધ પણ કરવો જોઈએ એટલે તે જગ્યામાં બીજા કોઈ આવીને નકામો ઘોંઘાટ કરે નહિ અને તે જગ્યાએ ઇષ્ટદેવ તેના પાર્ષદો સહિત અને શક્તિ સહિત આવે તેવી ભાવના કરવી, અને એ ભાવની વિચ્છિત્તિ થવા દેવી નહિ. એમ સમજવું કે પૂજા વખતે મૂર્તિનું સ્વરૂપ પૂજાદ્વારા દૈવી બનાવવાનું છે અને વચલી જગ્યા દૂર કરીને ભક્ત અને ભગવાનની એકતા કરવાની છે. તે વખતે ભક્ત અને ભગવાન મળીને એક ક્ષેત્ર ઉત્પન્ન થશે અને પછી ત્યાં ક્ષેત્રના ધર્મ લાગુ થશે, એટલે પૂજા કરનારો જીવ તે ક્ષેત્રના

વાતાવરણ પ્રમાણે રહેશે અને ભગવાનની મૂર્તિને પણ તે ક્ષેત્રના ધર્મ લાગુ થશે.

થોડીવાર માટે જે માટીની પ્રતિમા કરવામાં આવે છે તેમાં દેવનું આવાહન તથા વિસર્જન બન્ને કરવાં જોઇએ. લેપવાળી અથવા ચિત્રવાળી પ્રતિમામાં ફક્ત માર્જન કરવું. પ્રતિમાઓને સ્નાન કરાવવું. પૂજા માટે જે સામગ્રી મળી જાય તેનાથી નિષ્કપટ ભાવે શ્રાદ્ધા સહિત પૂજા કરવી. મનોમયી પૂજા કરવી હોય ત્યારે મનોમયી સામગ્રીથી માનસિક ઉપાસના કરવી (ભાગવત ૧૧–૨૭–૧૫).

પૂજામાં બધો આધાર ભક્તની તન્મયતા ઉપર છે અને નિત્ય ક્રિયા ઉપર છે. જો થોડા દિવસ પૂજા કરીને છોડી દેવામાં આવશે તો તેનું ફળ મળશે નહિ, તેથી મૂર્તિમાં શ્રાદ્ધા ન હોય તેણે મૂર્તિપૂજા શરૂ કરવી નહિ. મૂર્તિ એ સામે દેખાતી કોઇ જુદી વસ્તુ નથી પણ ભક્ત અને ભગવાનનો સંબંધ છે અને તે સંબંધીવાળી વસ્તુ છે. મૂર્તિને આકર્ષક બનાવવા માટે તેને સારો શૃંગાર (કપડાં, ઘરેણાં વગેરે) પહેરાવવો. જો કોઇ ઘરમાં માણસો સોનાના દાગીના પહેરતા હોય તો મૂર્તિને માટે પિત્તળના દાગીના ચાલે નહિ. ઘરમાં રેશમી કપડાં પહેરાતાં હોય તો મૂર્તિને માટે સૂતરનાં કપડાં ચાલે નહિ. ઘરમાં સારું ઘી વપરાતું હોય તો મૂર્તિને માટે વનસ્પતિનું ઘી ચાલે નહિ, મૂર્તિને સાચા દેવ તરીકે માનવી જોઇએ.

પોતાના માટે ઉનાળામાં પંખો જોઇએ તો મૂર્તિને માટે પણ પંખો રાખવો જોઇએ. શિયાળામાં પોતાને માટે સગડી જોઇએ તો મૂર્તિને માટે પણ સગડી જોઇએ. એક માણસે

સોનાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી પણ તે સોનું દેખતો હતો, કોઇ લઇ ન જાય તેથી તેને તે તિજોરીમાં રાખતો હતો પણ તિજોરીમાં જેમ માણસના પ્રાણ ચાલે નહિ તેમ મૂર્તિના પ્રાણ પણ ચાલે નહિ. એવા સંજોગોમાં સોનાની મૂર્તિને બદલે આરસની મૂર્તિ રાખવી એ વધારે સારું છે.

માણસને જમવા માટે ૨૦ મિનિટ લાગે છે પણ કેટલાક માણસો મૂર્તિને ભોગ લગાવીને તરત થાળી ઉપાડી લે છે. તે રિવાજ પણ ઠીક નથી. જેટલો વખત માણસને જમતાં લાગે છે તેટલો વખત મૂર્તિને જમવા માટે આપવો જોઇએ. વળી જે ચીજો થાળીમાં મૂકી હોય તે થાળી પાછી લેતી વખતે જોવી જોઇએ અને તેમાંથી કાંઇ ચીજ ઓછી થાય તો એમ જાણવું કે ભગવાને જમવાનું શરૂ કરેલ છે અને તેની સેવા સ્વીકારેલ છે.

સર્વ વ્યાપક ભગવાનની પૂજા કરવી મુશ્કેલ છે. ગરીબ માણસોને ભગવાન માનીને તેની સેવા કરીએ તો પણ બીજા પ્રાણીઓ બાદ થઇ જાય છે, તેથી વ્યાપક ભગવાનને એક જગ્યાએ લાવીને તેની મૂર્તિ કરીને પૂજા કરવાથી સેવા થઇ શકે છે. વળી માણસોના શરીરની અંદરથી ઝાડો પેશાબ નીકળે છે. માણસો પરસ્પર લડે છે તેથી તેમને ભગવાન માનવા મુશ્કેલ છે; પણ મૂર્તિમા એવું કશું નથી. છોકરાંને ભગવાન માનીને સેવા કરવાથી, છોકરાં જ્યારે અંદર અંદર લડે ત્યારે ભગવદ્‌ભાવ રહેતો નથી. મૂર્તિઓ એવી રીતે લડતી નથી, તેથી ભગવદ્‌ભાવ ટકી રહે છે. મ. ગાંધીજીની ઇચ્છા બધામાં ભગવાન જોવાની હતી પણ જ્યારે તેમણે હિંદુ–મુસલમાનની વચ્ચે હુલ્લડ જોયાં ત્યારે તેમને આ જગત સમજાણું નહિ. એક

ભગવાન બીજા ભગવાનની સાથે કેમ લડે છે તે તેમને સમજાયું નહિ. બિલાડી અને ઉંદર બન્નેમાં ભગવાન છે, છતાં બિલાડી ઉંદરને વગર વાંકે કેમ મારી નાંખે છે તે માયા સમજવી બહુ મુશ્કેલ છે. મૂર્તિપૂજામાં એવા દોષ નજરે પડતા નથી.

વળી ભક્તો મૂર્તિને વિગ્રહ માને છે, જેનું વિશેષ ભાવથી ગ્રહણ થાય તેને વિગ્રહ કહે છે. વિશેષભાવે મૂર્તિમાં ભગવાનનાં દર્શન કરવા માટે ભક્ત અને ભગવાનનો સંબંધ ઠીક કરવો જોઈએ.

દેશ–નેતાઓની મૂર્તિ અથવા બાવલા તૈયારી કરાવીને માણસો જાહેર જગ્યામાં મૂકે છે. નેતાઓ ચાલ્યા જાય છે પણ તેના ગુણ યાદ રાખવાને માટે તેમની ખાંભીઓ અથવા તેમનાં બાવલાં બનાવીને મૂકવામાં આવે છે. તે તેમનું જીવન યાદ રાખવા માટે હોય છે, અને તે પાછળની પ્રજાને ઉત્સાહ આપે છે. તે બધા રૂપક છે અને તેમાં અર્થવાદ (Meaning) રહેલો હોય છે. ધજા અથવા રાજ્યનો ઝંડો (વાવટો) પણ મૂર્તિ છે.

મૂર્તિપૂજા વખતે પૂજા કરનારે સ્નાન કરી પવિત્ર થઈ પૂજન સામગ્રી એકત્ર કરી પૂર્વ તરફ અથવા ઉત્તર તરફ મુખ રાખી બેસવું અથવા સ્થિર પ્રતિમા હોય તો તેના સન્મુખ દર્ભનું આસન રાખી બેસવું, પછી અંગન્યાસ અને કરન્યાસ કરીને પહેલાના દિવસે મૂર્તિને ચડાવેલ ફૂલ વગેરે હઠાવી મૂર્તિનું માર્જન કરવું, તે પછી કળશ અને બીજાં પાત્રોનો સંસ્કાર કરવો, એટલે જળ છાંટીને પૂજાનું સ્થાન, સામગ્રી અને પોતાના શરીરને શુદ્ધ કરવું. એક પાત્રમાં દૂધ વગેરે રાખવાં, બીજામાં

તુલસી, બીલી, ગંધ, પુષ્પ, જવ, કુશ, તલ, વગેરે રાખવાં, મંત્રથી દેવનું આહ્‌વાહન કરવું, પછી હૃદયકમળમાં ભગવાનની ભાવના કરવી અને ઉપર કહ્યું તેમ મૂર્તિમાં દેવની સ્થાપના કરવી, પછી ભગવાનનાં સુદર્શન ચક્ર વગેરે આયુધની સ્થાપના કરવી, અને દેવગણ અને પાર્ષદને આમંત્રિત કરી તેની સ્થાપના કરવી, પછી ભજન કરવા. તે પછી યજ્ઞ કરવો અને ઘીમાં બોળેલ સમિધાઓની આહુતિ આપવી, અંતમાં પુષ્પાંજલિ દ્વારા પૂજન કરવું.

મૂર્તિપૂજા એ એક જાતની સાત્ત્વિક માયા છે. સાધારણ સંસારી નામ અને રૂપની માયામાં ફસી ગયેલ માણસોને માટે ભગવાનનું રૂપ અને ભગવાનનું નામ ગ્રહણ કરવાથી રજોગુણી નામ અને રૂપથી છૂટી શકાય છે. જેમ જમીન ઉપર પડી ગયેલ માણસ જમીનનો આધાર લઈને ઊઠે છે તેમ નામ અને રૂપમાં પડેલો માણસ દિવ્ય નામ અને રૂપના આધારથી ઊઠે છે. જે ઈન્દ્રિયોને સાધારણ રીતે વશ રાખવી મુશ્કેલ પડે છે તેમને ભગવાનના કામમાં લગાડવાથી તે શુદ્ધ થાય છે.

મૂર્તિપૂજા એ એક સાધન છે, એક પ્રકારનું રૂપક છે, તે દ્વારા ભગવાનને ઓળખવાના છે. જે માણસ માત્ર મૂર્તિપૂજામાં અટકી જાય છે અને બધામાં ભગવાનને જોઈ શકતો નથી તેને શાસ્ત્રમાં ગધેડાની ઉપમા આપેલી છે. ખરું લક્ષ્ય સર્વાત્મભાવ ઉત્પન્ન કરવાનું હોવું જોઈએ. તેથી પૂજા કરનારે ભગવાનની કથાઓ સાંભળવી જોઈએ અને કરવી જોઈએ, અને ભગવાનની મૂર્તિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી કહેવું કે "હે પ્રભુ! પ્રસન્ન થાઓ" એમ કહી મસ્તક ભગવાનના

ચરણમાં રાખવું અને ડાબે હાથેથી ભગવાનના ડાબા પગને સ્પર્શ કરવો અને જમણા હાથથી ભગવાનના જમણા પગને સ્પર્શ કરવો, પછી ભગવાનને અર્પણ કરેલી માળા પ્રસાદ રૂપથી આદર પૂર્વક ગ્રહણ કરી પોતાના મસ્તક ઉપર રાખવી, અને મૂર્તિનું વિસર્જન કરવું હોય ત્યારે તેમાં સ્થાપિત જ્યોતિને પોતાના હૃદયની જ્યોતિમાં લીન કરવી.

કોઈ ધનવાન માણસ હોય તો તેણે ગામમાં દેવાલય બંધાવવું અને તેમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવવી, કારણકે ઘણા માણસો પોતાને ઘેર મૂર્તિપૂજા રાખી શકતા નથી અથવા પૂજા કરી શકતા નથી. તેમને માટે જાહેર દેવાલયમાં જઈ દર્શન કરી પવિત્ર થવું વધારે સારું છે. આ પ્રમાણે ગામની ભક્તિ પણ વધે છે. વળી એવાં મંદિરોમાં પર્વ-દિવસોએ ઉત્સવ કરી શકાય તેટલા માટે બગીચા, ખેતર વગેરે રાખવાં અને તેની આવક તે કામમાં વાપરવી. શ્રીમદ્‌ભાગવતમાં કહેલ છે કે આવી રીતે ગામની ભક્તિ વધારવાનાં સાધન જે કરે તેને ભગવાનની માફક ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે (૧૦-૧૭-૫૧). પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાથી સાર્વભૌમ રાજ્ય, દેવાલય બનાવવાથી ત્રણ લોકનું આધિપત્ય એટલે ઈન્દ્રપદ, પૂજા કરવાથી બ્રહ્મલોક અને તે ત્રણ કર્મ કરવાથી ભગવાનના જેવી સમાનતા મળે છે. જે માણસ કોઈ દેવ મંદિરની અથવા કોઈ બ્રાહ્મણની ચાલુ વૃત્તિ હરી લે તો તેને પાપ લાગે છે. (૧૦-૨૭-૫૪).

જે મંડલેશ્વર સંન્યાસીઓ આશ્રમો કરી, સત્સંગ દ્વારા ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કરે છે તેમને પણ ભક્તિ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. તેઓ પણ સામાન્ય માણસો માટે મંદિરો રાખે છે.

બધાં રૂપમાં જોનારની ભાવના ભળી જાય છે. જેમ સંસારના રૂપમાં એવું થાય છે તેમ ભગવાનની મૂર્તિના દર્શન વખતે પણ એવું થાય છે. કોઈપણ રૂપ જોવામાં જોનારની આંખમાંથી નીકળતું તેજ મુખ્ય કામ કરે છે. આંખમાં તેજ ન હોય તો રૂપ દેખાતું નથી, તો પણ કેટલાક ભાવિક અંધ ભક્તો મંદિરમાં દર્શન કરવા માટે જાય છે. એક માણસે એવા એક અંધ માણસને મંદિરની અંદર પૂછ્યું કે "તમને તો ભગવાનનાં દર્શન થતાં નથી" ત્યારે તેણે જવાબ આપ્યો કે "મને મૂર્તિ દેખાતી નથી પણ મૂર્તિ મને જુએ છે, હું આંહીં દર્શને આવ્યો તેની ખબર મૂર્તિને પડી જાય છે." મૂર્તિના દર્શનમાં આવી શ્રદ્ધા જોઈએ. મૂર્તિને ભોગ ધરાવ્યા હોય અને મૂર્તિ તે જમે નહિ તો પણ ભક્તે એમ માનવું કે ભગવાન તો જમે છે પણ હું તે જોઈ શકતો નથી.

સાચા ભક્તને મૂર્તિ જીવતી લાગે છે, પોતામાં પણ ચેતન છે તેથી બન્ને ચેતનની એકતા થાય છે અને મૂર્તિની પૂજા દ્વારા નવા અનુભવ મળે છે. જ્યારે ભક્તનું દર્શન ફરે છે ત્યારે બહાર જગતમાં નવા નવા અનુભવ મળે છે. કોઈ વાર તેને ભગવાનનો વિયોગ લાગે છે અને પછી સંયોગનું સુખ મળે છે ત્યારે ઘણો આનંદ આવે છે. તેથી પોતાની પૂજા છોડવી નહિ. એક મહારાષ્ટ્રના ભક્ત ગુરુ દત્તાત્રેયના ફોટાની પૂજા કરતા હતા અને દત્તાત્રેયનો જપ કરતા હતા. કેટલાંક વર્ષ પછી તેમને શ્રી દત્તાત્રેયનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં. જો બધામાં ચેતન રહેલું છે તો મૂર્તિમાં પણ ચેતન છે. તેમાં જડપણું અધ્યસ્ત છે, તે અધ્યાસ પૂજાથી અને મંત્રથી અને સ્તુતિથી નીકળી જાય છે.

પછી તે મૂર્તિ એક ચિન્મય વિગ્રહ લાગે છે. તેમાં સેવાના પ્રકાર ઉપર અને ભાવ ઉપર ઘણો આધાર છે.

ભક્તને ભગવાનનું જ્ઞાન મેળવવાની બહુ ઇચ્છા નથી પણ ભગવાનના પ્રેમની ઇચ્છા રહે છે. પ્રેમમાં કાંઇક ક્રિયા જોઇએ અને કાંઇક સંબંધ જોઇએ. તે માટે મૂર્તિ–પૂજાથી ઠીક શરૂઆત થઇ શકે છે, પણ મૂર્તિ એ પ્રેમમાં નિમિત્ત કારણ છે, ઉપાદાન કારણમાં ભક્તની ભાવના રહેલી હોય છે. જ્ઞાન માર્ગમાં જ્ઞાન થયા પછી પ્રેમ થાય છે. ભક્તિમાર્ગમાં પ્રેમ થયા પછી જ્ઞાન થાય છે. સર્વ વ્યાપક ભગવાનના ઉપર બધાનો અધિકાર છે પણ સાકાર ભગવાન ઉપર બધાનો અધિકાર નથી. એ તો જે પૂજા કરે તે ભક્તના ભગવાન છે. વ્યાપક તેજ ઉપર બધાનો અધિકાર રહે છે પણ વીજળીના તેજ ઉપર કોઇ વ્યક્તિનો અધિકાર રહે છે. ભગવાન નિરાકાર છે છતાં સાકાર બની શકે છે. સો ટચનું સોનું બહુ નરમ હોય છે તેમાંથી ઘાટ થતો નથી પણ તેમાં ત્રણ ટકા જેટલું ત્રાંબું અથવા રૂપું ભેળવવામાં આવે તો તેનાથી ઘાટ ઉત્પન્ન થાય છે. તેવીજ રીતે શુદ્ધ ચૈતન્યમાં ભક્તની ભાવના ભળે તો તેમાંથી સાકાર ભગવાન પણ ઉત્પન્ન થાય છે.

ભક્ત ભક્તિથી મૂર્તિને નવી બનાવી દે છે. પોતાને પણ નવો બનાવે છે. તેનું જગત પણ ફરી જાય છે. તે નવા બનાવેલ જગતમાં રહે છે. રાજા એક દેશમાં રહે છે. છતાં તેની સત્તા આખા રાજ્યમાં કામ કરે છે, તેવી જ રીતે ઈશ્વર એક જગ્યાએ આવે તો પણ તેની સત્તા આખા બ્રહ્માંડમાં રહે છે.

ભગવાન અને જીવના લક્ષ્યાર્થમાં એકતા છે પણ તેની

શક્તિમાં ફેર છે. જ્ઞાની દુઃખ સહન કરે છે, ભક્તનાં દુઃખ ભગવાન દૂર કરે છે કારણ કે ભક્ત ભગવાનને સર્વ શક્તિમાન માને છે. જ્ઞાનમાં શ્રુતિનું પ્રમાણ રહે છે. ભક્તિમાં ભગવાનનું સ્મરણ એ પ્રમાણ રહે છે. એ સ્મરણ ચાલુ રહે એટલા માટે બ્રાહ્મણો ત્રણ વખત સંધ્યા કરે છે. મુસલમાનો પાંચ વખત નિમાજ પઢે છે અને વૈષ્ણવોના મંદિરમાં આઠ વખત ભગવાનનાં દર્શન થાય છે. બહુ કોમલ હૃદયમાં આત્મ–વિચાર ટકતા નથી તેમને ભગવાનનાં દર્શનની ઇચ્છા રહ્યા કરે છે. તેમને માટે મૂર્તિ–પૂજા અથવા સમાજ સેવા અથવા દેશ સેવા સારી છે. જેનું હૃદય કોમળ ન હોય તેનામાં ભાવની સ્થિરતા રહેતી નથી તેથી તે ભક્તિ કરી શકતા નથી પણ વિચાર કરી શકે છે. ભક્તિમાં અને પ્રેમમાં આનંદના તરંગો ઉત્પન્ન થાય છે. જ્ઞાની આનંદમાં ડૂબીને રહે છે.

જેનામાં તત્ત્વનો વિવેક કરવાની શક્તિ હોય તેનામાં ભાવ ઉત્પન્ન થશે નહિ, અને ભાવવાળાને તર્ક કરવા ગમશે નહિ. મૂર્તિ–પૂજા ભાવવાળાને માટે છે. તર્કવાળાને માટે મૂર્તિ–પૂજા ઉપયોગી નથી. ભક્તિમાર્ગમાં ભાવ એ જ સાધન છે અને ભાવ એજ ફળ છે.

સ્ત્રીનું શરીર કેટલું ગંદું છે, છતાં પુરુષની ભાવનાથી તે કેટલું સુંદર બની જાય છે. ભગવાનની મૂર્તિ ગંદી નથી તો ભક્તની ભાવનાથી તે સુંદર કેમ ન બની જાય! ગીતામાં ભગવાન અર્જુનને કહે છે કે "તું સર્વ ભાવથી મારે શરણે આવ."

પ્રકરણ ૨

પ્રાર્થના

જેમ ભગવાનનો વિગ્રહ (મૂર્તિ) ભક્તની દૃષ્ટિમાં જડ નથી તેમ ભગવાનનું નામ પણ જડ નથી, તેથી ભગવાનની સાથે વાતો પણ થઇ શકે છે.

પ્રાર્થના એ મૂર્તિપૂજાનું અંતરંગ સાધન છે. પ્રાર્થના કરવાથી સત્ય, વિવેક શ્રાદ્ધા અને સરળતા વધે છે, મોહ દૂર થાય છે અને ભગવાનનો અનુગ્રહ મળે છે. પ્રાર્થનામાં ઘણે ભાગે જીવના પોતાના દોષનું નિરૂપણ હોય છે અને ભગવાનના ગુણનું નિરૂપણ હોય છે.

શબ્દમાં અચિન્ત્ય શક્તિ હોય છે તેથી ભાષાનું તત્ત્વ પણ બરાબર સમજવું જોઇએ. પહેલાં પાકીસ્તાન શબ્દનો કોઇએ ઉચ્ચાર કર્યો, પછી કેટલાક માણસોએ તે ગ્રહણ કરી લીધો. હવે ઘણા માણસોએ ભેગા થઇને તેમાંથી પોતાનો દેશ બનાવી લીધો છે. ભાષાવાર પ્રાંત પણ હિંદમાં થયા છે અને એક હિંદી ભાષા આખા હિંદ માટે રાખવાની છે, તે છતાં દક્ષિણના માણસોને હિંદી ભાષા ફાવતી નથી. તેમને વ્યવહાર માટે અંગ્રેજી ભાષા ગમે છે. જેને જે ભાષાની ટેવ પડી જાય છે, તેને તે ભાષા ગમે છે. વળી ભગવાનની પ્રાર્થના કરવી હોય તો કઇ ભાષામાં પ્રાર્થના કરવી અને ભગવાન કઇ ભાષા સમજતા હશે તેનો વિચાર ભક્તો કરતા નથી. બધી ભાષાવાળા માણસો ભગવાનને પોતાની ભાષામાં પ્રાર્થના કરે છે અને ભગવાન પણ દરેક ભક્તને તેની ભાષામાં જવાબ આપે છે. સ્વપ્નો દરેક

પ્રાંતના માણસોને તેમની ભાષામાં આવે છે અને સ્વપ્નોના બીજા માણસો પણ તેમને તેમની ભાષામાં જવાબ આપે છે. આ એક વિચિત્ર પ્રકારની માયા છે.

સ્વપ્નાની માયા એ તૈજસની માયા છે. તેમાં તેજમાંથી શબ્દ નીકળે છે. રેડીઓમાં પણ તેજમાંથી શબ્દ નીકળે છે, તેથી જ્યાં જ્યાં બ્રોડકાસ્ટીંગ સ્ટેશન હોય ત્યાં તે ભાષાવાળા તેજમાંથી પોતાની ભાષાના શબ્દો બનાવી લે છે, એકજ સ્ટેશનેથી એક જ તેજમાંથી ઘણીવાર ત્રણચાર જાતની ભાષાના શબ્દો આપવામાં આવે છે. અમેરિકામાંથી ગુજરાતી ભાષામાં બ્રોડકાસ્ટીંગ થઇ શકે છે. તેનો આધાર બોલનારની ભાષા ઉપર છે. વીજળીના તેજમાંથી પણ દરેક ભાષાના સિનેમા બનાવી શકાય છે. મૂર્તિપૂજામાં પણ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવ્યા પછી અને આરતી કર્યા પછી તે તેજોમય થાય છે અને પછી તે મૂર્તિ ભક્તની ભાષામાં તેને જવાબ આપી શકે છે. નરસિંહ મહેતાની સાથે ભગવાને ગુજરાતી ભાષામાં વાતો કરી હતી, મીરાંબાઇની સાથે મારવાડી ભાષામાં ભગવાને વાતો કરી હતી અને દક્ષિણમાં દત્તાત્રેય ભગવાનની મૂર્તિ અને વિઠોબાની મૂર્તિ મરાઠી ભાષામાં ભક્તોની સાથે વાતો કરે છે. શ્રીરામકૃષ્ણની સાથે કાળીની મૂર્તિએ બંગાળી ભાષામાં વાતો કરી હતી. તેથી પ્રાર્થના ગમે તે ભાષામાં થઇ શકે છે, કારણ કે ભગવાન તેજોમય છે અને તેજ બધી ભાષા સ્વીકારીને બધી ભાષામાં જવાબ આપી શકે છે.

પણ મૂળ ભાષા આવી ક્યાંથી? બાળક જન્મે છે ત્યારે કાંઇ બોલતો નથી, પણ માબાપ પોતાની ભાષા બાળકને

શિખડાવે છે અને બાળક તે ભાષા બોલતાં શીખી જાય છે કારણ કે બાળકમાં તેજ હોય છે અને તે તેજ અનેક આકાર લઇ શકે છે. અંતઃકરણ નિરાકાર છે, છતાં સ્વપ્નના તૈજસ–જીવની પાસે તે અનેક આકાર લઇ શકે છે અને વાત પણ કરી શકે છે.

બાળકનું નામ પાડ્યા પછી તે પોતાને એક જગ્યાએ રહેલો માનવા લાગી જાય છે. તે ભાષા શીખતો જાય છે અને તે પણ તેના જીવનનો ભાગ બની જાય છે. મૂર્તિપૂજા વખતે પણ પ્રાર્થના એ પૂજાનો ભાગ બની જાય છે. પૂજા કરનાર પણ નવો બનતો જાય છે અને બધું મળીને ત્યાં એક ક્ષેત્ર તૈયાર થાય છે. તે પછી ક્ષેત્રના ધર્મ રહે છે, વસ્તુના પૃથક્ ધર્મ રહેતા નથી. એ ક્ષેત્ર–ધર્મના કાયદા હોય છે પણ તે બુદ્ધિથી પકડી શકાતા નથી. તેમાં ભાવ અને લાગણી રહેલી હોય છે. તેમાં અર્થ હોય છે. જેમ દાક્તર શરીરની નાડી તપાસીને આખા શરીરનો પરિચય આપે છે તેમ ક્ષેત્રના એક ભાગના પરિચયથી આખા ક્ષેત્રનો પરિચય મળી શકે છે. આવી દશામાં મૂર્તિ એ કોઇ જુદી વસ્તુ રહી શકતી નથી. ભક્તની દૃષ્ટિ પાસે તે જીવતી લાગે છે, હમણાં બોલશે તેવું લાગે છે. તેવી જ રીતે ભક્તની દૃષ્ટિમાં ઝાડ, વનસ્પતિ, સૂર્ય, ચંદ્ર, તારા વગેરે પણ દિવ્ય બની જાય છે અને જાણે કે હમણાં વાતો કરશે એવું લાગે છે. એ દશામાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય એ ત્રણે મળીને એક મૂર્તિ થાય છે. તેને અંગ્રેજી ભાષામાં symbolic form કહે છે, તેમાં ભાષા એ મુખ્ય ભાગ ભજવે છે. બાળક તેના રમકડા સાથે વાતો કરીને તેની સાથે એકતા કરે છે. ભક્તો પ્રાર્થનાની મૂર્તિ

સાથે એકતા કરે છે. તે વખતે ક્ષેત્ર–ધર્મ તૈયાર થાય છે અને તે ક્ષેત્રમાં રહેલ વસ્તુને ક્ષેત્ર–ધર્મ લાગુ થાય છે.

જ્ઞાની પુરુષોને નિર્વિશેષ ક્ષેત્ર રહે છે, કારણ કે તે નિર્ગુણમાં માને છે. તેની સાથે ભક્તોને મેળ ખાતો નથી. ભક્તો તો એમ કહે છે કે જ્ઞાની પાસે જઇએ એટલે જ્યાંત્યાં દોરડીમાં સર્પની વાતો આવે, ભગવાને શું કહ્યું કે શું કર્યું એવી ભગવાનની વાતો જ્ઞાની પુરુષો પાસે મળતી નથી અને તે પ્રાર્થના પણ કરતા નથી, છેવટે બન્ને અદ્વૈતમાં પહોંચે છે.

પ્રાર્થના વગર મૂર્તિપૂજા થઇ શકે નહિ, ભગવાનની સાથે સંબંધ બાંધવા માટે વાણીની જરૂર છે. ભગવાનનું નામ લેવાથી અથવા તેનો જપ કરવાથી પણ મૂર્તિનું સ્વરૂપ સામે ખડું રહી શકે છે. નામ અને નામીને ઘાટો સંબંધ છે. જપની વધારે હકીકત છેલ્લાં બે પ્રકરણોમાં આપવામાં આવેલ છે.

માણસ જે ભાષા બોલે છે તે તે વખતેજ ઉત્પન્ન થતી નથી પણ નાની ઉંમરથી તેનું રૂપ અને તેના અર્થ બંધાયેલાં હોય છે. તેવીજ રીતે પ્રાર્થનામાં અર્થ રહેતો હોય છે, માણસનું જીવન ટૂંકું છે અને તેટલા વખતમાં પરમ અર્થ અથવા પરમાર્થ સાધી લેવો જોઇએ, તેથી પ્રાચીન કાળના માણસોએ વર્ણાશ્રમની પદ્ધતિ ગોઠવી હતી. પાછળના (કાળના) માણસોને પરમાર્થ કરતાં વ્યવહાર ઠીક કરવાની જરૂર લાગી તેથી ધર્મના સિદ્ધાન્તો ઉપર અવિશ્વાસ આવવા લાગ્યો અને તર્ક વધવા લાગ્યો. ભાષા દ્વારા તેની ખાત્રી થાય છે. તર્કની ભાષા જુદી હોય છે અને શ્રદ્ધાની ભાષા જુદી હોય છે. ભાષા ઉપરથી માણસના સંસ્કારની અને તેની જાતની ખબર પડે છે.

ક્યા અર્થમાં કઇ ભાષા બોલાય છે અને કઇ પ્રાર્થના થાય છે તે ઉપર બધો આધાર છે. જ્યારે અર્થ તરફ ધ્યાન રહે છે ત્યારે આખું રૂપ દરેક ભાગમાં રહેલું જણાય છે, તેમાંથી બોલનારની મનોદશા અને તેની ભૂમિકા જણાઇ આવે છે. ભાષા એ માત્ર ચાલુ વ્યવહારમાં બંધાયેલી વસ્તુ નથી. ભાષાનું તત્ત્વ બ્રહ્મ સુધી વ્યાપક છે, બ્રહ્મને આપણે સત્ ચિત્ આનંદ કહીએ પણ તેનો અર્થ સમજાય ત્યારે તે ખરી ભાષા બને. અર્થ વગર ભાષાનું તત્ત્વ સમજાશે નહિ. ભાષા અને તેનો અર્થ જુદા પાડી શકાશે નહિ. દર્શન ઠીક કરવા માટે પણ તેવી ભાષાની જરૂર પડે છે. ભાષા, અર્થ, પ્રેમ, આનંદ એ એકજ જગ્યાએ રહે તેવાં તત્ત્વ નથી. તે નટ જેવાં છે. નટ એક જગ્યાએ રહીને નાટક બતાવી શકે નહિ. તે દરેક ક્ષણે નવાં નવાં કાર્ય કરી બતાવે છે. ભાષા પણ એવી વસ્તુ છે. ભાષા કોઇની નકલ કરતી નથી પણ પોતાનું રૂપ ખડું કરે છે. તે રૂપને કોઇ વસ્તુ સાથે સંબંધ નથી પણ ક્ષેત્રધર્મની ક્રિયા સાથે સંબંધ છે. તેથી જ્યારે ભક્ત મૂર્તિપૂજા કરતાં કરતાં પ્રાર્થના કરે છે ત્યારે ત્યારે ત્યાં નવા અર્થ અને નવું ક્ષેત્ર તૈયાર થાય છે. તે વખતે મૂર્તિ નવી બને છે અને ભક્ત પણ નવો બને છે. તે દશા આંખથી જોવાની વસ્તુ નથી, તેમાં ભાવ અને લાગણી રહે છે. કોઇને સુખદુઃખ થાય તે તેને ખબર પડે છે. તે સુખદુઃખ બીજાં જોઇ શકે તેવી રીતે બનાવી શકાતાં નથી. ભક્તિનો આનંદ પણ એવી જાતનો છે ભક્તની ઇચ્છા હોય તે પ્રમાણે મૂર્તિ સાથે વાતો કરે અથવા પ્રાર્થના કરે, તેમાં કોઇ ખાસ નિયમ નથી, છતાં નીચેની ઢબની પ્રાર્થના કેટલેક અંશે ઉપયોગી થાય તેવી છે:-

૧. હે પ્રભુ! તમે સદા તમારા અનંત પ્રકાશ સહિત અમારી સાથેજ છો. તમારા સુંદર અને શુદ્ધ સ્વરૂપનું અમે જેમજેમ વધારે શ્રાવણ અને મનન કરતા રહેશું અને અમારી અંદર ધારણ કરતા રહેશું તેમતેમ તમે અમારા મન પ્રાણ અને શરીરના સંચાલક બની જશો.

૨. અમે આજથી જ તમારા શુદ્ધ તેજને અમારા હૃદયમાં ધારણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારા દરેક કર્મની સાથે અને દરેક વિચારની સાથે તમારા તેજનું આવાહન કરશું અને રોજ તમારું સ્વરૂપ અમારી અંદર વધારે જમાવતા જશું.

૩. અમને સારી તંદુરસ્તી આપો, સાત્ત્વિક શક્તિ આપો, અમારું જીવન સાદું તેમજ ઉચ્ચ વિચારવાળું રહે એવી કૃપા અમે માગીએ છીએ.

૪. અમે સારાં કર્મો કરશું અને તેના ફળ આપને અર્પણ કરશું. અમે સ્વાર્થનો ત્યાગ કરશું કે જેથી માયાનો પડદો તૂટે. અમે એટલું માગીએ છીએ કે જે વખતે જે જગ્યાએ અમે તમને મળવાની ઇચ્છા કરીએ તે વખતે તમને તે જગ્યાએ મળી શકીએ અને તમને અમારી મુશ્કેલીઓ જણાવી શકીએ. અમારું કલ્યાણ શામાં છે તે તમે એકલા જ બરાબર જાણો છો. અમે તમારાં બાળક છીએ.

૫. તમે અમારી અંદર પ્રવેશ કરી રહેલ છો, તેનાથી અમે તમારો મહિમા ફેલાવશું.

૬. તમે અમારું રક્ષણ કરશો એવી અમને આશા છે. તમે સર્વ ભયનો નાશ કરનાર છો. અમે તમારા સિવાય બીજા કોનું સ્મરણ કરીએ અને બીજા કોનું શરણ લઇએ? તમારી કૃપા માટે

અમે તમારા સામું જોઇએ છીએ. તમારા સંકલ્પ માત્રથી જ અનેક વિપત્તિઓનાં વાદળ વેરાઇ જાય છે અને સેંકડો બંધન કપાઇ જાય છે.

૭. તમે મૂંગાને બોલતા કરો છો અને લંગડાને પર્વત ઓળંગવા જેટલું બળ આપો છો.

૮. દુનિયામાં જે કાંઇ ઊથલપાથલ થાય છે તે પણ તમારી લીલા છે. ભવિષ્યમાં જે કાંઇ બનશે તે પણ તમારી લીલા છે. બ્રહ્મા જ્યારે તમારાં વાછડાં અને ગોપ–બાળકોને હરિ ગયા હતા ત્યારે તમે તેવાં રૂપ લઇને એક વર્ષ સુધી જુદાજુદા ઘરમાં તેજ પ્રમાણે પ્રવેશ કરીને તમારી અદ્દ્ભુત લીલા બતાવી હતી.

૯. તમે પૂર્ણ હોવાથી તમારે માટે તમારે કાંઇ કામ રહેલ નથી. તમે જે અમને આપતા રહો તેનો સદુપયોગ કરવો એજ અમારું ભજન છે. જે વડીલ હોય તે નાનાને આપ્યા કરે છે. અમારે શું જોઇએ છે તે તમે જાણો છો.

૧૦. તમારી થોડી શક્તિનો સંચાર અમારી અંદર થશે તો પણ અમે સુખી થશું.

૧૧. તમારી ઘટનાઓનો ભેદ સાધારણ માણસની બુદ્ધિથી ઉકેલી શકાતો નથી. અમને તમારી કળા સમજાતી નથી, તેથી અમને સુધારવાને બદલે અમે ઘણીવાર બીજાને સુધારવાનો પ્રયત્ન કરીએ છીએ.

૧૨. અમે એવું માગીએ છીએ કે અમારું જીવન તમારા ધ્યાનમાં વધારે ગાળી શકીએ. તમારી સત્તાથી જ જગતનું બધું જીવન ચાલી રહેલ છે. જો જગતમાં તમારો રસ ન હોત તો

જીવનનો રસ સુકાઇ ગયો હોત.

૧૩. કોઇમાં વિશ્વપ્રેમ, વીરતા, કોઇમાં ઉત્સાહ, આત્મસમર્પણ, કોઇમાં દયા, તમારી સત્તાથી ઉત્પન્ન થાય છે. અમારામાં પણ એવી સંપત ઉત્પન્ન કરજો. અમે અમારા સંયમમાં દૃઢતા માગીએ છીએ.

૧૪. અમે તમારા વિરાટ શરીરનો ભાગ છીએ, તેથી અમારો તમારે સ્વીકાર કરવો જોઇએ.

૧૫. અમારા મનમાં તમારું સ્મરણ સતત રહેતું નથી. અમને એટલી સ્થિરતા આપો કે સંસારના પ્રપંચો અમને તમારી ભક્તિમાંથી ચલાયમાન ન કરે, અમે હંમેશાં તમને જોવાનો પ્રયત્ન કરીએ છીએ, છતાં જરા દુ:ખ આવે કે અગવડ આવે કે ચિંતા આવે ત્યારે અમારું ધ્યાન તૂટી જાય છે, અને સંસારના બનાવ તરફ મન ખેંચાઇ જાય છે. તેથી અમારી ભક્તિ દૃઢ રહે એવી કૃપા તમારી પાસે માંગીએ છીએ.

૧૬. તમે જો અનુકૂળ હો તો બધું જગત અનુકૂળ થઇ જાય છે. સંસારમાં મહાપુરુષો તમારે આધારે જ ચાલે છે અને તમારી મદદ ઉપર જ જીવે છે તો પછી બીજા માણસોનો આધાર લઇને અમે શું કરીએ! અમને તો તમારા તરફથી થોડો અંશ મળે તોપણ અમે કૃતકૃત્ય થઇશું. જેને તરસ લાગી હોય તેની તરસ છિપાવવા માટે એક લોટો પાણી પણ ઘણું છે.

૧૭. અમારા મનની શક્તિ અલ્પ છે. તમને પૂરેપૂરા જાણી શકે તેવું નથી. આ સ્થૂલ શરીરની અંદર કેદ પુરાઇ ગયેલો જીવ તમારી પરિપૂર્ણ ભક્તિ કરી શકતો નથી.

૧૮. અમે તમારું ધ્યાન કરવા બેસીએ છીએ પણ મન

બીજે ઠેકાણે ચાલ્યું જાય છે. ધ્યાન છોડયા પછી આંખ અને કાન તમારામાં વાળવાનો પ્રયત્ન કરીએ છીએ પણ તે બીજે દોડી જાય છે. તે અમારી નબળાઇ છે, માટે અમને એવું બળ આપો કે આંખ, કાન અને મન તમારામાં જ રહે. મન ધ્યાન વખતે હૃદયમાં રહેલ આત્મ–જ્યોતિમાં મળી જાય.

૧૯. આ બ્રહ્માંડરૂપી સાગરમાં નાની લહેરો અને મોટી લહેરો તમારી સત્તાથી ચાલે છે. અમને જે કાંઇ વિજય મળે છે તે તમારી કૃપાથી મળે છે. તમારી કૃપાથી નાસ્તિક લોકોને પણ આશા પ્રગટે છે જે અસંભવિત હોય તે પણ તમારી કૃપાથી સંભવિત બની જાય છે.

૨૦. તમે આખા જગતનું વિવિધ રીતે કલ્યાણ કરો છો તો પછી અમારે ભય પામવાનું કારણ શું? ભય રાખવાથી નાસ્તિકપણું આવી જાય છે. અમે કોઇ ભયને તથા ઇચ્છાને તાબે થશું નહિ.

૨૧. તમે અમારી અંદર એવું જ્ઞાન ઉત્પન્ન કરો કે અમારામાંથી તમામ પ્રકારનો મોહ નીકળી જાય, અને અમે નિર્ભય થઇ ફરીએ.

૨૨. અમારી વાણી ઉપર આપ આસન કરી રહો, તોજ પ્રાર્થના બરાબર થઇ શકે. તમારા જેવો મિત્ર બીજો ક્યાંથી મળે?

૨૩. તમારા સૌંદર્યના એક અંશથી જગત શોભી રહે છે. તમે બધા સૌંદર્યના નિધિ છો. અમને પાકા બનાવવા માટે તમે અમારા સ્વામી બનો.

૨૪. અમારામાં તમારી આજ્ઞા પાળવાનું બળ આવે એવી

માગણી કરીએ છીએ. અજ્ઞાનથી અમારાથી કાંઇ ભૂલ થઇ જાય તો આપે દયા કરવી જોઇએ.

૨૫. તમારા ગુણ અનંત છે. તમારી શક્તિ અનંત છે. તમારું બળ જ્યાં જ્યાં લાગુ પડે છે ત્યાં ત્યાં હંમેશાં સફળતા જણાય છે. તમારા અનંત ઐશ્વર્યમાંથી અમને થોડી અસર મળે છે ત્યારે પણ અમારામાં નવી શક્તિનો સંચાર થાય છે.

૨૬. અમને કેટલીવાર ખોટી લજ્જા અને ખોટી બીક નડે છે! અમારા મનોરાજ્યમાં એવી ભ્રાંતિઓ આપ દૂર કરો, જ્યાં અવ્યવસ્થા છે ત્યાં સુવ્યવસ્થા કરી આપો.

૨૭. અમે સત્ય બોલવાનું વ્રત લઇએ છીએ. અમારા એ વ્રતનું તમે રક્ષણ કરજો. અમે અંધકારમય આસુરી પ્રકૃતિને વશ ન થઇએ અને તમારા પરમ જ્યોતિ સ્વરૂપને પામીએ. જ્યારે આત્માનો પૂરો પ્રકાશ થાય છે ત્યારે અનાત્મા જેવું કાંઇ રહેતું નથી.

૨૮. તમે અનંત રીતે ભક્તોનું કલ્યાણ કરો છો કારણ કે તમારામાં અનંત શક્તિ છે. ગંધર્વની વાણીમાં, ભક્તોના ભજનમાં, ઉપાસકના જપમાં અને યોગીના ધ્યાનમાં તમે છો. તમારી સત્તાથી પૂજા થાય છે અને પ્રાર્થના થાય છે.

૨૯. ગુણોને જાણવાથી ગુણવાનને જાણી શકાય છે. જગતમાં તમારું દર્શન થઇ શકે છે, કારણ કે તમે જગતને રચીને છોડી દીધું નથી. સોનામાંથી વીંટી થાય તો પણ સોનું સાથે જ રહે છે. તમે જગતની સાથે છો અને જગતને પોષણ આપી રહેલ છો. જે માળીએ ઝાડ રોપ્યું હોય તે તેને પોષણ આપ્યા કરે છે. માળી કોઇ છોડ કાપે તો તેમાં તેનો શુભ હેતુ હોય

છે, તેમ તમારી સંહાર શક્તિમાં પણ શુભ હેતુ રહેલ હોય છે.

૩૦ અમને સારી પ્રાર્થના કરતાં આવડતી નથી, પણ અમારો ભાવ તમે સમજી શકો તેમ છો. અમે અમારી સ્તુતિથી તમારી શોભા વધારી શકીએ તેવું નથી. અમારી પ્રાર્થના તો અમારી શુદ્ધિ માટે છે. એવો શુભ અવસર ક્યારે આવે કે અમે અમારા કર્મથી તમને ખુશી કરીએ, અને બીજાના દોષ જોવામાં નકામો જતો વખત બચાવીએ?

૩૧. તમારી પાસે અમારે શું માગવું અને શું ન માંગવું તેની અમને પૂરી ખબર નથી, છતાં પ્રાર્થનાનું શુભ ફળ આવે છે, તમને જે રીતે ગમે તે રીતે અમને તમારી નજીક લઈ જજો, અમારામાં હજુ થોડી લોકસેવાની ઈચ્છાઓ અને કામનાઓ ભરી છે તેને શુદ્ધ કરી તમારી તરફ વાળજો. જે જ્ઞાન અમને તમારાથી દૂર કરે તે જ્ઞાન અમારે જોઈતું નથી.

૩૨. અમારું અભિમાન ચૂર્ણ કરો, અમારી ભૂલો માટે અમે ક્ષમા માગીએ છીએ, ફરીથી એવી ભૂલો ન થાય તેની અમે સંભાળ રાખશું.

૩૩. અમારે તમારાથી વિમુખ બનીને પંડિત બનવું નથી. તમે અનંત છો, માયા રહિત છો, અમે સાત્ત્વિક ભાવથી આપનું પૂજન, યજન, ધ્યાન વગેરે કરીશું અને આપની આજ્ઞા પાળીશું. બાકીનું કામ આપ સંભાળી લેશો એવી અમારી ખાત્રી છે.

૩૪. સામાન્ય માણસને માટે જાણવાના અનંત વિષયો છે પણ ભક્તોને જાણવા લાયક એક જ વિષય છે. તે બધામાં આપને જ જાણે છે. આપના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઇ જાય છે.

૩૫. અમારે કયે વખતે શું કામ કરવું તેની પ્રેરણા આપ્યા કરજો.

૩૬. તમારી ઈચ્છા એજ અમારી ઈચ્છા બની રહે. અમારી સંપત્તિ આપના ઉપયોગમાં રહે, અમને કુસંગ લાગે નહિ પણ હંમેશાં સત્સંગ મળે.

૩૭. અમે આપના આપેલ સાધનથી આપની સેવા કરીએ છીએ.

૩૮. તમે દરેક બનાવમાં ગુપ્ત રીતે રહેલ છો, અમારી ભાવના એવી વિશાળ કરો કે તમારું જે રૂપ અમારી સામે આવે તેમાં અમને તમારાં દર્શન થાય.

૩૯. તમે અમારો હાથ બરાબર પકડજો, અમે તમે સોંપેલ ધર્મો બરાબર પાળશું.

૪૦. આપની પ્રાર્થના કરવાથી અમને સંતોષ થાય છે. તેનું ફળ અમે એટલું જ માગીએ છીએ કે વ્યવહારમાં પણ અમને માયા નડે નહિ અને આપનું સ્મરણ ચાલુ રહે.

આવી પ્રાર્થના કરવાથી મૂર્તિની પ્રત્યે આપણો સંબંધ ફરી જશે. પછી મૂર્તિ એ મૂર્તિ રહેશે નહિ. તે વિગ્રહ બની જશે.

બાળકની નાની ઉંમર હોય ત્યારે જો માબાપ ઘરમાં મૂર્તિપૂજા કરતા હોય તો બાળક પણ તેનું અનુકરણ કરીને મૂર્તિપૂજા કરવા લાગી જાય છે. માબાપ જો પ્રાર્થના કરતા હોય તો બાળક પણ પ્રાર્થના કરવા લાગી જાય છે. બાળકોને માટે નીચે પ્રમાણે પ્રાર્થના બહુ ઉપયોગી છે:—

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधु च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव।।

હે પ્રભુ! તમે જ મારાં માતા અને પિતા છો, તમે જ મારા બંધુ અને સખા છો, તમે જ વિદ્યા અને ધન છો, તમે જ મારું સર્વસ્વ છો.

અંગ્રેજી સંસ્કાર આપણા દેશમાં આવ્યા પછી વિદ્યાર્થીઓમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા ઓછી થઈ છે. એક માણસ ઈંગ્લાંડથી બેરીસ્ટર થઈને આવ્યો ત્યારે તો તેના પિતાએ તેને ગાયત્રીના મંત્રનો જપ કરવાનું કહ્યું, પણ તે મંત્ર તેને લાંબો લાગવાથી એક બે વાર જપીને પછી ડીટો, ડીટો, [ditto–ditto] કરવા માંડ્યો. ડીટો એટલે પહેલાં જેવું કર્યું હતું તેવું ફરીથી સમજી લેવું; પણ એ જાતનો જપ એ સાચો જપ નથી. યોગ સૂત્રમાં કહેલ છે કે જપની સાથે અર્થની ભાવના જોઈએ, એટલે જપનો અર્થ સમજીને જપ કરવાનો છે. ભાષા એ બહુ વિચિત્ર તત્ત્વ છે. તેનાથી ભેદ વધે છે, તેમજ ભેદ ઓછા થાય છે. તેનો ઉપયોગ કરતાં બરાબર આવડવું જોઈએ. તેમાં માણસની અંદર રહેલ ઈચ્છા બીક વગેરે ભળી જાય છે.

વાઘનું જ્ઞાન બીક ઉત્પન્ન કરતું નથી પણ વાઘ શબ્દથી જેણે જે અર્થ પકડ્યો હોય તેનાથી અનુરંજિત જ્ઞાન બીકનું કારણ બને છે. સ્ત્રીનું જ્ઞાન સ્ત્રીની ઈચ્છા ઉત્પન્ન કરતું નથી પણ સ્ત્રીનો મોહ થયા પછી તેનાથી અનુરંજિત થાય છે તે ઈચ્છાનું કારણ બને છે. તેને અંગ્રેજીમાં Symbolic form કહે

છે. તેવી જ રીતે ભગવાનની પ્રાર્થના જો ભાવપૂર્વક કરવામાં આવે તો તે માણસની સામે મૂર્તિ એ જડ વસ્તુ રહેતી નથી. મૂર્તિનું તેના ભક્તની સાથે ઐક્ય થાય છે.

એક વખત શ્રી રમણ મહર્ષિના એક શિષ્યને ત્યાંના અરુણાચળ પર્વતની એક ગુફામાં રહીને ધ્યાન કરવાની ઈચ્છા થઈ. તેમણે તે વાત મહર્ષિને કરી. મહર્ષિએ હા પાડી. તે ઉપરથી તે શિષ્ય તે પર્વતની ગુફામાં રહેવા ગયા. ત્યાં બેઠા હતા, એટલામાં એક સર્પ ત્યાં આવ્યો અને તેના પગ ઉપર ફેણ મારી, શિષ્યે આંખ ઉઘાડી. સર્પ કરડ્યો નહોતો. તે થોડીવારમાં જતો રહ્યો. શિષ્યે ફરીથી ધ્યાન કરવા માંડ્યું, ફરીથી સર્પે આવીને તેને ફેણ મારી. એ શિષ્યે જોયું. સર્પ કરડ્યો નહોતો. શિષ્યે વિચાર કર્યો કે આવી રીતે આ ગુફામાં ધ્યાન માટે રહી શકાશે નહિ. તે મહર્ષિને મળવા ગયો. મહર્ષિએ પૂછ્યું કે "કેમ આવ્યા?" શિષ્યે બધી વાત કહી સંભળાવી. મહર્ષિએ જવાબ આપ્યો કે એ સર્પ તમારી પાસે આવીને કહેતો હતો કે "આંહી જ રહેજો" વળી જો તમે એ સર્પને પકડ્યો હોત તો સર્પ મોઢેથી પણ (તામિલ ભાષામાં) એવું બોલત કે "આંહી જ રહેજો. તે સર્પના રૂપમાં ભગવાન તમારી પરીક્ષા લેવા માટે આવ્યા હતા." આ જવાબ સાંભળ્યા પછી તે શિષ્ય ફરીથી તે ગુફામાં રહેવા ગયો.

એક વખત શ્રી રમણ મહર્ષિ અરુણાચળ પર્વત ઉપર તેમના સ્કંદાશ્રમમાં રાત્રે બેઠા હતા અને ત્રણચાર શિષ્યોની સાથે વાતો કરતા હતા. ત્યાં નજીકમાં તળાવ હોવાથી વાઘ પાણી પીવા આવતા હતા. તે વખતે એક વાઘે ત્યાં અવાજ કર્યો એટલે

શિષ્યો ગભરાયા. મહર્ષિએ કહ્યું કે એ વાઘ તો રોજ આંહીં આવે છે અને બૂમ પાડીને આપણને ખબર આપે છે કે "હું પાણી પીવા માટે આવ્યો છું માટે હમણાં કોઇ આંહીં આવશો નહિ," તે પાણી પીને પાછો જાય છે ત્યારે પણ અવાજ કરે છે અને આપણને ચેતવણી આપે છે કે "હવે હું જાઉં છું, માટે તમારે તળાવ પાસે આવવું હોય તો આવજો." આવી રીતે મહર્ષિ વાઘની ભાષા સમજી જતા હતા. તેજ પ્રમાણે ભગવાનની મૂર્તિ માણસની પ્રાર્થનાના ભાવ સમજી જાય છે. મ. ગાંધીજી સ્વરાજ માટે રોજ બે વખત પ્રાર્થના કરતા હતા, તેથી ભગવાને તેમને સ્વરાજ આપીને બતાવ્યું કે સાચા દિલથી કરેલી પ્રાર્થના નિષ્ફળ જતી નથી.

જેમ જ્ઞાનમાર્ગથી અદ્વૈત સિદ્ધ થાય છે તેમ ભક્તિમાર્ગથી અને કર્મમાર્ગથી પણ અદ્વૈત સિદ્ધ થાય છે. તેથી જીવનની બરાબર શોધ કરવી જોઇએ. શોધ કર્યા વગરનું જીવન નકામું છે. ખરી મુક્તિ એટલે કામ ક્રોધ અને અજ્ઞાનથી મુક્તિ સમજવાની છે. માણસનું જીવન પુરુષાર્થ માટે છે, તેથી ભેદ ઓછો થાય એવો પુરુષાર્થ કરવો જોઇએ. ધર્મ, કળા, સાહિત્ય, સાત્ત્વિક હોય તો તે કામમાં મદદ કરે છે. મૂર્તિપૂજા એ એક સાત્ત્વિક કળા છે. જો એક જગ્યાએ માણસ જડને ચેતન બનાવી શકે તો બધી જગ્યાએ જડને ચેતન બનાવતા તેને આવડી જાય છે. ભાષા તેમાં મદદરૂપ થાય છે. પ્રાર્થનાથી ભક્ત અને તેની મૂર્તિની એકતા થાય છે. તે વખતે માણસ બહારની વસ્તુ સાથે વાતો કરતો નથી પણ પોતાની સાથે વાતો કરે છે. તે પોતાને તે ક્ષેત્ર જેવડો માને છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં બને છે.

સંસ્કાર સારા કરવામાં અમુક માણસોને માટે મૂર્તિપૂજા એ એક સાધન છે, છતાં આખા દિવસનું વર્તન તે પ્રમાણે રાખવું જોઇએ. વેપારી પોતાની દુકાનમાં ભગવાનની છબી રાખે અને રોજ સવારે દુકાને આવી તે મૂર્તિને પગે લાગે અને પછી તે ગ્રાહકોને છેતરવા લાગે તો તે ખરી પૂજા કહેવાય નહિ. તેણે ગ્રાહકોને પણ ભગવાન માનવા જોઇએ. અંગ્રેજી વેપારીઓ પોતાના ગ્રાહકોને ભગવાન જેવા માને છે અને ગ્રાહકો ખુશી થાય તેવી રીતે વર્તે છે તેમજ વેચેલી ચીજ ગ્રાહકને માફક ન આવે તો પાછી લઇને તેને સંતોષ આપે છે અને તેજ તેના ધંધાની ખરી જાહેરાત છે. તેવી જ રીતે પૂજા કર્યા પછી ભક્તનું આખા દિવસનું જીવન સાત્ત્વિક જોઇએ. ગ્રાહકોની સાથે બે વાતચીત મીઠા શબ્દોમાં કરવાથી પણ ઘણી સારી અસર થાય છે. ભાષા એ પ્રેમ મેળવવાનું એક મુખ્ય સાધન છે.

ખોટી ભાષાથી દ્વેષ પણ થાય છે. કોઇ માણસ જાન લઇને દીકરાને પરણાવવા ગયો. ત્યાં બન્ને કુટુંબના માણસો આનંદથી સાથે ત્રણ ચાર દિવસ જમ્યા હોય, પણ તે પછી વેવાઇએ અથવા વેવાણે કાંઇ કટુ વચન કોઇને કહેલ હોય તો તેના જમણનો સ્વાદ યાદ આવતો નથી પણ કટુ વચન તરત યાદ આવે છે. એ એક જાતની માયા છે, તેથી કોઇને કટુ વચન કહેવા નહિ. જેમ મૂર્તિ પૂજાથી પ્રાર્થના થાય છે તેમ બધાને ભગવાન માનીને તેમના ગુણ જોવા, પણ દોષ જોવા નહિ. બધી જગ્યાએ ભગવાન હાજર છે એમ માની વર્તવું જોઇએ. જે માણસ વિવેકથી વિચાર કરી શકતો નથી તેને માટે મૂર્તિ પૂજા એક સારું સાધન છે. જ્યારે તેનામાં વિવેક બુદ્ધિ જાગ્રત થશે ત્યારે

આખું જગત તેને ભગવાનની મૂર્તિરૂપે લાગશે. તે વખતે તેની પ્રાર્થનામાં ફેર પડી જશે. ઉપનિષદોની શરૂઆતમાં એવી પ્રાર્થના આવે છે કે "હે દેવ! અમારા કાન એવા કરો કે અમારું કલ્યાણ થાય એવું જ અમે સાંભળીએ, અમારી આંખો એવી કરો કે અમારું કલ્યાણ થાય એવું જ અમે દેખીએ."

ગુરુની પૂજા વખતે પણ ગુરુની બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તરીકે પ્રાર્થના થાય છે. જેમ મૂર્તિપૂજામાં શ્રદ્ધાની જરૂર છે તેમ ગુરુ-પૂજામાં પણ શ્રદ્ધાની જરૂર છે. શાસ્ત્રોમાં લખેલી બધી વાતો સાચી હોતી નથી. તેમાં અર્થવાદ ઘણો હોય છે અને તે જરૂરનો છે. એક જગ્યાએ નદી કિનારે એક માણસ પોતાના મૃત પિતાની પાછળ શ્રાદ્ધ કરાવતો હતો. ત્યાંથી કોઈ આર્યસમાજી નીકળ્યા. તેણે પેલા માણસને કહ્યું કે 'આ શ્રાદ્ધ શું તારા બાપને પહોંચવાનું છે?' પેલા માણસે બીજાને બે ચાર ગાળો દીધી. આર્યસમાજીએ પેલાને ફરીથી કહ્યું કે "આ તારું શ્રાદ્ધ તારા બાપને પહોંચવાનું છે?" પેલા માણસે બીજાને બે ચાર ગાળો દીધી. આર્યસમાજીએ પેલાને ફરીથી કહ્યું કે "આ તારું શ્રાદ્ધ તારા બાપને પહોંચવાનું નથી." પેલા માણસે કહ્યું કે "જેમ મારી ગાળો તને પહોંચી ગઈ તેમ મારું શ્રાદ્ધ પણ મારા પિતાને પહોંચી જશે."

પ્રકરણ ૩
આરતી

કોઈના ઘરની અંદર રેડિયો પડ્યો હોય, ત્યાં જઈને કોઈ તરત તેનું બટન ફેરવવા લાગે તો તે વાગશે નહિ તેમાંથી કાંઈ સંભળાશે નહિ. જેને રેડિયોનો ઉપયોગ કરતાં આવડતો હોય તે ત્યાં વીજળીનું બટન દાબીને વીજળીનો કરંટ પહેલાં આપે છે અને તેમાંથી રેડિયોને પણ તેજ આપીને તેજસ્વી બનાવે છે. તે પછી તેમાં જેવી વેવલેંગ્થ મૂકવામાં આવે તે પ્રમાણે સંગીત સંભળાય છે અને હવે ટેલીવીઝન દ્વારા નવાં નવાં દૃશ્યો પણ દેખાય છે. તેજ પ્રમાણે કોઈના ઘરમાં મૂર્તિ હોય પણ તેની પૂજા થતી ન હોય અને તેની આરતી ઉતારીને મૂર્તિને તેજસ્વી કરવામાં ન આવે તો મૂર્તિ દુકાનના રેડિયોની માફક જવાબ આપશે નહિ. તેથી આરતી કરીને મૂર્તિને તેજસ્વી કરવાની ખાસ જરૂર છે. વળી આરતીમાં જે ઘી વાપરવામાં આવે તે ગાયનું અથવા ભેંસનું જોઈએ. મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કર્યા પછી તેની આરતીમાં પ્રાણીજ પદાર્થવાળું ઘી જોઈએ. તેમાં વનસ્પતિનું ઘી ચાલે નહિ જે તેજથી મૂર્તિને તેજસ્વી બનાવવાની છે તે તેજ પણ પ્રાણીજ ઘીનું બનેલું હોવું જોઈએ, તેમાં લોભ ચાલે નહિ.

લોભી માણસ ભક્ત થઈ શકતો નથી. ભગવાનની મૂર્તિને ચડાવવાનાં ફૂલ પણ રોજ તાજાં અને સુગંધી જોઈએ. મૂર્તિના પૃથ્વી તત્ત્વને સુગંધની સાથે સંબંધ રહે છે અને તે સુગંધ પૂજા કરનારની ભાવનાને પણ સાત્ત્વિક બનાવે છે અને તેનો સંબંધ

ભગવાનની સાથે રહે છે. ગુજરાતનો ભક્ત બોડાણો વારંવાર દ્વારકાની મૂર્તિને તુલસી ચડાવવા જતો હતો. તેની ભક્તિ જોઇને તે મૂર્તિ તેની સાથે ડાકોર આવી. જગતમાં ઘણા પદાર્થો અને માણસો દેખાય છે તેમાંથી જેટલા આપણા બનાવી શકાય તેટલા આપણા થઇ શકે છે. તેથી બહારનું જગત ખરી રીતે બહાર નથી. તેનામાં બહારપણું કે અંદરપણું જોનારની વૃત્તિથી ઉત્પન્ન થાય છે.

જે સર્વ વ્યાપક હોય અથવા ગતિમાન હોય છે તેને એક જગ્યાએ અટકાવવું તેને આરત કહે છે. અટકાવવાની વિધિને આરતી કહે છે. સર્વ વ્યાપક ભગવાનની પૂજા થઇ શકતી નથી. તેનું દર્શન પણ થઇ શકતું નથી, કારણ કે તેને મુખ નથી, તેને કાન નથી, તે આપણી પ્રાર્થના સાંભળી શકે નહિ, તેને જીભ નથી તેથી તે બોલી શકે નહિ, તેને આંખ નથી તેથી તે આપણી સામે જોઇ શકે નહિ, તેને ચરણ નથી તેથી તેનો ચરણ-સ્પર્શ થઇ શકે નહિ, તેને હાથ નથી તેથી તે આશીર્વાદ આપી શકે નહિ. એ બધી મુશ્કેલી દૂર કરવા માટે તેની મૂર્તિ બનાવીને તેની પૂજા કરવામાં આવે છે, પણ દુકાનમાં રાખેલી મૂર્તિ અને મંદિરમાં પધરાવેલી મૂર્તિમાં ફેર હોય છે. દુકાનમાં રાખેલી મૂર્તિને વેચનાર અને ખરીદનાર બજારની ચીજ તરીકે જોઇ શકે છે. મંદિરમાં રાખેલી મૂર્તિ પૂજા કરનારથી જુદી નથી અને દર્શન કરનારથી જુદી નથી. તેમાં ચેતન છે પણ તે પ્રગટ કરવા માટે પ્રાર્થના, આરતી, વંદન વગેરેની જરૂર પડે છે. આરતી વખતે જે તેજનો અને ઘંટનો ઉપયોગ કરવામાં આવે છે તેનાથી પણ મૂર્તિમાં ઘણો ફેરફાર થાય છે. તે બાબત હાલ

ક્વાન્ટમથીઅરીના સાયન્સથી પણ સિદ્ધ શકે છે.[૧]

મૂર્તિ જ્યારે દુકાનમાં હોય છે ત્યારે એક જગ્યાએ રોજ પડી રહેલી જણાય છે. તે જ મૂર્તિની જ્યારે વિધિસર પૂજા કરવામાં આવે છે ત્યારે તેનામાં બે સ્વભાવ આવે છે, તેને એક જગ્યાએ પણ જોઇ શકાય અને તેને વ્યાપક પણ બનાવી શકાય. તેનો આધાર તેજના ઉપર છે, એ તેજથી એક પ્રકારનું ક્ષેત્ર તૈયાર થાય છે અને તેથી આરતી વખતે મૂર્તિમાં ફેરફાર થાય છે અને તે વખતે જે દર્શન કરવા આવ્યા હોય તેને પણ તે તેજની અસર થાય છે. ક્વાન્ટમથિઅરીવાળા જણાવે છે કે:-

The quantum of action which attempts to measure a characteristic quantity of a given system has the effect of changing in an unknown fashion the other qualities associated with this system.

એટલે તે વખતે મંદિરમાં જેટલા હાજર હોય તેમને તે તેજની અસર થાય છે. It is a space of configuration, તે વખતે મંદિરની જગ્યા નવી બની જાય છે.

કોઇપણ વસ્તુના ઝીણામાં ઝીણા ભાગ કરતાં છેવટના પરમાણુ [electron] આંખથી જોઇ શકાતા નથી. તેને જોવા માટે તેના ઉપર કોઇ પ્રકાશ પાડવો જોઇએ. તે વખતે પણ જેવો પ્રકાશ હોય તેવા પરમાણુ દેખાય છે. જો આરતીના પ્રકાશમાં શોર્ટવેવ હોય તો તેનામાં શક્તિ ઘણી હોય છે તેથી તે

---

૧. જુઓ પરિશિષ્ટ-૪.

પરમાણુને એક જગ્યાએ બતાવી શકે છે; જો આરતીનું તેજ ધીમું હોય અને લૉંગવેવ જેવું હોય તો તેમાં શક્તિ ઓછી રહે છે, તે વખતે પરમાણુની ગતિ જોઇ શકાય છે પણ તેની જગ્યા જોઇ શકાતી નથી, તેથી કોઇ આરતીમાં પાંચ દીવા રાખવામાં આવે છે અને કોઇમાં વધારે દીવા રાખવામાં આવે છે, તેનાથી મૂર્તિ પ્રકાશમાન બને છે, તેથી જેને મૂર્તિપૂજા આવડતી હોય તેને જ તે કામ સોંપવું જોઇએ. પૂજા કરનારમાં પણ ઘણી શુદ્ધિ જોઇએ, તેથી પ્રાચીન કાળમાં એ કામ ફક્ત બ્રાહ્મણોને જ આપવામાં આવતું હતું, હરિજનોને પૂજાનું કામ સોંપવામાં આવતું ન હતું, પણ હાલની કોંગ્રેસ સરકારે બધાને સમાન હક આપીને બધાને પૂજા કરવાનો હક આપેલ છે. વળી હવે જે બ્રાહ્મણોના છોકરાઓ કોલેજોમાં ભણે છે અને અમેરિકા સુધી ભણવા જાય છે, જે જનોઇ રાખતા નથી અને બ્રાહ્મણનો ધર્મ પાળતા નથી, તેમને અમેરિકામાં અથવા યુરોપમાં બ્રાહ્મણની રસોઇ મળતી નથી. કેટલાક ત્યાંની મડમોને પણ પરણે છે તે હિંદમાં પાછા આવ્યા પછી બ્રાહ્મણ તરીકે પૂજાનો હક માગે તો તેમને તે હક આપી શકાય નહિ. જેમ દાક્તરનું કામ બધા માણસો કરી શકતા નથી તેમ પૂજાનું અને આરતીનું કામ કરવા માટે બધાને સમાન હક આપી શકાય નહિ. મૂર્તિમાં દેવત્વ પ્રગટ કરવાનું છે અને તે કોંગ્રેસના અથવા પાર્લામેન્ટના ઠરાવ પ્રમાણે થઇ શકે નહિ. કલકત્તામાં દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિએ જે કાળીનું મંદિર બંધાવ્યું હતું તેમાં પૂજા કરવા માટે શ્રી રામકૃષ્ણ પરમહંસને રાખ્યા હતા અને તેમણે મૂર્તિમાં ચેતન લાવી દીધું હતું.

હાલના સાયન્સ પ્રમાણે ઘણી વસ્તુઓને Radio–active એટલે તેજોમય બનાવી શકાય છે. વળી તે તેજ અમુક કાયદા પ્રમાણે જ શક્તિ આપે છે.

Matter can emit energy only* in finite quantities proportional to the frequency.

એટલે આરતીના તેજની આવૃત્તિના પ્રમાણમાં મૂર્તિમાંથી તેજની શક્તિ નીકળે છે, તેથી આરતીને વારંવાર ઉપર નીચે ફેરવવી પડે છે. મૂર્તિમાં થોડુંક આરતીનું તેજ સમાય છે અને થોડુંક તેજ મૂર્તિમાંથી બહાર આવે છે.

The exchange of energy between matter and radiation can be made only through quanta which is equal to the dimention of an atom of action i.e. momentum multiplied by length.

એ તેજ પાણીના ધોરિયાની માફક વહેતું નથી પણ તેમાંથી બંદૂકની માફક ઝીણી દાણા જેવી ગોળીઓ ફૂટે છે, તેવી ગોળીઓને ક્વાન્ટા કહે છે. તેવી તેજની ગોળીઓ આરતીમાંથી મૂર્તિ તરફ જાય છે અને મૂર્તિમાંથી દર્શન કરનાર તરફ પાછી આવે છે.

મૂર્તિને તેજોમય બનાવ્યા પછી મૂર્તિમાંથી નીકળતું તેજ દર્શન કરનાર માણસની આંખના તેજ સાથે મળે છે, આંખને મન સાથે સંબંધ છે. તે વખતે મનમાં શા વિચાર આવે છે તે તપાસવું જોઇએ, ડાકોરજીમાં શ્રી રણછોડરાયજીની મૂર્તિના દર્શન કરતી વખતે એવો વિચાર આવે કે આ મૂર્તિ કૃપા કરનાર

છે અને જેમ બોડાણાની સાથે દ્વારકાથી ડાકોર આવી તેમ મારે ઘેર પણ આવી શકે તેવી છે, તો એવી ભાવનાથી દર્શન કરવું કે જાણે કે તે ખરેખર મારે ઘેર સાથે આવશે. તે વખતે આંખમાંથી નીકળતું તેજ મૂર્તિના તેજને ફેરવી નાંખશે અને એવું ઘણીવાર બનશે તો મૂર્તિ એક રૂપ ધારણ કરીને તે ભક્તને ઘેર જશે. બીજો કોઈ ભક્ત આરતી વખતે એવી ભાવના કરે કે આ મૂર્તિ ગંગાબાઈની વાળીની સાથે તોળાતાં વજનમાં હલકી થઇ હતી, તેમ પોતે મારા કર્મનો ભાર ઓછો કરી નાંખશે તો તે પ્રમાણે બનશે અને તેથી તે રણછોડરાયજી કહેવાય છે, એટલે ઋણ–મુક્ત સ્વરૂપ મનાય છે. જે સેવક તેની રોજ સેવા કરતો હોય છતાં તેની ભાવના સંસારના સુખમાં રહેતી હશે તો તેને મૂર્તિના તેજની કાંઇ અસર થશે નહિ.

When a new measurement is made, it will furnish new knowledge on the state of corpuscle and will completely overthrow the situation as to the probabilities.

એટલે દર્શન કરવા આવનાર માણસના પ્રમાણથી તેજમાં ફેર પડી જાય છે.

કોઈ આંહીં એવો પ્રશ્ન પણ કરી શકે કે જીવની આંખના તેજની અસર મૂર્તિ ઉપર થઇ શકે તો ભગવાનના તેજની અસર જીવની ઉપર કેમ ના થાય! અને જીવનો સ્વભાવ કેમ ફેરવી ન નાંખે! તેનો આધાર ભાવનાની આવૃત્તિ ઉપર છે. જો તે મૂર્તિનાં વારંવાર દર્શન કરવામાં આવે અને સરખો ભાવ રાખવામાં આવે તો મૂર્તિના તેજની અસર ભક્તની ઉપર થશે.

કોઈ એમ પણ પ્રશ્ન પૂછી શકે કે મૂર્તિના પૂજારી તો ભગવાનની રોજ પૂજા કરે છે તો તેમને કેમ અસર થતી નથી? તેઓ પૂજા કર્યા પછી તરત માયાની વાતોમાં પડી જાય છે અને ભાવને ટકવા દેતા નથી. હાલના સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે કે શક્તિ [energy] મેળવવાનો આધાર આવૃત્તિ [frequency] ઉપર છે. હૃષીકેશ વાળા પ્રખ્યાત નારાયણ પરમહંસ નારાયણની છબી પાસે રાખી અખંડ રાત દિવસ જપ કરતા હતા. તે થોડા વખત પછી ચાંદોદ આવ્યા ત્યાં પણ સતત જપ કરતા હતા. ત્યાં એક દિવસે રાત્રે બે વાગે શ્રી નારાયણે તેમને દર્શન આપ્યા હતા અને તેમની સાથે વાતો કરી હતી. હજુ પણ તે મૂર્તિની સાથે વાતો કરી શકે છે.

હાલનું સાયન્સ કહે છે કેઃ–

The existence of a quanta of action implies a quite unforeseen relation between geometry and dynamics; the possibilities of localising physical entities in the geometrical frame-work of space and time proves to be not independent of their dynamic state.

ઉપરના દૃષ્ટાંતમાં નારાયણ સ્વામીની પાસે રહેલ નારાયણની છબી તેના દર્શનથી જુદી નહોતી. બન્ને તેજ એકત્ર થઇને નવી દશા ઉત્પન્ન કરે છે.

The notions of time and space drawn from our ordinary daily experience are valid only for the human scale. A change of scale creates a

new phenomena.

માણસનું જગત માણસને માટે સાચું છે, પણ જો માણસનું પ્રમાણ ફરે તો તેની આસપાસનું બધું જગત ફરી જાય છે. તે વખતે જે ક્ષેત્ર ઉત્પન્ન થાય છે તેને અવસ્થા અથવા સંઘાત કહે છે, અંગ્રેજીમાં તેને Configuration, state, structure, field, situation અથવા form કહે છે.

The light wave has no physical significance in itself but depends on the state of the knowledge of the person using it and will change abruptly when new information modifies this knowledge.

ભક્તની ભાવનાને અનુકૂળ થઇ જવું એ ભગવાનમાં એક મહાન ગુણ છે. તે વખતે ભક્તને અમુક ચીજ ખાવાની ઇચ્છા થઇ તો ભગવાન તે ચીજ રૂપે તેની પાસે આવશે. તેને અમુક માણસને મળવાની ઇચ્છા થઇ તો ભગવાન તે માણસને તેની પાસે મોકલશે. તે વખતે ભક્ત મૂર્તિના ચરણ સ્પર્શ કરવા જશે તો મૂર્તિના પગ પોચા લાગશે. અમને એક વખત સૌરાષ્ટ્રમાં માધવપુરમાં માધવરાયજીની મૂર્તિનો ચરણ-સ્પર્શ કરતાં એવો અનુભવ (ઇ. સ. ૧૯૦૩ માં) થયો હતો.

એક માણસ કોઇ પર-સ્ત્રીની સામે કામનાની દૃષ્ટિથી જુએ અને બીજો માતાની દૃષ્ટિથી જુએ તો ત્યાં બન્નેની આંખમાંથી જે તેજ નીકળે છે તે તેજ નવી દશા અને નવા દેશ-કાળ બનાવે છે. ત્યાં સજીવ સંબંધ છે, એ જ સિદ્ધાન્ત મૂર્તિપૂજામાં પણ લાગુ પડે છે.

તેજમાં બહુ વિચિત્ર પ્રકારનો સ્વભાવ રહેલો હોય છે. તેજમાં ઘણા પ્રકાર છે, અને તેમાંથી આપણી આંખો બહુ થોડું જોઇ શકે છે. અંગ્રેજી ભાષામાં સાયન્સ પ્રમાણે તેજના ઘણા પ્રકાર નીચે પ્રમાણે માલૂમ પડેલ છે:-

૧. Electro-magnetic radiation, તેને વાયરલેસનું તેજ પણ કહે છે, તેનાથી રેડિયોમાં શબ્દ સંભળાય છે. તે તેજ આકાશ દ્વારા આવે છે પણ તે માણસની આંખથી જોઇ શકાતું નથી.

૨. Infra-red radiation નરમ રતાશવાળું તેજ તે પણ માણસની આંખથી જોઇ શકાતું નથી.

૩. Visible radiation આંખથીદેખાતું તેજ.

૪. Ultra-violet radiation આકાશના જેવું બ્લ્યુ તેજ, તે માણસની આંખથી જોઇ શકાતું નથી.

૫. X-Ray radiation આ તેજથી ડાક્તરો માણસના શરીરની અંદરનો ભાગ જોઇ શકે છે પણ તેજ આંખથી જોઇ શકાય તેવું નથી.

૬. Y-radiation આ તેજ પણ આંખથી જોઇ શકાતું નથી.

આ ઉપરથી જણાઇ આવશે કે તેજ ઘણા પ્રકારના છે. માણસની આંખો બહુ થોડું જોઇ શકે છે. સાધારણ મૂર્તિમાં રહેલું તેજ માણસની આંખોથી જોઇ શકાતું નથી, તેથી આરતીનું તેજ લગાડીને મૂર્તિને પ્રકાશિત કરવામાં આવે છે. તે વખતે અને તે પછી મૂર્તિ દર્શન કરવા લાયક થાય છે.

ઝીણામાં ઝીણા પરમાણુ કે જેને electron કહે છે. તેમાં પણ તેના તેજના કેટલાક પેટા ભાગ નીચે પ્રમાણે જોવામાં આવેલ છે:–

Proton

Electron

Neutron

Positive–meson

Neutral–meson

Neutrino

એમાંથી કોઇ તેજ આંખથી જોઇ શકાતું નથી. જ્યારે ઇલેક્ટ્રોન (પરમાણુ)ની ઉપર બીજું તેજ લગાડવામાં આવે છે ત્યારે તેનો જે પ્રકાશ પડદા ઉપર નજરે પડે છે તે ઉપરથી ઉપરના વિભાગ કરવામાં આવે છે. આ ઉપરથી જણાઇ આવશે કે આરતી કરવામાં બહુ જ્ઞાનની જરૂર છે અને કુશળ માણસને હાથે શાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે આરતી થવી જોઇએ. પરમાણુની અંદર રહેલ ઉપરનાં તેજ ભમરડા માફક અંદર ફર્યા કરે છે. જ્યારે ભમરડો બહુ ફરે છે ત્યારે તે સ્થિર દેખાય છે ત્યારે તેમાં ગતિ રહેલી હોય છે. આરતીના તેજથી તેની ગતિમાં ફેરફાર થાય છે. પરમાણુને સ્થિર કરવા માટે શોર્ટ વેવ Short wave વાપરવા પડે છે અને તેની ગતિ જાણવા માટે લૉંગ વેવ Long wave વાપરવા પડે છે, લૉંગ વેવ વખતે તેની ગતિ જણાય છે પણ તેની જગ્યા મળી શકતી નથી. તેથી એમ કહેવાય છે કે ભગવાનની કૃપા હોય તો દર્શન થાય.

આપણા ઘરમાં જે વીજળી બળે છે તેમાં પાવર હાઉસની બધી શક્તિ મૂકી હોય તો ઘર બળી જાય તેથી તે શક્તિનું દબાણ ત્રણ ચાર જગ્યાએ ઓછું કરીને ઘરના ઉપયોગમાં લેવામાં આવે છે, તેજ પ્રમાણે મૂર્તિનું તેજ આરતી દ્વારા ફેરવવામાં આવે છે કે જેથી માણસ તે જોઇ શકે છે.

મૂર્તિને તેજોમય બનાવવી અથવા તેજોમય રાખવી એ ખાસ જરૂરનું કામ છે. તેથી કોઇ જગ્યાએ મૂર્તિ પાસે અખંડ દીવો રાખે છે. નડીયાદમાં સંતરામના મંદિરમાં જ્યારથી સંતરામ મહારાજે ત્યાં સમાધિ લીધી ત્યારથી કેટલાક દીવા અખંડ બળે છે. તેને ૧૦૦ વર્ષ ઉપરાંત થઇ ગયાં છે. પારસીઓના આતશ બહેરામના અગ્નિને અખંડ રાખવામાં આવે છે અને વેદમાં પણ અગ્નિની સ્તુતિ વધારે જોવામાં આવે છે. માણસ બોલે છે તે વાણી પણ અગ્નિનું સ્વરૂપ છે. વેદમાં કહેલ છે કે अग्निर्वाग् भूत्वा मुखम् प्राविशत् એટલે અગ્નિએ વાણીનું રૂપ લઇ મુખમાં પ્રવેશ કર્યો. જ્યારે આપણે સંસારની વાતો કરીએ છીએ ત્યારે તેમાંથી સંસાર નીકળે છે અને ભગવાનની પ્રાર્થના કરીએ છીએ ત્યારે અગ્નિ ભગવાનનો આકાર ખડો કરે છે. જ્યારે શ્રી કૃષ્ણનો જન્મ થયો ત્યારે તેઓ પહેલાં વસુદેવજીના અંતઃકરણમાં પધાર્યા હતા. તે વખતે વસુદેવજી સૂર્ય જેવા લાગતાં હતાં, તે પછી વસુદેવજીએ દેવકીજીના સામું જોયું એટલે વસુદેવજીનું તેજ દેવકીના મનમાં દાખલ થયું. તે વખતે દેવકીજી ચંદ્ર જેવાં લાગતાં હતાં. તંત્ર શાસ્ત્રમાં તેજના ત્રણ પ્રકાર આપેલ છે, એટલે પહેલાં (મૂર્તિમાં અથવા હૃદયમાં) સૂર્યના જેવું તેજ દેખાય છે, પછી ચંદ્રના જેવું તેજ દેખાય છે અને

પછી તેની અંદર અગ્નિના જેવું તેજ દેખાય છે. એ તેજમાં પણ ત્રણ પ્રકાર છે. સાત્ત્વિક તેજ બ્લ્યુ રંગનું હોય છે. રાજસ તેજ લાલ હોય છે અને તામસ તેજ પીળું હોય છે. દરેક માણસની આસપાસ તેનું તેજ રહેલું હોય છે. તેને ઓજસ કહે છે. તે તરત આંખથી દેખાતું નથી પણ કોઈ માણસને કાળા પડદાની આગળ રાખીને તે તેજ જોવાનો પ્રયત્ન કર્યો હોય તો જોઈ શકાય છે અને તે ઉપરથી માણસના સ્વભાવની ખબર પડે છે. આ કારણને લઈને અંત્યજોને પ્રાચીન કાળમાં સ્પર્શ કરવાની અથવા મંદિર પ્રવેશની મના કરવામાં આવી હતી. જેનો સ્વભાવ વધારે કામી અથવા ક્રોધી હોય તે જો મૂર્તિની નજીક આવે તો મૂર્તિના તેજમાં ફેરફાર થઈ જાય છે, મૂર્તિની સેવા કરનાર માણસ બ્રહ્મચારી અને પવિત્ર હોય તો શ્રી રામકૃષ્ણ પરમહંસની માફક મૂર્તિમાં ચેતન પ્રગટ કરી શકે છે.

મૂર્તિની અંદર ઘણા પરમાણુઓ રહેલા હોય છે. વળી દરેક પરમાણુમાં સમાન શક્તિ હોતી નથી. અને દરેક ભમરડાની માફક ફરે છે અને તે ઉપરથી તેની શક્તિ મપાય છે. કોઈ પરમાણુ એક સેકન્ડમાં ૧૦૦૦ વખત ફરતો હોય તો તેની શક્તિ તે પ્રમાણે રહે છે અને કોઈ પરમાણુ એક સેકન્ડમાં ૫૦૦૦ વખત ફરતો હોય તો તેની શક્તિ તે પ્રમાણે રહે છે. જ્યારે કોઈ પરમાણુ નાના ચક્કરમાંથી મોટા ચક્કરમાં આવે અથવા મોટામાંથી નાનામાં આવે ત્યારે તેમાંથી તેજ નીકળે છે, તેને અંગ્રેજી ભાષામાં રેડીએશન કહે છે. કોઈવાર શક્તિ ઉપરથી તેજ મપાય છે અને કોઈવાર તેજ ઉપરથી શક્તિ માપવામાં આવે છે.

તંત્ર શાસ્ત્રમાં કહેલ છે કે સૃષ્ટિની ઉત્પત્તિ વખતે નાદ હતો, તેમાંથી બિંદુ થયું અને પછી તેમાંથી જગતની કલા થઈ. મૂર્તિપૂજા વખતે મૂર્તિના તેજ વખતે ઘંટા વગાડવાથી તે તેજમાંથી બિંદુ થાય છે, અથવા મંત્રના જપથી અથવા જય રણછોડ બોલવાથી તેજમાંથી બિંદુ થઈને મૂર્તિ આપણી સામે દર્શન દેવા માટે સ્થિર રહે છે, તેથી આરતી વખતે ઘંટાની અથવા અવાજની પણ જરૂર છે.

સૂર્ય પોતાની ગરમીથી જમીનનું પાણી ખેંચીને તેનાં વાદળાં બનાવીને વરસાદ તરીકે માણસને પાછું આપે છે. તે ગરમીથી અનાજ પાકે છે, તે અનાજને માણસ ફરીથી ગરમી આપી પકાવે છે. વળી ખાધેલ ખોરાકને શરીરની ગરમી મળે છે, તે વખતે અનાજના પરમાણુ છૂટા થઈને શરીરને શક્તિ આપે છે અને ગરમી ઓછી થાય ત્યારે શરીર ઠંડું પડી જાય છે. અને માણસ મરી જાય છે. મૂર્તિની આરતીની સાથે તેને ભોગ પણ ધરવો જોઈએ કે જેથી મૂર્તિની ગરમી ચાલુ રહે. શિયાળાનો વખત હોય તો મૂર્તિની પાસે સગડી મૂકવી જોઈએ અને મૂર્તિને સૂંઠ વગેરે ગરમ પદાર્થો પણ આપવા જોઈએ.

દ્વારકામાં રહેલ રણછોડરાયજીની મૂર્તિમાં ગરમી રાખવા માટે બોડાણો ત્યાં તુલસી ચડાવવા માટે જતો હતો, તેથી તે મૂર્તિમાં ડાકોર સુધી ચાલી આવવાની શક્તિ આવી. લોઢાને પણ ગરમ કર્યા પછી તેનો સ્વભાવ ફરી જાય છે. હજુ પણ ડાકોરમાં મૂર્તિને તુલસી ચડાવવામાં આવે છે.

ઘણીવાર નાની વસ્તુઓ વધારે શક્તિ આપે છે તેનું કારણ તેના ભમરડાના ફરવા ઉપર છે. હોમીઓપેથીક દવા નાની

હોય છે છતાં વધારે શક્તિ આપે છે. અબરખ ભસ્મ સહસ્ર–પુટી થોડી લઈએ તો પણ ઘણી શક્તિ આપે છે. માણસના વીર્યનું બિંદુ ઝીણું હોય છે, છતાં તેને જ્યારે સ્ત્રીના શરીરની ગરમી મળે છે ત્યારે તેમાંથી બાળક થાય છે, અને હાલમાં સાયન્સવાળા અણુની શક્તિથી એટમબોમ્બ બનાવી શક્યા છે. યોગી પોતાના હૃદયમાં ચિત્તની એકાગ્રતાથી તેજનો અનુભવ લઈને તે દ્વારા ઘણી સિદ્ધિઓ બતાવી શકે છે. બનારસના સ્વામી વિશુદ્ધાનંદ સૂર્યની ઉપાસનાથી મરેલા પક્ષીને જીવતું કરી શકતા હતા. તેથી બ્રાહ્મણો ગાયત્રી દ્વારા સૂર્યની ઉપાસના કરે છે, ટૂંકમાં, જે તેજ અને ગરમી આંખથી જોઈ શકાતાં નથી તેમાં ઘણી શક્તિ રહેલી હોય છે.

હાલના સાયન્સવાળા કહે છે કે Light is the most refined form of matter, એટલે તેજ એ જડ દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ છે.

ચેતનમાંથી જડ શી રીતે થયું? એ એક પ્રશ્ન છે. ચેતનમાં નાદથી બિંદુ થાય છે. તેને ફોટોન [photon] કહી શકાય, તેનામાં નવી શક્તિ આવે છે.

A photon is able to give birt h to a pair of electrons of contraty sign i. e. positive & negative.

એટલે માયાથી પ્રકૃતિ અને પુરુષ બે થાય. ત્યાંથી જડભાવની શરૂઆત થઈ. તેથી ઊલટું, જડમાંથી ચેતન તરફ જવા માટે જડને તેજોમય બનાવવું જોઈએ.

The material particles are capable of disappearing while giving rise to radiation.

મૂર્તિ તેજસ્વી થાય ત્યારે તેમાં જડતા રહેતી નથી. તે રણછોડજીની માફક વજનમાં પણ હલકી થાય છે. વજનમાં હલકી રાખવા માટે તેને રોજ તુલસીની ગરમી આપવી જોઈએ. આપણે કેવી માયાથી મૂર્તિની પૂજા કરીએ છીએ તે ઉપર બધો આધાર છે. શંકરનું લિંગ બહુ ગરમ હોય છે, તેથી ગરમી ઓછી કરવા માટે તેના ઉપર બીલીનાં પાન ચડાવવામાં આવે છે. ત્યાં તુલસી ચડાવવાથી ગરમી વધી જાય.

The value of wave–function varies for the different observers according to the measures.

જે વસ્તુ પૂજામાં ઉપયોગમાં લેવામાં આવે તે પ્રમાણે મૂર્તિનું તેજ ફરે છે અને તે દર્શન કરનારના સ્વભાવને અસર કરે છે. ત્યાં તે વખતે એક જાતનું ક્ષેત્ર બંધાય છે, તેને configuration કહે છે, તે વખતે નવી જાતના તેજના તરંગ [waves] બંધાય છે, અને તેમાંથી દિગ્બંધ થાય છે. તે વખતે ત્યાં બીજા કોઈ નજીક આવે નહિ અને મૂર્તિને અથવા પૂજારીને સ્પર્શ કરે નહિ તેવું કરવું જોઈએ. હાલના કાળમાં પૈસાની લાલચને લઈને ઘણા માણસોને મૂર્તિના ચરણ સ્પર્શ કરવા દેવામાં આવે છે તે ઠીક નથી. તે માણસ નાહીને શુદ્ધ થઈ રેશમી કપડું પહેરીને ભાવનાથી આવે તો હરકત નથી. રેશમી કપડામાં વીજળીનું તત્ત્વ રહે છે, તેથી જમતી વખતે બ્રાહ્મણો રેશમી વસ્ત્ર પહેરે છે. પૂજા વખતે જે ક્ષેત્ર બંધાય છે તેમાં બીજું તેજ આવે તો આખું ક્ષેત્ર ફરી જાય છે. સ્વપ્નમાં જાગ્રતનું

તેજ આવે તો સ્વપ્ન રહેશે નહિ. તેથી પૂજા વખતે ઉત્પન્ન થયેલ તેજની બરાબર રક્ષા કરવી જોઇએ. હાલનું સાયન્સ પણ કહે છે કે:–

Every observation which shows existence of the system is inconsistent with an isolation of the constituents and every effort to isolate the constituents destroys the system by this very action.

એટલે પૂજાની જગ્યામાં કોઇ નાસ્તિક માણસ રહેવો જોઇએ નહિં. જે ક્ષેત્ર પૂજાથી બંધાય છે તે પવિત્ર રાખવું જોઇએ.

જમતી વખતે પણ બધાને નજીક બેસાડવા ન જોઇએ. વળી પાટલાની પણ જરૂર છે, તેનાથી શરીરની ગરમી જમીનમાં ચાલી જતી નથી, હાલના કાળમાં ટેબલ ઉપર જમવાનો શોખ વધ્યો છે પણ તે વખતે પગ જમીનને અડે તો શરીરની ગરમી પૃથ્વીમાં ચાલી જશે.

જુદા જુદા દેશો જોવાની ઈચ્છાથી અને ઘણા પ્રકારના માણસોની અંદર વારંવાર ફરવાથી સાત્વિક તેજ જાળવી શકાતું નથી. જો સારી પ્રજા ઉત્પન્ન કરવી હોય તો પરણવા માટે બધાને ગમે તેમ છૂટ આપી શકાય નહિ. શરતનો ઘોડો પેદા કરવા માટે મા બાપ શોધવાં પડે છે, ઋષિમુનિ પેદા કરવા માટે તેવાં મા બાપ જોઇએ.

પ્રકરણ ૪

શરણાગતિ

મૂર્તિપૂજાની ભક્તિમાં અથવા બીજી ભક્તિમાં જીવની શરણાગતિ જરૂરની છે. જ્ઞાન માર્ગમાં તેને વાચ્યાર્થનો ત્યાગ કહે છે, ભગવાન સ્વતંત્ર છે અને જીવ પણ જો સ્વતંત્ર રહે તો એક જગ્યાએ બે ભગવાન રહે. એક ગામમાં બે રાજા હોય તો રાજ્ય સારું ચાલે નહિ. વીજળીનું તેજ કરવા માટે પોઝીટીવ અને નેગેટીવ છેડા જોડવા પડે છે, ભગવાન સર્વ શક્તિમાન છે, તેથી પોઝીટીવ તત્ત્વ છે. તેના તરફ જીવનો શરણભાવ એટલે નેગેટીવ દશા એટલે દીનતા જોઇએ. વળી જગત પોતે સત્તા વગરનું છે એટલે નેગેટીવ છે, તેના પ્રત્યે જીવે પોઝીટીવ એટલે સત્તાવાળું રહેવું જોઇએ, કે જેથી વિષયો જીવને દબાવી શકે નહિ. એ રીતે અંદર અને બહાર તેજનો અનુભવ થશે, પણ જીવની ભૂલ એ થાય છે કે ભગવાન તરફ દીનતા રાખવા જતાં વિષયો તરફ દીનતા થઇ જાય છે અને વિષયો તરફ સત્તા રાખવા જતાં ભગવાન તરફ સત્તાવાળો એટલે અહંકારવાળો રહે છે, તેથી અંદર અને બહાર અંધારું રહે છે.

શરણાગતિનો બીજો અર્થ પ્રપત્તિ થાય છે, પત્તિમાં જે પત્ ધાતુ છે, તેનો અર્થ ગતિ થાય છે અને ગતિ અર્થવાળા ધાતુઓને જ્ઞાનાર્થક માનવામાં આવે છે, તેથી પત્તિનો અર્થ જ્ઞાન થયો. તેની સાથે 'પ્ર' જોડેલ છે 'પ્ર'નો અર્થ પ્રકર્ષ થાય છે, એટલે પ્રતિપત્તિમાં જે પ્રકર્ષ છે તેની નિરન્તરતા, એટલે "તત્ત્વમસિ" વગેરે મહાવાક્યોથી જે ભક્ત પોતાના આત્મામાં ભગવાનનો સંબંધ કરી લે છે, એવી પ્રપત્તિ કરવાવાળા

બ્રહ્મજ્ઞાનીને માટે ભગવાન આત્યંતિક અભયપદ આપે છે. ગીતામાં પણ ચાર પ્રકારના ભક્તોનું વર્ણન આપતાં ભગવાન કહે છે કે "ज्ञानी त्वात्मैव मे मतम्" જ્ઞાની ભક્ત તો મારો મારા આત્મા જ છે, કારણ કે તે ભગવાનમાં અભેદ ભાવનાથી રહે છે, તેથી ભગવાન પણ તેને પોતાથી અભિન્ન સમજે છે.

પણ જેની દ્વૈત ભાવના નષ્ટ થઇ નથી અને જેનામાં ભગવાન પ્રત્યે સેવ્ય-સેવક ભાવ છે તેવાને બીજાથી ભય થાય છે. તેવા અધિકારીનો ભય ભગવાન પોતાની કૃપાથી દૂર કરે છે.

કેટલાક ભક્તો એમ માને છે કે ભગવાન કૃપા-સાધ્ય છે તેથી ભક્તે કાંઇ કરવાની જરૂર નથી, બધું ફક્ત તેની કૃપાથી મળશે, પણ કૃપા પોતે સાધ્ય છે કે સિદ્ધ છે? કૃપા સિદ્ધ હોય અને પ્રાપ્ત હોય તો તે માટે કાંઇ પુરુષાર્થની જરૂર નથી અને કૃપા સાધ્ય હોય તો કૃપા મેળવવા માટે કાંઇક પુરુષાર્થ કરવો જોઇએ, તેથી શાસ્ત્રમાં શરણાગતિના છ પ્રકાર નીચે પ્રમાણે બતાવેલા છે:-

૧. ભક્તિને અનુકૂળ સંકલ્પ કરવા.

૨. પ્રતિકૂળ સંકલ્પનો ત્યાગ કરવો.

૩. ભગવાન મારું રક્ષણ કરશે એવો વિશ્વાસ રાખવો.

૪. ભગવાનનુંવરણકરવું.

૫. આત્મ-સમર્પણકરવું.

૬. અકાર્પણ્યતા રાખવી એટલે કુટિલતાનો ત્યાગ કરવો, આંટલું કામ થયા પછી શરણાગતિ શરૂ થાય છે. તેની ત્રણ ભૂમિકા નીચે પ્રમાણે છે:-

૧. तस्यैवाहम् હું ભગવાનનો છું.

૨. ममैवासौ ભગવાન મારા છે.

૩. स एवाहम् હું અને ભગવાન એક છીએ.

૧. તે વખતે એક પ્રકારની આત્મિક દશા ઉત્પન્ન થશે.

૨. માણસ સંસારના વિષયોથી પાછો વળીને ભગવાનની સન્મુખ થાય છે.

૩. ભક્તને ભગવાનની હાજરી પોતાની અંદર આસપાસ અથવા નજીક લાગે છે.

૪. ભક્ત જ્યારે પોતાની મુશ્કેલીઓ ભગવાનની પાસે મૂકે છે ત્યારે તે કોઇ અગમ્ય શક્તિની મદદથી તે દૂર થવા લાગે છે.

ઉપરનાં ચાર ચિહ્નોથી ભગવાનની કૃપાનો પરિચય મળે છે.

રાસલીલા વખતે ગોપીઓ ભગવાનની બંસી સાંભળી ઘર છોડીને ભગવાનની પાસે દોડી ગઇ હતી. તે તેમનો પુરુષાર્થ હતો. ભગવાને તેમને પાછા જવાનું કહ્યું તો પણ તે પાછી ગઇ નહિ તે તેમની શરણાગતિ હતી. ભગવાને તેમને ઘેર જઇને શ્રાવણ, દર્શન, ધ્યાન, અને કીર્તન કરવાનું કહ્યું ત્યારે ગોપીઓએ કહ્યું કે અમે ફળની સંનિધિમાં છઇએ, તે સાધનથી જે ફળ મળે તે અમારી સામે છે, તેથી હવે માત્ર આપની કૃપા જોઇએ. આત્માને માટે વૃત્તિ-વ્યાપ્તિની જરૂર છે, ફળ વ્યાપ્તિની જરૂર નથી કારણ કે તે પ્રાપ્ત છે અને વૃત્તિ-વ્યાપ્તિ શરણાગતિથી સિદ્ધ છે.

કૃપા સાધ્ય છે, તે માટે તેવી વૃત્તિ જોઇએ અથવા

શરણાગતિ જોઈએ. જ્ઞાનીને ભગવાન જોઈએ છે અને તે આત્મારૂપે પ્રાપ્ત છે. ભક્તને ભગવાનનો પ્રેમ જોઈએ અને તે માટે સંબંધ રાખવો જરૂરી છે, તેથી શરણાગતિની જરૂર પડે છે.

આત્મા સત્ ચિત્ આનંદમય છે, તેમાં સત્ અને ચિત્‌ની પ્રાપ્તિનો ઘણાને અનુભવ થાય છે. આનંદની અભિવ્યક્તિ માટે વધારે શુદ્ધિની જરૂર પડે છે. ભક્તિના પુત્ર જ્ઞાન અને વૈરાગ્ય છે, તે વૃદ્ધ હોય તો ભક્તિ રડતી રહે છે. ત્યાંથી ભાગવતની શરૂઆત થાય છે.

પૂજાથી અને શરણાગતિથી જીવની અવસ્થામાં ફેરફાર થાય છે. ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ વસ્તુ-તંત્ર છે, તેમાં પુરુષાર્થની જરૂર નથી પણ સગુણ સ્વરૂપમાં પુરુષાર્થ છે, ક્રિયા છે, સેવા છે અને તે દ્વારા જીવમાં અને મૂર્તિમાં ઘણા ફેરફાર થાય છે.

A change in law will gradually necessitate a redefinition of the state of a system. The new law is that all is in all. It cannot be satisfied by an intermixing of things or original quantities but only by way of intermixing of laws. We have to find an exact relationship between different groups of measurements.

એટલે અનેક પ્રકારની માયાને એક કાયદામાં સમાવી લેતાં શીખવું જોઈએ. જેમકે ભાગવતના દશમ સ્કંધમાં ૧૩ મા અધ્યાયમાં કહેલ છે કે જ્યારે બ્રહ્મા બધાં વાછડાં અને

ગોપ-બાલકોનું હરણ કરી ગયા ત્યારે ભગવાને તેવાંજ વાછડાંનાં રૂપ લીધાં, તેવાંજ ગોપ બાલકો પોતે બની ગયા અને વ્રજમાં પાછાં દાખલ થતાં જે બાલકો જે ઘરનાં હોય તે તેજ ઘરમાં પ્રવેશ કરતાં હતાં. આ પ્રમાણે અનેક જાતની માયા (અથવા અનેક ધર્મ) માત્ર એક ભવદીય ધર્મને અનુસારે કામ કરતી હતી. જેની હૃદય ગ્રંથિ ખુલી ગઈ છે, તેને માટે આખું જગત વૃંદાવન છે. તે વખતે સેવ્ય-સેવક એક છે અને ભગવાન પોતે પોતાની પૂજા કરે છે.

For a genius, one case may stand for a thousand and a single instance is often worth a thousand and embraces them all. A physical object is determined by nothing other than the laws it obeys. A Bhakta by self-surrender enters a new dimension.

The statements of results of measurements are individual.

Statements of laws are general for all humanity.

Statements of principles are universal for all beings.

સાધારણ વ્યવહારમાં દૃષ્ટિ-બિંદુ અને ભૂમિકાના ભેદ માલૂમ પડતા નથી, જીવ પોતાના અહંકારમાં રહે છે અને તેથી શરણાગતિની જરૂર પડે છે. જીવ શરણ થયા પછી તેનામાં નવી

વિચાર શક્તિ ઉત્પન્ન થશે. સાચો ભક્ત ભવિષ્યમાં શું બનશે તેનો વિચાર કરતો નથી પણ તેના હાલના જ્ઞાનમાંથી ભવિષ્યમાં કેવું જ્ઞાન ઉત્પન્ન થશે, કેવો ભાવ ઉત્પન્ન થશે તેનો વિચાર કરે છે.

જે સાકાર મૂર્તિનું અવલંબન કરીને ચાલે છે તેને પહેલાં મૂર્તિજ ઈષ્ટ છે, પછી તેને વિચાર આવે છે કે શું મારા ઈષ્ટદેવ આટલામાં છે? રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા એ બધાં મારા ઈષ્ટદેવ છે, મારા ઈષ્ટદેવનાં ઘણાં રૂપ છે, પછી એવો ભાવ આવે છે કે બધાંમાં મારા ઈષ્ટદેવ છે અને મારા ઈષ્ટદેવમાં બધાં છે. બીમાંથી ઝાડ થઈને પછી તેવા જ બી રૂપ થાય છે.

જ્ઞાની પુરુષો વિવેક દ્વારા બધા સંબંધનો અભાવ કરે છે, શરણાગત ભક્તો જૂના સંબંધ છોડીને નવા દિવ્ય સંબંધ ઉત્પન્ન કરે છે.

જે માણસ માત્ર જગતને જુએ છે તેને જગત સમજવામાં ઘણી મુશ્કેલી પડે છે. જે માણસ જગત સાથે પોતાનો સંબંધ જાણવાની મહેનત કરે છે તેને જીવ, જગત અને ઈશ્વરનાં તત્ત્વો સમજવામાં બહુ સરળતા પડે છે.

Simplicity is a predicate pertaining to a total system. This system is closed in the sense that every intrusion in any one of its parts is communicated at once to the whole and makes itself logicaliy perceptible throughout. The greatest number of phenomena is comprehended by the fewest possible

determining factors and exactly described by them.

જે દર્શનમાં થોડા સિદ્ધાન્તોથી ઘણા બનાવ સમજાવી શકાય તે દર્શન ઊંચું ગણાય છે. તેમાં સરળતા અને સાદી રીત હોય છે, તેથી મૂર્તિપૂજા અને શરણાગતિ ઘણાને ફાવે છે પણ તેમાં પૂરી શ્રાદ્ધા જોઈએ.

જગત નદીની માફક એક જગ્યાએથી નીકળીને સીધી લીટીમાં બીજી જગ્યાએ પૂરું થતું હોય તો તેનો છેડો અને શરૂઆત મળશે નહિ, પણ જગત તળાવની માફક ગોળ હોય અથવા ઈંડાની માફક બ્રહ્માંડ હોય તો જેમ ઈંડાનો થોડો ગોળાકાર જાણવાથી આખો ગોળાકાર જાણી શકાય છે તેમ બ્રહ્માંડનો થોડો ભાગ જાણવાથી આખું બ્રહ્માંડ જાણી શકાય છે, તેથી જો એક જગ્યાએ મૂર્તિપૂજા કરતાં એમ લાગે કે જડ એ વાસ્તવમાં જડ નથી તો દુનિયાની બધી જડ વસ્તુઓ ચેતન જેવી લાગશે.

There are subjective principles that derive not from the constitution of objects but from the interest of reason. or from the intersaction of general relations.

દર્શન સુધારવાની જરૂર છે તેથી માણસો મંદિરે દર્શન કરવા માટે જાય છે. સાધુઓ પાસે પણ દર્શન માટે જાય છે અને ત્યાં પગે લાગીને શરણભાવ બતાવે છે. વૈષ્ણવો ઈશ્વરના રચેલ જગતને પ્રપંચ કહે છે અને જીવના રચેલ જગતને સંસાર કહે છે. જ્યારે જીવ પોતાની મમતાથી પોતાના અંતઃકરણ દ્વારા

પ્રપંચમાં અનેક ભાવ દાખલ કરે છે ત્યારે તેમાંથી શત્રુભાવ, મિત્રભાવ, ઉદાસીનભાવ વગેરે ઉત્પન્ન થાય છે. ઈશ્વરે પૃથ્વીના પડમાં તેલ રાખ્યું તેમાં ઘણું આરબના દેશોમાં આવ્યું, તેથી કેટલાકે આરબને મિત્ર બનાવ્યા. એકજ સ્ત્રી કોઈની કાકી, મામી, ફઈ અથવા માશી થઈ જાય છે. સંબંધની વિશેષતાના કારણથી એકમાં અનેકતા આવી જાય છે. ઈશ્વરે જે વસ્તુઓ બનાવી તે ઉપર જો જીવની માન્યતા ન ચડે તો તે વસ્તુ ઉપયોગમાં આવતી નથી. જીવના મનમાં જે વસ્તુ આવે છે તે ઉપયોગમાં આવે છે. કોઈ ધનવાન શેઠે કોઈ બ્રાહ્મણને એક ઘર રજીસ્ટર કરીને દાનમાં આપ્યું, પણ જ્યાં સુધી તે બ્રાહ્મણને ખબર પડતી નથી ત્યાં સુધી તેને આનંદ થતો નથી. માનસ જગત જીવ ઉત્પન્ન કરે છે, તેને અંગ્રેજી ભાષામાં symbol કહે છે, એટલે કાંઈક અર્થવાળું જગત, પછી તેના કાયદા પણ નજરે પડે છે. એક રૂપ બીજા રૂપનું કારણ બને છે. એકજ વસ્તુ અનેક રૂપમાં જુદા જુદા જીવોની ઉપભોગ–સામગ્રી બને છે. જીવનું અંતઃકરણ માયાવાળું હોય છે, તેને ભગવાન તરફ વાળવું હોય તો શરણાગતિની જરૂર છે. પછી નવા સંબંધ ઉત્પન્ન થશે અને તેનાથી જગત નવા રૂપે દેખાશે.

What a thing is can only described by refering to the laws governing it. We do not know objects if they were already determined and given as objects but we know OBJECTIVELY by producing certain limitations and by fixing certain permanent elements and connections within the uniform flow of experience. The thing is an expression of the form and manner of conceiving. It is a necessary element in the process of objectification. According to the function of objectivity, there arises different concepts of physical reality.

આપણને નાની ઉંમરથી જગતની ચીજો આપણી બહાર મૂકવાની ટેવ પડી ગઈ છે, તે માયા છે અને માયાને અનેક રૂપ છે. એકજ ટેબલ મોટા માણસને નાનું લાગે છે અને નાના બાળકને મોટું લાગે છે. નાના બાળકની ચીજો તેની માયા પ્રમાણે અને તેના દર્શન પ્રમાણે હોય છે. મોટા માણસની સામેની ચીજો પણ તેના દર્શન પ્રમાણે હોય છે. મૂર્તિ પણ નાના બાળકને જેવી દેખાય છે, તેવી મોટાને દેખાતી નથી, મૂર્તિને આપણાથી જુદી મૂકવાની ટેવ એ નાની ઉંમરથી બધી ચીજોને જુદી મૂકવાની ટેવના જેવી છે, પણ ક્વાન્ટમથીઅરીથી સાયન્સવાળાએ નક્કી કરેલ છે કે બહારની ચીજોનો આધાર જોનારની માયા ઉપર છે, તેમાં બહારપણું પણ જોનારની માયામાંથી નીકળે છે.

Modern atomic physics deals with the nature and structure not of atoms but of the events which we perceive when observing the atom.

એટમ અથવા પરમાણુ દરેકને સરખા દેખાતા નથી, તેનો ખુલાસો ગયા પ્રકરણમાં આપેલ છે. તેથી વસ્તુ નક્કી કરવા

પહેલાં પ્રમાણ નક્કી કરવું જોઈએ. બાળકને ઘરની બધી ચીજો નાની લાગે છે, તે કાયદો સરખી ઉંમરના બાળકોને લાગુ પડે છે, મોટા માણસો માટે જુદો કાયદો હોય છે. તે એક વસ્તુને લાગુ થતો નથી પણ બધી વસ્તુઓને લાગુ થાય છે. સંસારની દૃષ્ટિ પ્રમાણે મૂર્તિને જોવાની નથી પણ ભગવાનનું દર્શન કરીને તે પ્રમાણે સંસારને જોવાનો છે. પોતાનું માયિક દર્શન છોડવા માટે શરણાગતિની જરૂર છે. નાના બાળકે મોટા માણસનું દર્શન પકડવું હોય તો તેણે નાની ઉંમરનું દર્શન છોડવું જોઈએ, તેજ પ્રમાણે મોટા માણસને દિવ્ય દર્શન જોઈતું હોય તો શરણાગતિ જોઈએ. તેમાં દૃશ્યાનુરક્તિ છૂટી જશે અને દ્રષ્ટાનુરક્તિ ઉત્પન્ન થશે.

The quantum theory does not represent a modification in mechanical and electro-dynamic theories describable on the common physical concepts but a profound failure of the space-time representations by which descriptions of natural phenomena were hitherto attempted. The representations fail but the relations laid down in the statements of measurements and laws remain in force and it is these which form the intimate foundations of physical knowledge.

એટલે ક્વાન્ટમથીઅરી દ્વારા દેશ-કાળમાં રહેલી વસ્તુનું વસ્તુત્વ ઊડી ગયું છે, પણ માયાથી અને જે કાયદાથી જીવો

જગતને જુએ છે તે કાયદાથી જગતનું જ્ઞાન થાય છે. તેથી મૂર્તિ એ મૂર્તિ નથી પણ મૂર્તિનો સંબંધ એ મૂર્તિ છે.

જ્યારે સંબંધ ફરે ત્યારે મૂર્તિ એક જગ્યાએ રહેતી નથી.

A change of locattion proceeds continuously.

કારણકે હવે મૂર્તિની વાત કરવાની નથી. જ્યાં સુધી સંબંધ એજ મૂર્તિ છે ત્યાં વારંવાર મૂર્તિની જગ્યામાં ફેર પડે છે. પૂજા વખતે મૂર્તિના તેજની સાથે સંબંધ થાય છે અને તે તેજમાં સંબંધ પ્રમાણે ફેરફાર થયા કરે છે. દૂધનું દહીં કરવા માટે ઋતુની ગરમી ઠંડી ધ્યાનમાં રાખવી પડે છે તેમ મૂર્તિમાં ચેતન લાવવા માટે આલંબન અને ઉદ્દીપન વિભાવ અને સંબંધ વગેરે ધ્યાનમાં રાખવા પડે છે. દરેક નવા દૃષ્ટિ-બિંદુથી તેમાં ફેરફાર થયા કરે છે, નવા કાયદા છોડવા પડે છે, તેને શરણાગતિ કહે છે.

જ્યાં સંબંધ પ્રમાણે જગત માલૂમ પડે છે ત્યાં કોઈ એમ કહે કે મેં અમુક કામ કર્યું તો તે માત્ર અહંકાર છે. કોઈ કામ એકલા થતું નથી, દરેક કામમાં બેની જરૂર પડે છે તેથી અહંકાર રાખવો નકામો છે. એકલો માણસ કાંઈ કામ કરે તો પણ તે ભગવાનની સત્તાથી થાય છે, તેથી શરણાગતિની જરૂર છે.

પણ ભગવાન છે ક્યાં?

તેની મૂર્તિની પૂજા કરીને અનુભવ લ્યો એટલે ખાત્રી થશે, તે વખતે તે તેજ રૂપ થશે અને તેજને ભક્ત જ્યાં ચાહે ત્યાં રહેવું પડે છે. જેમ ભક્ત ભગવાનને અનુકૂળ રહે છે તેમ ભગવાન પણ ભક્તને અનુકૂળ રહે છે.

વિભીષણ જ્યારે રામને શરણે આવ્યા ત્યારે રામે તેમને બોલાવ્યા કે "પધારો! લંકેશ!" એટલે "લંકાના પતિ, પધારો," છેવટે કૃપા કરીને તેને લંકાનું રાજ્ય પણ આપ્યું. ભક્તોમાં પહેલું નામ આર્તભક્તનું છે, તેમાં વિભીષણ, દ્રૌપદી વગેરેનો સમાવેશ થાય છે. શ્રીરામચંદ્રજીએ એમ પણ કહ્યું હતું કે જો રાવણ મારે શરણે આવે તો હું તેને અયોધ્યાનું રાજ્ય પણ આપી દઉં. એ ભગવાનની અહૈતુકી કૃપા છે. પૂતના જેવી રાક્ષસી ભગવાનને ઝેર પાવા આવી તોયે ભગવાને તેને સદ્દગતિ આપી, એવી ભગવાનની અહૈતુકી કૃપા છે. પૂતનાએ કોઈ વ્રત, તપ, કે સાધન કર્યું નહોતું, છતાં તેની સદ્દગતિ થઈ. આંહીં જીવના સાધનનો વિચાર નથી પણ ભગવાનની કૃપાનો નમૂનો છે. તેનાથી શરણાગતિ વધે છે.

જેમ ભોજન કરતી વખતે પ્રત્યેક કોળિયાએ સંતોષ, શરીરનું પોષણ અને ક્ષુધાની શાંતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેમ ભક્તિ વધે છે ત્યારે સાથે સાથે જ્ઞાન અને વૈરાગ્ય પણ વધે છે.

શરણાગતિ વખતે ભક્ત અને ભગવાનની સાથે એક ક્ષેત્ર તૈયાર થાય છે. તે પછી ત્યાં ક્ષેત્રના ધર્મ ઉત્પન્ન થાય છે. ભગવાનની સાથે સંબંધ થયા પછી જીવના સાધનનો કે તેના સ્વભાવનો વિચાર કરવાનો નથી. હાલનું સાયન્સ પણ કહે છે કે:–

There are no longer any material points in the sense of classical mechanics but instead as centers of energy. Waves are not tied to spatiotemporal point, they enjoy a kind of

omnipresence. Each extends through the entire space which, however, is no longer to be considered as an empirical space but a configuration of space.

રેડિયોમાં કલકત્તાની વેવ–લેંગ્થ મૂક્યા પછી તેના તેજનું કિરણ તરત કલકત્તાનું સંગીત પકડી લે છે. મૂર્તિને પણ આરતીથી તેજ આપ્યા પછી તેની અસર ઘણી જગ્યામાં પહોંચે છે. ખરાબ માણસ પણ જો અનન્ય ભક્તિથી ભક્તિ કરે તો તરત મહાત્મા થઈ જાય છે.

જેવી દૃષ્ટિથી મૂર્તિને જોવામાં આવે છે તેવી તે બની જાય છે. જેનામાં જડની દૃષ્ટિ હશે તેને તેવી દેખાશે. મૂર્તિને તેજોમય કર્યા પછી તેનામાં અનંત રૂપ આવે છે. તેજ ઉત્પન્ન કર્યા પછી તેમાંથી ઘણા શબ્દો નીકળે છે, રેડિયોને ખુલ્લો કરીને જોઈએ તો તેમાં ઘણી નાડીઓ હોય છે. તેની અંદર તેજ પસાર થતાં ઘસાય છે અને તેમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે. માણસના હૃદયની અંદર રહેલું તેજ પણ પ્રાણની નાડીઓમાં ઘસાઈને મુખમાંથી શબ્દ રૂપે બહાર આવે છે. શાસ્ત્રમાં કહેલ છે કે અગ્નિ વાણી રૂપે થાય છે. તેવીજ રીતે મૂર્તિમાં આરતીથી ઉત્પન્ન કરેલું તેજ ભક્તની ભાવનાની વૃત્તિઓથી અને પ્રાર્થનાથી ઘસાય છે, તે વખતે મૂર્તિ બોલવા લાગે છે.

Then there are aggregates of processes. The uncertainty relations refers to measurements. A point, a curve, a straight line, these no longer have a firmly determined significance ascribed to them independently of their mutual relations.

સ્વપ્નોના જીવને તેજસ કહે છે. તેના એકના તેજમાંથી ઘણા પ્રકારના સંબંધ બની જાય છે; તો ભગવાનના તેજમાંથી શું ન બને! તેમાં બધી શક્યતા છે. તેથી કેટલાક ભક્તો તરફથી લોકોને નવા નવા પરચા મળી શકે છે. ભગવાન એક જગ્યાએ રહેતા નથી. ભક્ત પણ એક જગ્યાએ રહેતો નથી. જેમ બે દીવાનું તેજ ભેગું થઈને પ્રકાશ આપે છે તેવી દશા ઉત્પન્ન થાય છે.

તેથી માણસે બહારનું કામ કરવાને બદલે પોતાના ઉપર ઘણું કામ કરવું પડે છે. જૂના વિચાર છોડવા પડે છે. ભણેલું ભૂલવું પડે છે, તે પણ શરણાગતિનો એક પ્રકાર છે.

ભક્તને ત્રીજી આંખ મળે છે, તે નવો પ્રકાશ છે, તે ભગવાનની કૃપાથી મળે છે.

કોઈ એમ માની બેસે કે અજામિલે છેલ્લી વખતે એકવાર ભગવાનનું નામ લીધું હતું અને તે તરી ગયો હતો તેમ આપણે પણ છેલ્લી વખતે નારાયણનું નામ લઈને તરી જશું પણ તે ખરી શરણાગતિ નથી. ભક્તને ગમે તે કર્મ કરવાની છૂટ નથી. અજામિલે ભગવાનનું નામ લીધા પછી તેનાં પાપ બળી ગયાં હતાં, તેણે સંસારી નામો લીધાં નહોતાં, તે સાજો થઈ હરદ્વારમાં તપ કરવા ચાલ્યો ગયો હતો, નામ લેવાથી તેવી શુદ્ધિ થવી જોઈએ, અને જીવનમાં ફેરફાર થવો જોઈએ. મૂર્તિની પૂજા પૂરી થયા પછી કોઈને ગાળો દેવા માટે ઉઠાય નહિ, કોઈની નિંદા થાય નહિ, કોઈની ટીકા થાય નહિ. શરણ થયેલો ભક્ત બધે ભગવાનને જુએ છે. કોઈના ગુણ કે દોષ ન જોવા એ ગુણ છે. ભક્ત અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરે છે.

મૂર્તિપૂજા કરતાં ન આવડતી હોય તો પૂજા કરાવનાર કહે છે કે "આંખે પાણી અડાડો" એટલે દર્શન ઠીક કરો. સામાન્ય શાસ્ત્ર એવું છે કે દુષ્ટોનો પરિત્યાગ કરવો પણ વિશેષ શાસ્ત્ર એવું છે કે જો તે શરણાગત થાય તો તેના ઉપર કૃપા કરવી અને તેને મદદ કરવી, ભગવાન પણ શરણાર્થીનો ત્યાગ કરતા નથી.

What really and truly is going on in our consciousness is not a grasping of objects but a continuous process of objecti fication, the raw material is gradually and systematically being worked over by the concepts and methods of our mind is being foumed and objectified. What we name as "objects" are in reality nothing else but more or less advanced stages of this infinite process of objectification.

એટલે દૃશ્યાનુરક્તિથી દૃશ્ય બને છે, તે દૃશ્ય માણસ પોતાના વિચારથી બનાવે છે, સ્વપ્નમાં તેનો અનુભવ થાય છે. તેવી જ રીતે ભક્ત દર્શન સુધારે છે, તેમાંથી Continuous process of subjectification બને છે એટલે તે બધામાં બધી જગ્યાએ ભગવાનને જ જોયા કરે છે.

ભરતને મફતમાં રાજ્ય મળતું હતું પણ તે તેમણે સ્વીકાર્યું નહીં અને તેઓ ચિત્રકૂટ જઈને રામને શરણે ગયા. રામે તેમને પોતાની વતી થોડો વખત રાજ્ય કરવાનું કહ્યું. ભરતે ચૌદ વર્ષ રાજ્ય કર્યું છતાં તેને રાજસત્તાનો મોહ લાગ્યો નહિ, કારણ કે તેનામાં શરણાગતિ હતી.

ગીતામાં અગિયારમા અધ્યાયમાં કહેલ છે કે અર્જુન

ભગવાનનું વિશ્વરૂપ જોઈને ગભરાઈ ગયા. આવા ભક્તોને માટે ભગવાનનું નાનું રૂપ વધારે અનુકૂળ લાગે છે.

શરણાગતિ થયા પછી ભગવાન ભક્તનું કામ સંભાળી લે છે પણ તે પછી વિષયોને શરણ થવું ન જોઈએ. જો જીવ વિષયોને શરણ થાય તો તેની શરણાગતિ ખોટી છે. વિષયો પોતે સત્તા વગરના છે અને જીવ પણ જો સત્તા વગરનો થાય તો પ્રકાશનો લાભ મળશે નહિ. બધા સાચા ભક્તોએ વિષયોને જીત્યા છે. ભક્તિમાર્ગના ઘણા આચાર્યો સન્યાસી હતા. વિધાતાએ કનક અને કાન્તા વિઘ્નરૂપે મૂકેલાં છે અને પાંચ ઈન્દ્રિયો આપેલ છે, તે શરણાગતિમાં વારંવાર વિઘ્ન ઉત્પન્ન કરે છે, અને માળા ફેરવતી વખતે પૂર્વચિતિ અપ્સરા રૂપે તે આવે છે. તે પહેલાં કરેલા કર્મનું સ્મરણ છે, તેથી આવાં વિઘ્નોથી ચેતતા રહેવું જોઈએ. પ્રહ્લાદને નરસિંહ ભગવાને વર માગવાનું કહ્યું ત્યારે તેણે માગ્યું કે "મારી અંદર કોઈ કામના રહે નહિ, એવું માગું છું."

મંત્ર શક્તિ

લેખક

સ્વામી માધવતીર્થ

પ્રાપ્તિસ્થાન

વેદાન્તઆશ્રમ ટ્રસ્ટ

પોષ્ટ : વલાદ, જિ.: ગાંધીનગર-૩૮૨૫૫૫

પ્રકાશક :
વેદાન્તઆશ્રમ ટ્રસ્ટ
પોસ્ટ : વલાદ, જિ.: ગાંધીનગર
પીનકોડ : ૩૮૨૫૫૫

આવૃત્તિ બીજી

મુદ્રક:
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩-૫૪ સી, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.

પ્રસ્તાવના

શાસ્ત્રોમાં એમ કહેલું છે કે કલિયુગમાં ભગવાનના નામ-સ્મરણનો અને મંત્રનો મહિમા મોટો છે, તેનું મુખ્ય કારણ એ છે કે આ યુગમાં બીજાં ખોટાં નામ અને ખોટા રૂપની સંખ્યા બહુ વધી ગઇ છે. માણસ સમાજને સુધારી શકે તેવો છે પણ માણસના શરીરનું આયુષ્ય ટૂંકું છે. સમાજનું આયુષ્ય વધારે છે, તેથી જો સમાજ ખોટે રસ્તે જતો હોય તો નાની ઉંમરથી જ માણસમાં ખોટા સંસ્કાર પડી જાય છે. એ સંસ્કારનું સ્મરણ એટલું બધું વધી જાય છે કે તેનો ભાર મંત્ર શક્તિથી ઓછો થઇ શકે તેમ છે.

માણસનું જીવન ભૂતકાળના સંસ્કારની સ્મૃતિથી ચાલે છે અને વર્તમાન સંજોગોના દબાણથી ચાલે છે. તે બંને કારણ વચ્ચે મેળ રહેવો જોઇએ. નાની ઉંમરે જે સંસ્કાર પડે છે તેનું સ્મરણ બહુ રહે છે, તે સંસ્કાર સારા હોય તો બહુ ફાયદો થાય છે, પણ હાલના ઉતાવળિયા જીવનમાં માબાપને બાળકોના સંસ્કાર ઠીક કરવા માટે પૂરતી ફુરસદ નથી અને શાળાના શિક્ષકોને પણ ફુરસદ નથી. વળી માબાપો અને શિક્ષકો પણ સમાજ પ્રમાણે ચાલવાને બંધાયેલાં છે, તેમાં ઘણી ભૂતકાળની ભૂલો ચાલુ રહેલી હોય છે, કારણકે ઇન્દ્રિયોના સુખની લાલસા દિવસે દિવસે વધતી જાય છે, તેથી અર્થ અને કામ એ બે પુરુષાર્થમાં જ જીવન અટકી જાય છે. યુરોપમાં જે બન્યું છે તેની અસર છેલ્લાં બસો વર્ષમાં આપણા દેશમાં પણ આવેલ છે, છતાં આપણા દેશમાં હજુ કેટલુંક જૂનું સાહિત્ય રહી ગયેલ છે તેની મદદથી માણસ ભેદમાંથી અભેદમાં આવી શકે તેવું છે, તેમાં એક સાધન મંત્રશક્તિનું છે.

કોઇ એમ પણ પ્રશ્ન કરી શકે કે એક કલાક મંત્ર જપવા કરતાં કોઇ ગરીબ માણસને ખાવાનું કે કપડાં આપવાં એ આપણા જીવનનો

વધારે સારો ઉપયોગ કહેવાય કે નહિ ? ગરીબ માણસને મદદ કરવી એ તાત્કાલિક પુણ્યનું કામ છે, અને જરૂરનું છે; મંત્રશક્તિથી નવું જીવન મળે છે અને ધર્મ તથા મોક્ષનો રસ્તો ખુલ્લો થાય છે, બન્ને કર્મની અને બન્ને જીવનની યોગ્ય તુલના કરતાં આવડવું જોઇએ. પરિણામી જીવનમાં સદા રહેવાથી વિચારશક્તિ જાગ્રત થતી નથી. ગીતામાં કહેલ છે કે:–યજ્ઞ, દાન અને તપ એ ત્રણે માણસને પવિત્ર કરનાર છે, યજ્ઞમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે. ભગવાન નિત્ય હોવાથી તેનું નામ નિત્ય છે. તેથી નામ એ નિત્ય વસ્તુ તરફ આકર્ષણ કરનાર તત્ત્વ છે. જે એકતા થોડીવાર રહે છે તે સારા કર્મથી પ્રાપ્ત થાય છે, જે એકતા કાયમ રહે છે તે ભક્તિ અને જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. ઉતાવળિયા સ્વભાવવાળા માણસને તરત ફળ મળે તેવું કાંઇક જોઇએ છે. કોઇ ગામનો રસ્તો સુધારી આપ્યો એટલે તરત ફળ મળ્યું. બીજે દિવસે તે માણસનું મરણ થશે તો પુણ્યનું ફળ જરૂર મળશે, પણ જીવ, જગત અને ઈશ્વરનાં તત્ત્વો જાણીને પરમ અદ્વૈતભાવ પ્રાપ્ત કરવો તેમાં જુદા પ્રકારની જીવન–કળાની જરૂર પડે છે, તેમાં બહુમતિનો મત કામ આવે નહિ. તેમાં ઉત્તમ મતિવાળાની બુદ્ધિની જરૂર પડે છે. પોતાની જાતના જીવોનું પોષણ કરવું એ સ્વભાવ પશુઓમાં પણ છે; પણ વિચારવાન માણસે તે કરતાં ઊંચું જીવન કરવું જોઇએ. બંને જાતનાં કર્મ જરૂરી છે અને બધાં કર્મ વચ્ચે મેળ રહેવો જોઇએ. કાચી બુદ્ધિવાળા બહુ વિચાર કરતા નથી અને ઉતાવળથી પોતાનું કર્મ નક્કી કરી લે છે, અથવા સમાજને જે રુચે તે સારું. ઉતાવળિયા સ્વભાવને નિયમમાં લાવવા માટે પહેલાં મંત્ર–જપની જરૂર છે. થોડા વખત પછી જ્યારે મંત્રની જરૂર ન રહે ત્યારે ગુરુ શિષ્યને નિત્ય વસ્તુનું ધ્યાન બતાવે છે અને તે પછી આત્મજ્ઞાન આપે છે. પરમાત્મા બધામાં રહેલા હોવાથી મંત્ર જપવાવાળો માણસ બધામાં પરમાત્માને જોવાનો પ્રયત્ન કરશે અને અદ્વૈતભાવ તરફ વળશે. દ્વૈતભાવવાળાની સેવાથી માત્ર થોડીવારનું અદ્વૈત સિદ્ધ થાય છે કે જે ખરું અદ્વૈત નથી. માણસો સાથે વ્યવહાર રાખી માણસના જેવું થવું એ જ

જો જીવનનું અંતિમ લક્ષ્ય રહેશે તો દ્વૈતભાવ દૂર થશે નહિ. એ પશ્ચિમના દેશોના સંસ્કારનું ફળ છે, પણ માણસ કરતાં આગળ વધીને દિવ્ય જીવન કરવું હોય તો જેણે એવું જીવન કર્યું હોય તેમણે જે સાધન લીધું હોય તેવું સાધન લેવું પડશે. આપણે બીજા દેશોની સાથે વ્યવહારની અને વેપારની જરૂર પડી તેથી તેનો સંવત, રવિવારની રજા વગેરે સ્વીકારી લીધાં, તેની સાથે તેમની મૂર્ખાઇના સંસ્કાર પણ સ્વીકારી લીધા. બધી જાતની મૂર્ખાઇ દૂર કરવી હોય તો આપણે વિચાર કરી નવો રસ્તો લેવો પડશે અને આપણો સમાજ એવો કરવો જોઇએ કે પશ્ચિમના માણસો આપણા દેશમાં અદ્વૈતનું જ્ઞાન લેવા માટે આવે. બહુ પ્રવૃત્તિથી ઉતાવળો સ્વભાવ કરવા કરતાં એકાન્તમાં ધીરજથી વિચાર કરવાથી સાચો રસ્તો મળે છે. એવા બ્રાહ્મણોની બુદ્ધિનો એક નમૂનો નીચે આપેલો છે.

માણસના જીવનમાં સાચા પ્રમાણની જરૂર છે. તે સિવાય સારું જીવન મળશે નહિ. ઘણા માણસો કહે તે સારું જીવન હોય અને બહુમતિથી ચાલતાં રાજ્યો સારાં હોય તો લડાઇ કદાપિ થાય નહિ. બહુમતિવાળાને સાધારણ જીવન સાથે બહુ સંબંધ રાખવો પડે છે, તેથી મૂર્ખાઇ ઓછી થશે નહિ. તેનો નમૂનો યુરોપ અને અમેરિકામાં છે.

હાલનો સામાજિક માણસ બીજાનું ભલું કરે છે પણ પોતે ઇન્દ્રિયોના સુખમાં તણાઇ જાય છે. સાચી દશા માટે સાચી વાણીની જરૂર છે અને સાચા શબ્દની જરૂર છે. જેમ એક માણસને બીજા માણસ સાથે વાત કરવા માટે શબ્દની જરૂર પડે છે, પતિ–પત્નીનો પહેલો સંબંધ શબ્દથી થાય છે, તેમ ભગવાનની સાથે સંબંધ માટે પણ શબ્દની અથવા મંત્રની જરૂર પડે છે. મંત્ર–શક્તિથી નવું આકર્ષણવાળું ક્ષેત્ર તૈયાર થાય છે, તેમાં ભક્ત અને ભગવાન વચ્ચેનો ભેદ દૂર થાય છે. હાલનું સાયન્સ પણ કહે છે કે:–

"In a magnetic field, space and time lose their independence."

જ્યાં આકર્ષણ થાય છે ત્યાં દેશ કાળની સ્વતંત્રતા દૂર થાય છે અને તેથી જીવ બ્રહ્મની એકતા થાય છે.

પોષ્ટ–વલાદ — સ્વામી માધવતીર્થ
સ્ટેશન–મેદરા — અષાઢી પૂર્ણિમા, સંવત ૨૦૧૧
(અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે) — તા. ૫–૭–૧૯૫૫

અનુક્રમણિકા

પ્રકરણ ૧

મંત્રનું બળ

લગભગ પચાસ વર્ષ પહેલાંનો બનાવ અહીં આપું છું. એક વખત બનારસના સદ્ગત પ્રખ્યાત વિદ્વાન પુરુષ બાબુ ભગવાનદાસ પોતાના ઘરમાં સવારે ૧૦ વાગે બેઠા હતા. તે વખતે એક અંધ બ્રાહ્મણ અને એક તેને દોરનાર એમ બે માણસો તેમના ઘર પાસે આવ્યા. બન્ને ભૂખ્યા હોવાથી જમવાનું માગ્યું. બાબુ ભગવાનદાસે તેમને કહ્યું કે "હજુ રસોઈને તૈયાર થતાં એક કલાક લાગશે, માટે, તમે એક કલાક પછી આવો તો ભોજન આપી શકાશે," તે અંધ બ્રાહ્મણે કહ્યું કે "હું આંખે દેખતો નથી તેથી બહુ ફરી શકું તેમ નથી પણ મને બેસવા માટે કોઇ જગ્યા આપો તો હું આંહીં એક કલાક બેસી રહું." બાબુ સાહેબે તેમને બેસવા માટે ઓશરીમાં જગ્યા આપી. બન્ને ભિક્ષુક ત્યાં બેઠા. તે વખતે બાબુસાહેબને અંધ ભિક્ષુક સાથે કાંઇક વાતચીત કરવાની મરજી થઇ, એટલે તેમણે એક બે પ્રશ્ન પૂછ્યા. તેના જવાબ બહુ જ્ઞાનપૂર્વક અંધ ભિક્ષુક બ્રાહ્મણે આપ્યા. તે ઉપરથી બાબુસાહેબને લાગ્યું કે આ કોઇ વિદ્વાન્ બ્રાહ્મણ છે. પછી તેમણે ૐકારની ઉપાસનાની બાબતમાં પ્રશ્ન પૂછ્યા. તેના જવાબ તે બ્રાહ્મણે સંસ્કૃત શ્લોકોના પ્રમાણથી એવા સરસ રીતે આપ્યા કે બાબુસાહેબને બહુ આશ્ચર્ય થયું. તે પછી તેમણે અંધ બ્રાહ્મણને પૂછ્યું કે "પ્રણવની ઉપાસના બાબતમાં આપ કંઇ જાણતા હો તો કહો." તે અંધ બ્રાહ્મણે કહ્યું કે "મને આખો પ્રણવવાદ મોઢે છે, તેના હજારો શ્લોકો મને યાદ

છે, તે શાસ્ત્ર હજુ છપાયું નથી." આ જવાબથી બાબુસાહેબને વધારે આશ્ચર્ય થયું. પછી તેમણે તે બન્ને ભિક્ષુક બ્રાહ્મણોને કહ્યું કે "આપ આંહીં બેત્રણ મહિના રહો અને મને પ્રણવવાદનું (ૐકારનું) રહસ્ય સમજાવો," એવો આગ્રહ કરી તે બન્નેને પોતાની પાસે રાખ્યા અને તે ઉપરાંત બે પંડિતો રાખીને આખો પ્રણવવાદ લખાવી લીધો. તે ઉપરથી તેમણે અંગ્રેજી ભાષામાં પ્રણવવાદના ત્રણ મોટાં પુસ્તકો પ્રસિદ્ધ કરેલ છે અને તે થિઓસોફીકલ સોસાયટીમાં મળી શકે છે.

હાલના કાળમાં થોડાં વર્ષ પહેલાં કેવી બુદ્ધિવાળા બ્રાહ્મણો હિંદમાં હતા તે ઉપરની હકીકત ઉપરથી જણાઇ આવે છે. તે ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે જે વખતે હિંદમાં છાપખાનાની કળા નહોતી ત્યારે હજારો અને લાખો શ્લોકોવાળાં ઇતિહાસો અને પુરાણો જે બ્રાહ્મણો હાથથી લખીને આપણને આપી ગયા છે, તે સંસ્કારની દૃષ્ટિએ બહુ આશ્ચર્યકારક ઘટના છે. શ્રીમદ્‌ભાગવતમાં ૧૮૦૦૦ શ્લોક છે. સ્કંદપુરાણ ઘણું મોટું છે, મહાભારતના એક લાખ શ્લોક છે એમ મનાય છે, વાલ્મીકિ રામાયણ પણ અદ્‌ભુત શાસ્ત્ર છે. આવાં આવાં આશ્ચર્યકારક શાસ્ત્રો લખવાની અદ્‌ભુત શક્તિ તે વખતના બ્રાહ્મણોમાં જોવામાં આવતી હતી. તે શક્તિનાં મૂળ કારણ જોઇએ તો તેમની ત્રિકાળ સંધ્યા, ગાયત્રી મંત્રની ઉપાસના, સદાચાર, સંયમ, વર્ણાશ્રમની સમાજપદ્ધતિ, ચાર પુરુષાર્થ, સાત લોકની ભૂગોળ, ચાર યુગની વાતો વગેરે દ્વારા જાણી શકાય છે. આવા સાહિત્ય માટે નવા પ્રકારની શુદ્ધ બુદ્ધિની જરૂર પડે છે, માટે સાત્ત્વિક ખોરાક, અને સાત્ત્વિક

વાતાવરણ જોઇએ અને તે સાથે ગાયત્રી મંત્રની ઉપાસના પણ ઘણું બળ આપે છે. કારણમાંથી કાર્ય ઉત્પન્ન કરવાનું બળ તેને શક્તિ કહે છે, એવી મંત્રશક્તિ પ્રાચીનકાળના બ્રાહ્મણોમાં હતી. એ દૃષ્ટિએ જોતાં હાલના બ્રાહ્મણોના સંસ્કારોમાં ઘણી પડતી દશા જોવામાં આવે છે. વસ્તી વધી જવાથી અને ઇન્દ્રિયોના ભોગ માટે સંચાથી મળતી વધારે સગવડને લઇને બ્રાહ્મણનાં બાળકો માત્ર પૈસા કમાવા માટે ભણે છે, કેટલાંક જનોઇ પણ રાખતાં નથી અને મંત્રને બદલે યંત્ર તરફ વળતાં જાય છે. તેઓ યાંત્રિક અભ્યાસ માટે યુરોપ અને અમેરિકા સુધી જાય છે, ત્યાં શુદ્ધ ખોરાક અને વાતાવરણ મળતું નથી. ત્યાંથી પાછા આવ્યા પછી તેમને વર્ણાશ્રમના સમાજની રીત પસંદ આવતી નથી, તેઓને ગમે તે જ્ઞાતિમાં લગ્ન કરવાની ઇચ્છા થાય છે, તેથી બ્રાહ્મણનું બી બગડતું જાય છે. પ્રાચીન કાળમાં હિંદની કેળવણીનું ખાતું બ્રાહ્મણોના હાથમાં હતું તેથી સારા શિક્ષકો મળી શકતા હતા. વિમાનનો પાયલટ પસંદ કરવામાં જેટલી સંભાળ રાખવામાં આવે છે તે કરતાં વધારે સંભાળ શાળાના શિક્ષકો પસંદ કરવામાં લેવી જોઇએ, કારણ કે શિક્ષણ ઉપર પ્રજાના સંસ્કારનો ઘણો આધાર છે.

ઉપર કહ્યું તેમ સારા સંસ્કારનું એક મુખ્ય કારણ ગાયત્રી મંત્રની ઉપાસના છે. સામાન્ય રીતે મંત્રને ગુપ્ત રાખવાની આજ્ઞા શાસ્ત્રોમાં છે, પણ હવે છાપખાનાની કળાને લઇને મંત્રો ગુપ્ત રાખવાનું બની શકતું નથી, તેનું કારણ એ છે કે મંત્રના જપથી મંત્ર-દેવ જાગ્રત થાય છે અને જપ કરનારમાં નવી દશા ઉત્પન્ન થાય છે. તે વખતે ગમે તે માણસ પાસે તેની વાત

અથવા મંત્ર બોલવાથી તે નવી દશા ટકતી નથી. તેથી મંત્રની સાધના કરનારે સામાન્ય કોટીના માણસોની સાથે બહુ વાતો કરવી જોઈએ નહિ. મંત્રથી દેવ સાથે નવો સંબંધ બંધાય છે અને તે સંબંધ બીજા માણસો સમજી શકે નહિ અને બીજાનો અભિપ્રાય તેમાં કામ આવે નહિ. પુસ્તક દ્વારા મંત્રશાસ્ત્રનો વિચાર કરવામાં બહુ હરકત નથી કારણ કે તેમાં માત્ર લેખકનો અને વાંચનારનો સંબંધ રહે છે, છતાં જે મહાપુરુષોએ મંત્રશક્તિનો અનુભવ લીધો હોય અથવા જેમને આત્મજ્ઞાન થયું હોય તેમનાં લખેલાં પુસ્તકો વાંચવાથી ફાયદો થાય છે. ભજનો ગાવામાં પણ જે મહાપુરુષોને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય તેમનાં રચેલાં ભજનો ગાવાથી તે જાતનો ભાવ ઉત્પન્ન થાય છે, તેથી વાંચવા માટે પુસ્તકો પસંદ કરવામાં સંભાળ રાખવી જોઈએ. અને કોઈ ગુરુ પાસેથી મંત્ર લેવામાં પણ સંભાળ રાખવી જોઈએ. માણસમાંથી પશુભાવ દૂર કરીને દિવ્યભાવ પ્રાપ્ત કરવો એ મંત્રશક્તિનું ફળ છે.

ગાયત્રીનો મંત્ર નીચે પ્રમાણે છે:–

ૐ भूर्भुवः स्वः तत् सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि। धियो यो नः प्रचोदयात् ।।

અર્થ:–સઘળા પદાર્થોને ઉત્પન્ન કરનાર પ્રકાશવાન એવા જે સૂર્ય તેના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ, તે તેજ અમારી બુદ્ધિને તેજસ્વી બનાવે; (કે જેથી અમે ચારે પુરુષાર્થ સિદ્ધ કરી શકીએ.)

આ મંત્રમાં નીચે પ્રમાણે કેટલીક બાબતો સમાયેલી છે.

૧. ૐકારનું સ્વરૂપ.

૨. ભૂ ભુવ: સ્વ: વગેરે લોકનું સ્વરૂપ.

૩. સૂર્યનું સ્વરૂપ.

૪. બુદ્ધિને તેજસ્વી કરવાની રીત.

સૂર્યના ત્રણ અર્થ નીચે પ્રમાણે થાય છે.

૧. આધિભૌતિક સૂર્ય પૃથ્વીને ગરમી આપે છે અને તેજ આપી વ્યવહાર ચલાવવામાં મદદ કરે છે.

૨. સૂર્યની આધિદૈવિક ભાવે ઉપાસના કરવાથી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એટલે સૂર્યની જગ્યાએ સૂર્ય મંડલમાં અંતર્યામી રૂપે રહેલા પરમાત્માને ઉપાસવાની કળા આવડે તો નવી જાતની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ ભાવ મધ્યમ કોટીના અધિકારી માટે છે.

૩. ઉત્તમ અધિકારી પુરુષ સૂર્યને આધ્યાત્મિક ભાવે આત્મા માનીને તત્ત્વંપદનો અભેદ આ મંત્રદ્વારા જાણે છે.

સૂર્યના આધિભૌતિક સ્વરૂપનો લાભ સમાજના બધા માણસોને અને પશુપક્ષીઓને પણ મળે છે, સૂર્યની ગરમીથી વરસાદ આવે છે અને તેનાથી ધાન્ય મળે છે. સૂર્યનાં કિરણોથી ક્ષય મટે છે અને જામનગરમાં સોલેરીઅમના સંચાથી ઘણાં દર્દો મટાડવામાં આવે છે. જ્યોતિષવિદ્યામાં પણ નવગ્રહમાં સૂર્યને એક મુખ્ય ગ્રહ તરીકે માનેલ છે. સૂર્યની ઉપાસનાથી આયુષ્ય પણ વધે છે તેથી કેટલાક સૂર્ય નમસ્કારની કસરત પણ કરે છે. સૂર્યને સવારમાં જળથી અર્ઘ્ય આપીને પણ ઉપાસના થાય છે. અમદાવાદમાં એક માણસે ગાયત્રીના મંત્રથી

મંત્ર-જળ તૈયાર કર્યું હતું અને તે જળ કેટલાક દરદીઓને આપવાથી તેમનાં દરદ મટી ગયાં હતાં.

આધિદૈવિક ભાવે જ્યારે સૂર્યની ઉપાસના થાય છે ત્યારે ઉપાસકમાં નવી શક્તિ અને સિદ્ધિ ઉત્પન્ન થાય છે, થોડાં વર્ષ પહેલાં બનારસમાં સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતી રહેતા હતા. તેમણે સૂર્યની ઉપાસનાથી સિદ્ધિ મેળવી હતી. તે પોતાના ઓરડામાં અનેક પ્રકારની સુગંધી ફેલાવી શકતા હતા અને મડદાંને જીવતાં કરી શકતા હતા. થોડાં વર્ષ પહેલાં એક અંગ્રેજ મુસાફર અને લેખક પોલ બ્રન્ટન બનારસ ગયા હતા. ત્યાં તેમના જાણવામાં આવ્યું કે સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતીમાં મડદાને જીવતા કરવાની સિદ્ધિ છે. તે બાબતની તેમને ખાત્રી કરવી હતી, તેથી એક પારેવું લઈને તેમની પાસે ગયા. પોલ બ્રન્ટને સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતીને કહ્યું કે "હું આ પારેવાને આંહીં મારી નાંખું છું અને તમે તેને જીવતું કરી આપો." સ્વામીજીએ કહ્યું, "બહુ સારું." પછી પોલ બ્રન્ટને તે પારેવાની ડોક મરડીને મારી નાંખ્યું. બધાએ જોયું તો તેમાં પ્રાણ નહોતો. પછી સ્વામીજીએ સૂર્યનો મંત્ર જપીને સૂર્યની ગરમી તે પારેવામાં દાખલ કરી એટલે તે જીવતું થઈને ત્યાંથી ઊડી ગયું. મડદાને જીવતા કરવામાં ફક્ત તેને ગરમી આપવાની જરૂર પડે છે. જ્યારે શરીર મરી જાય છે ત્યારે તે ઠંડુ થઈ જાય છે. તેને યોગ્ય ગરમી મળે તો તે જીવતું થઈ જાય છે. તેમાં મંત્રશક્તિની પણ જરૂર પડે છે. સાધારણ ગરમી તો અગ્નિથી પણ મળી શકે છે અને ખોરાકથી પણ મળી શકે છે. ક્યા ખોરાકથી કેટલી ગરમી મળે છે તેની નોંધ યુરોપ અને અમેરિકાના હોટલવાળા

રાખીને પોતાના ગ્રાહકોની પાસે મૂકે છે અને જેટલી ગરમી ખોરાકમાં હોય તેના પ્રમાણમાં ખોરાકની કિંમત લે છે. મૂર્તિપૂજામાં પણ મંત્રદ્વારા દેવની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે, અને પછી મંત્રદ્વારા જ્યારે તેની ઉપાસના થાય છે ત્યારે તેમાં દેવત્વનો અનુભવ થાય છે અને તેનાથી કેટલીક સિદ્ધિઓ મળે છે.

પ્રસિદ્ધ 'કલ્યાણ' માસિક અંક ૨૬-૧૨ માં એક મંત્ર-સિદ્ધિની હકીકત નીચે પ્રમાણે પ્રસિદ્ધ થયેલ છે. દિલ્હીમાં થોડા વખત પહેલાં એક વૈષ્ણવ સાધુ આવ્યા હતા. તેનું નામ બાબા ગોપાલદાસ છે.* તેને શ્રીકૃષ્ણની ઉપાસના હતી. તેમની પાસે આવનાર માણસને પ્રસાદ આપવા માટે બાબાજી ઈંટના નાના કટકા ૪-૫ તોલાના વજનવાળા લીલા કેળના પાનમાં બાંધી ગોપાલની મૂર્તિ સામે રાખી, કોઈ મંત્ર જપીને પછી ઉપાડી લેતા હતા. એટલા વખતમાં તે ઈંટના કટકામાંથી સાકરના કટકા બની જતા હતા અને તે પ્રસાદ તરીકે આવનાર માણસોને આપવામાં આવતા હતા.

એક વખત એક માણસે એક ત્રાંબાની ચમચીને એક લીલા કેળના પાનમાં લપેટી પોતાના હાથમાં લીધી અને બાબાજીના કહેવા પ્રમાણે તે સૂર્યની સામે ઊભા થઈ ગયા. બાબાજી તેની પાસે ઊભા રહીને મંત્ર જપવા લાગ્યા. બે ત્રણ મિનિટ પછી કેળના પાનમાંથી ચમચી કાઢી તો તે સોનાની થઈ ગઈ હતી. આવા બનાવમાં સૂર્યની શક્તિનો અને મંત્રશક્તિનો પ્રભાવ હતો. તેજની મદદથી જડ વસ્તુઓને તેજસ્વી બનાવી

* આ સાધુ થોડા વખત પહેલાં અમને મળ્યા હતા.

શકાય છે અને તેનું રૂપાંતર કરી શકાય છે, એ બાબત હાલના સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે.

When matter is moved with the speed of light it changes into energy.

આપણાં પુરાણોમાં આપણે વાંચીએ છીએ કે સાવિત્રીએ યમરાજા પાસેથી તેના પતિ સત્યવાનનો પ્રાણ પાછો લીધો અને સત્યવાનને જીવતો કર્યો. આંહીં સાવિત્રી એટલે સૂર્યની ઉપાસના સમજવાની છે. કેટલાક યોગીઓને ચિત્તની એકાગ્રતા કરવાથી પોતાના હૃદયમાં એક જાતનું તેજ જોવામાં આવે છે, તેને પણ સૂર્યનું રૂપ માનવામાં આવે છે. તેની મદદથી શરીરના ધર્મ પણ જીતી શકાય છે એવું કેટલાક માને છે.

થોડાં વર્ષ પહેલાં કલ્યાણ માસિકમાં એવો લેખ પ્રસિદ્ધ થયો હતો કે એક પવિત્ર બાઈની ઉપર કોઈએ એવું તહોમત મૂક્યું હતું કે "તે વ્યભિચારી છે." તે તહોમતની તેના પતિને ખબર પડી અને તે વાત તેની પત્નીને કરી. પત્નીએ કહ્યું કે "આપણા કુળની રીત પ્રમાણે હું મારી પવિત્રતાની સાક્ષી આપવા તૈયાર છું." તેની નાતમાં એવો રિવાજ હતો કે જેણે પોતાના સત્ય વર્તનની ખાત્રી આપવી હોય તે અગ્નિમાં તપાવેલા લોઢાનો મોટો કટકો ઉપાડે અને થોડાં પગલાં ચાલીને દૂર નાંખી દે. તે બાઈએ સૂર્યની પ્રાર્થના કરી તપાવેલા લોઢાનો ગોળો ઉપાડ્યો અને થોડે દૂર જઈ ફેંકી દીધો. તેનો હાથ જરા પણ દાઝ્યો નહોતો. સૂર્યની શક્તિ આ વખતે અગ્નિની શક્તિને દબાવી શકી હતી.

મહાભારતમાં લખેલ છે કે જ્યારે પાંડવો દ્રૌપદી સહિત વનમાં ફરતા હતા ત્યારે તેમને ખાવાપીવાની અગવડ ન પડે તેટલા માટે સૂર્ય દેવતાએ દ્રૌપદીને એક અક્ષયપાત્ર આપ્યું હતું. તેમાંથી જોઈએ તેવી રસોઈ બધાંને માટે મળી શકતી હતી. આ પ્રમાણે સૂર્યદેવતામાંથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ સિદ્ધ થતા હોવાથી ગાયત્રી મંત્રમાં સૂર્યને ખાસ સ્થાન આપવામાં આવેલ છે, તેથી બ્રાહ્મણોને માટે ત્રિકાળસંધ્યા કરવાનું ફરજિયાત માનવામાં આવેલ છે, મુસલમાનો પણ પોતાના શાસ્ત્રનો મંત્ર જપીને રોજ પાંચ વખત નિમાજ પઢે છે. પણ હાલના જમાનામાં હિંદના જુવાન વિદ્યાર્થીઓ કે જે કોલેજોમાં ભણે છે, તેમને આવી બાબતોમાં શ્રદ્ધા રહી નથી અને તે સંધ્યા કરતા નથી અથવા નિમાજ પઢતા નથી. પારસીઓ સૂર્યની પૂજા કરે છે અને ખ્રિસ્તીઓ પણ રવિવારની રજા પાડીને સૂર્યને માન આપે છે. કોલેજના વિદ્યાર્થીઓને તેનું આધ્યાત્મિક રહસ્ય સમજાવવું જોઈએ.

થોડા વખત પહેલાં પુનામાં અમને એક કોલેજમાં શિક્ષણ લેતી બહેન મળી હતી. તે કહેતી હતી કે તેમની કોલેજમાં પશ્ચિમની ઢબનું માનસશાસ્ત્ર [psycholgy] શીખવવામાં આવે છે, તેમાં એવું આવે છે કે દરેક જુવાન કન્યાને એક જુવાન પુરુષ મિત્ર તરીકે જોઈએ અને દરેક જુવાન પુરુષને એક જુવાન કન્યા મિત્ર તરીકે જોઈએ. તેવું ન થાય તો તે ગાંડાં બની જવાનો સંભવ છે. મેં કહ્યું કે "આપણા હિંદુ ધર્મમાં બ્રહ્મચર્ય પાળી શકે તેને દેવ-વલ્લભ કહેવામાં આવે છે અને તેણે મન બરાબર જીત્યું છે એવું માનવામાં આવે છે. આ રીતે પશ્ચિમના

દેશોના સંસ્કાર અને આર્યોના સંસ્કારમાં ઘણો ફેર છે.

મંત્ર શક્તિથી મંત્ર દેવતા જાગ્રત થાય છે અને તેથી જે દેવનો લાભ મેળવવાનો હોય છે તે મળે છે. મંત્રમાં શંકા હોવી જોઇએ નહિ અને દેવનું સ્વરૂપ પણ બરાબર ધારણ કરવું જોઇએ. જેમ જેમ શક્તિ આવતી જાય છે તેમ તેમ તેને ધારણ કરવાથી વધે છે. જે માણસ મંત્ર ભણતો હોય અથવા ઉચ્ચાર કરતો હોય તેનામાં સાધનાશક્તિ ઉત્પન્ન થાય છે અને મંત્રમાંથી મંત્રશક્તિ ઉત્પન્ન થાય છે. બન્ને સાથે મળીને એક ક્ષેત્ર થાય છે અને તે મંત્ર–દેવતાને જાગ્રત કરે છે. મંત્રદ્વારા જે અધિષ્ઠાતા દેવનું શરીર બંધાય છે તેજ મંત્રના દેવ છે અને તે તેજરૂપ છે. વારંવાર જપ કરવાથી મનમાં દેવત્વ ભરાય છે અને બીજાં તત્ત્વો નીકળી જાય છે, મનમાં રૂપ દૃશ્ય કોટીમાંથી આવે છે પણ મનમાં ચેતનનો અંશ આત્મામાંથી આવે છે. ઇષ્ટદેવના મંત્ર–જપથી સાધકનું મન જ દેવરૂપ બને છે, તેનાથી મનની ચંચળતા અથવા મનનો વિક્ષેપ દૂર થાય છે. વળી મનને સારું આંદોલન મળી જાય છે, તેથી ભૂત ભવિષ્યના વિચારો ઓછા થાય છે. હિંદની વિદ્યાકળાનો મહિમા એવો છે કે પહેલાં ઘણાં તત્ત્વોનો તેમના મૂળ કારણમાં લય કરવો, એટલે પંચમહાભૂતનો પંચ તન્માત્રામાં લય કરવો અને તેનો લય તામસ અહંકારમાં કરવો, ઇન્દ્રિયોનો લય તેના કારણ રૂપ રાજસ અહંકારમાં કરવો. મંત્રદ્વારા રાજસ અહંકાર દેવત્વ ધારણ કરે છે અને પછી તેનો લય સાત્ત્વિક અહંકારમાં થાય છે. સાત્ત્વિક અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે અને તે મૂળ પ્રકૃતિમાં લય પામે છે.

પ્રકરણ ૨

ૐકારનો જપ

વાસ્તવિક દૃષ્ટિથી જોઇએ તો સર્વત્ર સર્વદા બ્રહ્મ જ છે અથવા ભગવાન જ છે. તે તત્ત્વને સમજાવવા માટે તેના પાંચ પ્રકાર કહેવામાં આવે છે, એટલે દરેક જગ્યાએ સત્ ચિત્ આનંદ નામ અને રૂપ છે. તેમાં નામ અને રૂપ મિથ્યા છે. સ્વપ્નનાં નામ અને રૂપ જાગ્રતમાં બાધ પામે છે; છતાં સ્વપ્ન વખતે સ્વપ્ન ખોટું લાગતું નથી. એ એક જાતની માયા છે. તે જીતવા માટે જ્ઞાન જોઇએ, વૈરાગ્ય જોઇએ અને ભગવાનની કૃપા જોઇએ. જેમનામાં બહુ વૈરાગ્ય હોય તેમને માટે જ્ઞાનમાર્ગ છે. જેમનામાં ઓછો વૈરાગ્ય હોય તેમને માટે ભક્તિમાર્ગ છે અને જેમનામાં બિલકુલ વૈરાગ્ય ન હોય તેમને માટે કર્મ માર્ગ છે, એવું શ્રીકૃષ્ણ ભગવાને ભાગવતમાં ઉદ્ધવજીને કહેલું છે. (૧૧–૨૦)

ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત એવો છે કે કોઇ માણસ જમીન ઉપર પડી જાય તો જેમ જમીનનો ટેકો લઇને ઊભો થાય છે, તેમ નામ અને રૂપની માયામાં પડેલ માણસને ઉત્તમ પ્રકારના નામ અને રૂપ આપીએ તો તેની પ્રગતિને વેગ મળી શકે, તેથી માયાના નામને બદલે તેને ભગવાનનું નામસ્મરણ કરવાનું કહેવું જોઇએ અને માયાના રૂપને બદલે ભગવાનની મૂર્તિનું દર્શન કરવાનું કહેવું જોઇએ. આ સિદ્ધાન્તને આધારે મંત્રના જપનું રહસ્ય સમજાવેલું છે. ગીતામાં પણ કહેલ છે કે બધા યજ્ઞમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે. બીજા યજ્ઞમાં ખર્ચ બહુ થાય છે, હિંસા પણ

થાય છે, ઘણા માણસો ભેગા થવાથી રાગદ્વેષ પણ થાય છે, પણ જપયજ્ઞમાં કંઇ ખર્ચ નથી, હિંસા નથી, રાગદ્વેષ પણ થતા નથી.

વીંછીના મંત્રથી વીંછી ઉતારી શકાય છે, સર્પના મંત્રથી સર્પનું ઝેર ઉતારી શકાય છે. દેશસેવામાં "જયહિંદ"ના મંત્રથી માણસોમાં દેશ-સેવાની ભાવના થાય છે અને હિંદના રાજ્યના ધ્વજને પ્રતીક માની નમન કરવાથી અસર થાય છે તો ભગવાનના નામના જપથી અને તેના વિગ્રહના (રૂપના) દર્શનથી કેમ અસર ન થાય! શબ્દમાં અને રૂપમાં અચિન્ત્ય શક્તિ છે. શબ્દમાં તેનો અર્થ બતાવવાના સામર્થ્યને શક્તિ કહે છે, અને રૂપમાં લાગણીને આકર્ષણ કરવાના સામર્થ્યને પણ શક્તિ કહે છે. તેથી તંત્રશાસ્ત્રમાં એ બન્નેનો ઉપયોગ કરવામાં આવે છે. સારી કળા ભોક્તાનો આત્મા જાગ્રત કરી આપે છે અને સારો ભોક્તા કળામાં પોતાના આત્માને જોઇ શકે છે.

કોઇપણ વૈદિક ક્રિયામાં જ્યાં કાંઇક દર્શન કરવાની વિધિ હોય ત્યાં એમ કહેવામાં આવે છે કે "આંખે પાણી અડાડો."

જ્યાં ભાગવત જેવી કોઇ સારી કથા સાંભળવાનો પ્રસંગ હોય ત્યાં કહે છે કે "કાને પાણી અડાડો." આવી ક્રિયાનો મુખ્ય હેતુ આંખ અને કાનને શુદ્ધ કરવાનો છે, કારણ કે માયાનાં નામ અને રૂપ કાન અને આંખ દ્વારા માણસની અંદર પેસીને તેના મનને બગાડે છે. તેથી કેટલાક ઉપનિષદોમાં દેવોને એવી પ્રાર્થના કરવામાં આવે છે કે "હે દેવ, અમારા કાન એવા કરી આપો કે જેથી અમારું કલ્યાણ થાય તેવું જ તે સાંભળે અને અમારી આંખો એવી કરી આપો કે જેથી અમારું કલ્યાણ થાય

એવું તે દેખે (ॐ भद्रं कर्णेभिः श्रुणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः।।) વગેરે.

આવા પ્રયોગો નામ અને રૂપની માયા જીતવા માટે કરવામાં આવે છે. કોઇ જીવ જ્યારે કાંઇ શબ્દ સાંભળે છે, ત્યારે પોતાને એક જગ્યાએ રહેલો માનીને સાંભળી શકે છે. તે સ્થાન ધર્મવાળી માયા છે. તેનાથી ભેદ ઉત્પન્ન થાય છે, અને ગુણદોષની બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને પછી કર્મ, અકર્મ અને વિકર્મના ભેદ પડે છે. શબ્દની એવી માયાને જીતવા માટે મૂર્તિપૂજાની જરૂર પડે છે.

મંત્રમાં વાણી એ મુખ્ય સાધન છે. વાણીમાં ચાર પ્રકાર નીચે પ્રમાણે બને છે.

૧. પરા વાણી-તેમાં સૃષ્ટિની કલ્પના થાય છે. તે વખતે મૂળ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે.

૨. પશ્યંતિ વાણી-તેમાં ઈક્ષણ અથવા દૃષ્ટિ શરૂ થાય છે. તે વખતે મહત્તત્ત્વમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે.

૩. મધ્યમા વાણી-જ્યારે તામસિક અહંકારમાંથી પંચતન્માત્રા ઉત્પન્ન થાય છે અને રાજસિક અહંકારમાંથી ઈન્દ્રિયો થાય છે ત્યારે સૂક્ષ્મ શરીર બંધાય છે અને સૂક્ષ્મ વાણી જણાય છે. તેને મધ્યમા કહે છે. સ્વપ્નાની વાતો આ વાણીની શક્તિથી થાય છે.

૪. વૈખરી-વાણી-જાગ્રતમાં પંચમહાભૂતના બનેલા જગતના વ્યવહાર વખતે અનુભવમાં આવે છે.

આકાશનું મૂળ કારણ શબ્દ તન્માત્રા છે અને તેનું મૂળ

કારણ તામસ અહંકાર છે. શબ્દ તન્માત્રા એ શબ્દનું સૂક્ષ્મ શરીર છે અને આકાશ (અથવા space] એ શબ્દનું સ્થૂળ શરીર છે. એ બન્ને તામસિક અહંકારથી ઉત્પન્ન થાય છે. મંત્રશક્તિથી એ અહંકારનું પરિવર્તન કરવામાં આવે છે ત્યારે તેમાં નવું દેવત્વ આવે છે. જે વખતે સત્ત્વગુણ અથવા જ્ઞાનશક્તિ જાગ્રત થાય છે તે વખતે ભેદ ઓછો થવા લાગે છે અને નવા નવા લોકોનાં દર્શન થાય છે.

કોઈ માણસને અમુક જાતની ટેવ પડી જાય છે ત્યારે માણસો કહે છે કે તેને તેનો નાદ લાગેલ છે. તે નાદમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, તેને બિંદુ કહે છે અને અહંકારમાંથી પંચતન્માત્રા વગેરે થાય છે, તેને કળા કહે છે. તે કળાને વારંવાર જોવાથી નિયતિ અથવા પ્રારબ્ધ બને છે. તે પ્રારબ્ધને તોડવા માટે વારંવાર જપ કરવાની જરૂર પડે છે. માયાશક્તિથી ભેદ વધે છે અને મંત્રશક્તિથી ભેદ તૂટે છે. માણસ જન્મે છે ત્યારે તેને ખબર નથી કે હું માણસ છું. પછી તેની ફઈ તેનું નામ પાડે છે. તે નામ વારંવાર સાંભળવાથી તે માણસ બની જાય છે. તેને પોતાનાં નામ અને રૂપનું ઘેન લાગે છે. એ માયા છે. એ માયાને જીતવા માટે વારંવાર ભગવાનના નામનો જપ કરવાની જરૂર છે. તેમાં ઓછામાં ઓછી એક માળા કરવી જોઈએ. માળામાં ૧૦૮ પારા રાખવામાં આવે છે કે જેથી બધા પ્રકારના શબ્દો ઉપર મંત્રની અસર આવે.

વર્ણમાળામાં નીચે પ્રમાણે બાવન અક્ષરો હોય છે.

(૧૬) અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ. ૠ, ऌ, ॡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

(૫) ક ખ ગ ઘ ઙ

(૫) ચ છ જ ઝ ઞ

(૫) ટ ઠ ડ ઢ ણ

(૫) ત થ દ ધ ન

(૫) પ ફ બ ભ મ

(૫) ય ર લ વ

(૬) શ ષ સ હ ળ ક્ષ જ્ઞ

૫૨

એ બાવન અક્ષરોને ઉલટાવીને ગણીએ એટલે ૧૦૪ થાય છે, એ વૈખરી વાણીની સંખ્યા છે. તેમાં દૈવી વાણીના ૐકારના અ ઉ મ અને ઁ એ ચાર ઉમેરીએ એટલે ૧૦૮ ની સંખ્યા થાય છે.

શબ્દો અક્ષરમાંથી બને છે. જ્યારે અક્ષર ઉપર અસર થાય ત્યારે શબ્દ ઉપર પણ અસર થાય છે.

પશ્ચિમના દેશોની વિદ્યાકળામાં અને આર્યોની વિદ્યાકળામાં ખાસ ફેર એ છે કે પશ્ચિમના દેશો જગતમાં ઘણી ચીજો કેમ થઈ તેનો વિચાર કરે છે અને તેથી તેમને છેડો અને શરૂઆત જણાતાં નથી. આર્યોની વિદ્યાકળામાં ઘણાં તત્ત્વોને પહેલાં તેના મૂળ કારણમાં સમાવી દેવામાં આવે છે, એટલે બધી વાણી બાવન અક્ષરમાં સમાઈ જાય છે. પછી એ બાવન અક્ષરને ૐ રૂપી એક અક્ષરમાં સમાવી દેવામાં આવે છે. માંડુક્ય ઉપનિષદ્‌માં કહેલ છે કે ૐ એ અક્ષર સર્વરૂપ છે. તેનો

અર્થ જાણવાથી વેદાન્તનો બધો અર્થ જાણી શકાય છે.

વળી ૐ માં બધા રૂપનો પણ સમાવેશ નીચે પ્રમાણે થઈ શકે છે:–

અ = જાગ્રત અવસ્થા ઉ = સ્વપ્ન અવસ્થા	દર્શન વૃત્તિ
મ = સુષુપ્તિ અવસ્થા	અદર્શન વૃત્તિ

ँ = તુરીય અથવા ઉપરની ત્રણ અવસ્થામાંથી માયાનો અંશ બાદ કરતાં તુરીય દશા રહે છે.

આ પ્રમાણે માત્ર ૐ નો ઉચ્ચાર કરવાથી અને તેનો અર્થ જાણવાથી બધાં નામ અને બધાં રૂપની માયા જીતી શકાય છે. વળી જેમ રામ, કૃષ્ણ, શિવ એ સગુણ સ્વરૂપનાં નામ છે તેમ ૐ એ નિર્ગુણ સ્વરૂપનું નામ છે. નામ અને નામીનો અભેદ સંબંધ રહે છે, તેથી ૐ નો જપ કરનારને નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. સંસારી માણસોને માટે માત્ર ૐ નો જપ કરવાની ના પાડવામાં આવે છે કારણકે ૐ થી નિર્ગુણનું લક્ષ્ય બંધાતું હોવાથી તે માણસનો સંસાર તૂટી જાય છે, તેથી સંસારી માણસોને માટે ૐની સાથે રામ, કૃષ્ણ અથવા શિવનું નામ જોડીને મંત્રનો જપ કરવાની આજ્ઞા શાસ્ત્રોમાં છે. જેમકે ૐ નમઃ શિવાય એવા મંત્રથી વ્યવહાર અને પરમાર્થ બન્ને ઠીક રહે છે. જેઓને બહુ વૈરાગ્ય હોય અને જેઓ બ્રહ્મચર્ય પાળતા હોય તેમને માટે ફક્ત ૐનો જપ કરવામાં હરકત નથી. તેમને માટે બધું જગત ૐરૂપ છે, એટલું જ નહિ પણ ભૂત, વર્તમાન અને ભવિષ્ય પણ ૐકાર રૂપ જ છે. વળી જે ત્રણ કાળથી

અતીત છે તે પણ ૐકાર જ છે.

ૐકારનું વિશેષ વર્ણન માંડુક્ય ઉપનિષદ્‌માં છે, ૐનો અર્થ જાણીને તેનો જપ કરવાથી તરત કાર્યસિદ્ધિ થાય છે. માંડુક્ય ઉપનિષદ્ ઉપર ગૌડપાદાચાર્યની કારિકામાં પણ લખેલ છે કે પ્રણવ (ૐકાર) રૂપ ઈશ્વર સર્વના હૃદયમાં સમ્યક્ પ્રકારે રહેલા છે એમ જાણવું, એવા સર્વવ્યાપી ૐકારને જાણીને ધીર પુરુષ શોક કરતા નથી.

આ રીતે ઘણાં તત્ત્વોમાંથી તેના કારણરૂપ એક તત્ત્વમાં ચિત્તને લાવી શકાય છે અને તે પ્રમાણે બ્રહ્મનો અનુભવ મળી શકે છે.

ૐના જપથી નીચે પ્રમાણે પરિણામ આવે છે:–

(૧) આખું જગત કેવી રીતે બન્યું અને તે કેવી રીતે રહેલ છે અને તેનો પ્રલય કેવી રીતે થાય છે તેનું જ્ઞાન થાય છે.

(૨) ઉપાસ્ય દેવના તેજનો અનુભવ થાય છે અને પછી તેમાંથી સિદ્ધિઓ જોઈએ તો પ્રાપ્ત થાય છે.

(૩) ધ્યાન કરવું હોય તો ધ્યાન થઈ શકે છે.

(૪) આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો આત્મજ્ઞાન પણ થઈ શકે છે.

માંડુક્ય ઉપનિષદ્‌ના ૯ મા મંત્રમાં લખેલ છે કે જે માણસ એમ જાણે છે કે ૐકારની પહેલી 'અ' માત્રામાં બધો જાગ્રત સમુદાય અથવા વિશ્વ સમાઈ જાય છે તેની સંપૂર્ણ કામનાઓ પૂર્ણ થાય છે, તે મહાપુરુષોમાં પહેલો મુખ્ય (પ્રધાન) પુરુષ બને છે, કારણ કે વિશ્વથી અથવા વૈશ્વાનરથી બધું

જગત વ્યાપ્ત છે. જેમ બધા અક્ષરોમાં અકાર મુખ્ય અને આદિમાન છે તેમ વૈશ્વાનર પણ બધી અવસ્થાઓમાં મુખ્ય અને આદિમાન છે.

માંડુક્ય ઉપનિષદ્‌ના ૧૦ મા મંત્રમાં લખેલ છે કે સ્વપ્ન જેનું સ્થાન છે તે તૈજસ હોઈને ઉત્કર્ષ કરે છે, તે મધ્યમાં રહેવાથી ૐકારની બીજી માત્રા છે. જે ઉપાસક એ માત્રામાં સમષ્ટિ સૂક્ષ્મ જગત સમાવી દે છે તેની જ્ઞાનસંતતિ વધે છે. તે બધાના પ્રતિ સમાન થાય છે, તેના વંશમાં કોઈ જ્ઞાન વગરનો પુરુષ થતો નથી. જેમ અકારથી ઉકાર ઉત્કૃષ્ટ છે તેવી જ રીતે વિશ્વથી તૈજસ ઉત્કૃષ્ટ છે અને જેમ ઉકાર એ અકાર અને મકારની વચમાં છે તેમ તૈજસ એ વિશ્વ અને પ્રાજ્ઞની મધ્યમાં છે, આવા જ્ઞાનવાળાનો જેમ મિત્રપક્ષવાળા દ્વેષ કરતા નથી તેમ શત્રુપક્ષવાળા પણ દ્વેષ કરતા નથી.

માંડુક્ય ઉપનિષદ્‌ના ૧૧ મા મંત્રમાં લખેલ છે કે સુષુપ્તિ જેનું સ્થાન છે તે પ્રાજ્ઞ પ્રમાણ અને લયના કારણથી ત્રીજી માત્રા મ છે. જે એવું જાણે છે તે ઉપાસક બધા જગતનું માન કરી લે છે અથવા પ્રમાણ કરી લે છે એટલે બધું જગત તેનામાં લય પામે છે. જેમ તોલાથી ચીજોનું પ્રમાણ મળે છે, તેમ જગતની ઉત્પત્તિ અને લયનું પ્રમાણ પ્રાજ્ઞથી મપાય છે. સુષુપ્તિના અભિમાની પ્રાજ્ઞમાં જેવા સંસ્કાર રહેલ હોય છે તેનાથી જાગ્રતનો વિશ્વ અને સ્વપ્નનો તૈજસ બને છે, કારણ કે ૐકારની સમાપ્તિ થાય અને તેનો ફરી પ્રયોગ થાય ત્યારે જણાય છે કે અકાર અને ઉકાર મકારમાં પ્રવેશ કરીને ફરીથી તેમાંથી નીકળે છે.

અથવા એકીભાવને પણ લય કહે છે. ૐકારનું ઉચ્ચારણ કરવાથી જેમ અકાર અને ઉકાર અંતિમ મકારમાં એકીભૂત થાય છે તેમ સુષુપ્તિ વખતે વિશ્વ અને તૈજસ પ્રાજ્ઞમાં લીન થાય છે. એવી સમાનતાના કારણથી પ્રાજ્ઞની અને મકારની એકતા છે. તેનું ફળ એ આવે છે કે આખા જગતનું માપ નીકળી શકે છે, એટલે પ્રાજ્ઞના જ્ઞાનમાં આખું જગત સમાઈ જાય છે.

માંડુક્ય ઉપનિષદ્‌ના ૧૨ મા મંત્રમાં કહેલ છે કે માત્રા રહિત ૐકાર એ તુરીય આત્મા છે. તે અવ્યવહાર્ય છે. ત્યાં પ્રપંચ નથી, તે શિવ સ્વરૂપ છે અને શાન્ત છે. આ પ્રમાણે ૐ એ આત્મા છે, બ્રહ્મ છે. આવા જ્ઞાનવાળાને આત્મસાક્ષાત્કાર જરૂર થાય છે.

જેમ દોરડીમાં ભૂલથી સર્પ દેખાય, તે પછી દોરડીનું જ્ઞાન થાય ત્યારે સર્પ રહેતો નથી તેમ જેને ૐકારના અર્થનો બરાબર વિવેક થઈ જાય છે તે પુરુષની બુદ્ધિમાં ફરીથી સંસારનું સ્ફુરણ થતું નથી. જાગ્રત અવસ્થાના જગતને વિશ્વ જુએ છે, સ્વપ્નને તૈજસ જુએ છે અને નિંદ્રાનો અનુભવ પ્રાજ્ઞ કરે છે. એ ત્રણે સ્થાનધર્મવાળી માયા છે. આત્મા તેનાથી અતીત છે. તેથી નામરૂપવાળી માયા ૐના મંત્રથી જીતી શકાય છે.

જે માણસ ઉપર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરી ન શકે તેમને માટેનું ૐનું ધ્યાન નીચેની રીતે થઈ શકે છે:–

(૧) મોઢેથી સાત વખત ૐ બોલવો એટલે બીજા વિચારો અટકી જશે. ૐ નો ઉચ્ચાર બને તેટલો લંબાવવો. આ પ્રયોગ શ્રી અરવિંદના પહેલા ગુરુ શ્રી વિષ્ણુ ભાસ્કર લેલેએ તેમને વડોદરામાં બતાવ્યો હતો, તેનાથી તેમને ત્રણ દિવસમાં

સારું ધ્યાન થવા લાગ્યું હતું.

(૨) ૐ શબ્દ મોઢેથી બોલ્યા વગર માત્ર હોઠ હલાવીને પાંચ મિનિટ સુધી બોલાવાથી મનના વિચારો બંધ થવા લાગશે અને ધ્યાનને લાયક દશા ઉત્પન્ન થશે.

(૩) સામે ૐનું પ્રતીક રાખીને પાંચ મિનિટ ધ્યાન કરવું. પછી તેમાંથી દૃષ્ટિ હઠાવીને આકાશમાં લઈ જવી, એટલે દૃષ્ટિ વ્યાપક થશે અને બીજા વિચારો અટકી જશે. બીજા વિચારો અટકી જાય ત્યારે તે દશા અર્ધો કલાક ટકવા દેવી.

ૐ ના પ્રતીકમાં જે ँ માત્રા છે તે તુરીય આત્માનું સ્વરૂપ સમજાવવા માટે છે તેનું એકનું જ ધ્યાન કરવા માટે મુસલમાનો તે પ્રતીક વાપરતા હોય એવું અનુમાન બાંધી શકાય છે.

ઘણા સાધકોને ધ્યાન વખતે પણ બહુ વિચારો આવે છે. તેનું કારણ અભ્યાસ અને વૈરાગ્યની ખામી છે. જ્યારે અભ્યાસ અને વૈરાગ્ય વધશે ત્યારે વિચારો ઓછા થશે અથવા તદ્દન બંધ થઈ જશે. જેમ શરીરના પોષણ માટે રોજ નિયમસર જમવાની જરૂર પડે છે તેમ મનને નિયમમાં લાવવા માટે રોજ એક બે કલાક અથવા વધારે જપની ટેવ પાડવી જોઈએ. અજામિલે એકવાર ભગવાનનું નામ લીધું હતું, તેમાં તેનાં પાપ બળી ગયાં તો રોજ મંત્ર જપ કરનારને તેથી અધિક ફળ જરૂર મળે છે.

માણસના જીવનનો કેટલોક વખત નકામી વાતોમાં જાય છે. તેમાં આત્માનું તેજ નકામું વપરાઈ જાય છે. તેવી વાતો અટકાવી હોય તો ધ્યાન માટે વખત મળે છે અને ધ્યાન પણ સારું થાય છે. જે મનને બહારના વિષયોમાં રખડવાની ટેવ

પડી ગઈ હોય છે તે એકદમ આત્મા તરફ વળતું નથી. જે માણસ બાઈસીકલ ઉપર બેસતાં શીખે છે તે શરૂઆતમાં આડો અવળો પડી જાય છે અને તે બરાબર બેલેન્સ રાખી શકતો નથી, પણ ધીરે ધીરે ટેવ પાડતાં બેલેન્સ બરાબર આવી જાય છે, તેવું જ મનની બાબતમાં સમજવાનું છે.

પ્રકરણ ૩

અજપાજપ

શક્તિના કેટલાક પ્રકાર નીચે પ્રમાણે જાણવા જેવા છે:—

૧. કારણમાંથી કાર્ય ઉત્પન્ન કરવાનું બળ તેને શક્તિ કહે છે.

૨. શબ્દમાં પોતાનો અર્થ બતાવવાનું બળ તેને શક્તિ કહે છે.

૩. બે વસ્તુઓ વચ્ચે અથવા બે જીવ વચ્ચે અથવા અનેક વસ્તુઓ વચ્ચે અમુક પ્રકારનું આકર્ષક થાય છે, તેને કર્મનું દબાણ અથવા શક્તિ કહે છે.

તેમાં પણ ત્રણ પ્રકાર હોય છે. સાત્વિક, રાજસ અને તામસ. એ દબાણને સાયન્સમાં Gravitation force પણ કહે છે. જ્યારે ઈશ્વરની અંદર સૃષ્ટિની કલ્પના ઉત્પન્ન થાય છે ત્યારે તેના સ્વરૂપમાં જીવોનાં કર્મોનું દબાણ થાય છે. પછી વિરૂપ પરિણામ શરૂ થાય છે, તેને માયા શક્તિ કહે છે. એક દૃષ્ટિએ તેમાં ક્રમ દેખાય છે પણ બધો સૃષ્ટિવિલાસ સ્વરૂપથી અભિન્ન છે એવું લાગે ત્યારે તેમાં ક્રમ પડતા નથી.

There is no sequence between aspects.

ભાષા વગર અથવા શબ્દ વગર વિચાર આવતો નથી અને કોઇ કલ્પના થઇ શકતી નથી, તેથી ઈશ્વરની સૃષ્ટિ–કલ્પના વખતે કોઇ શબ્દ પહેલાંથી હોવો જોઈએ; પણ એ વાત તદ્દન સાચી નથી. ભાષા અને વિચાર બન્ને સાથે છે, જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં બને છે. બાળક જન્મે ત્યારે પણ બન્ને સાથે હોય છે, છતાં તેનામાં શબ્દની ઉત્પત્તિ પહેલાં દેખાય છે. એવી શબ્દ શક્તિથી બ્રહ્મા જગતને ઉત્પન્ન કરે છે. તે બ્રહ્માની પત્ની શારદા અથવા સરસ્વતી છે. તેનું વાહન હંસ છે. તેનો અર્થ એ છે કે "અહં સા" એટલે હું શબ્દરૂપ છું, તેથી નાનાં બાળકો મૂંગાં રહી શકતાં નથી અને બ્રહ્મા પણ સરસ્વતીની પછવાડે દોડે છે. એ રીતે જીવની વિચારશક્તિ પાછળ રહી જાય છે અને કર્મનું દબાણ આગળ આવે છે. પશુઓમાં પણ શબ્દ–શક્તિ જોર કરે છે અને પ્રત્યય અથવા જ્ઞાન નબળું પડી જાય છે. તે વખતે માયાનું કામ શરૂ થાય છે અને દરેક જીવ પોતાને બીજા જીવથી જુદો માને છે. તે શક્તિની કલા છે. જ્યારે માયાના સુખથી માણસ કંટાળી જાય છે ત્યારે તેને માટે જ્ઞાન–શક્તિની જરૂર પડે છે. તે વખતે "સોઽહમ્" મંત્રની જરૂર પડે છે, તેને અહંગ્રહ ઉપાસના કહે છે અથવા અજપા જપ કહે છે. જેવો જગતની ઉત્પત્તિનો ક્રમ છે તેથી ઊલટી રીતે સ્વરૂપ તરફ વળવાનો ક્રમ છે. ઉત્પત્તિનો ક્રમ નીચે પ્રમાણે છે:–

૧. નાદ અથવા શબ્દ અથવા સંકલ્પ.

૨. બિંદુ અથવા અહંકાર.

૩. કલા અથવા ભેદ અથવા શક્તિ.

૪. જ્ઞાન ઇચ્છા અને ક્રિયા અથવા સત્ત્વ રજ અને તમ અથવા સૂર્ય, ચંદ્ર અને અગ્નિ.

આવા ભેદમાંથી બચીને અભેદ દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે મંત્રની જરૂર છે. મન એટલે મનન અથવા વિચારશક્તિ અને ત્ર એટલે માયાથી જે બચાવે તે. એમ બે મળીને મંત્ર શબ્દ થાય છે. મંત્ર દ્વારા માયા–શક્તિનું આવરણ ઓછું થાય છે. આવરણ વખતે જ્ઞાન–શક્તિ સૂઇ રહે છે અને ઇચ્છાશક્તિ એકલી જાગ્રત રહે છે. તેથી માણસોને બહારની વસ્તુઓમાંજ સુખ દેખાય છે. તેને ઇચ્છા અથવા રજોગુણ કહે છે. માણસો જાણે છે કે વિષયોથી તૃપ્તિ થતી નથી તો પણ રજોગુણના વેગથી ઇચ્છા વધ્યા કરે છે અને પોતાને વશ રાખી શકતા નથી. ક્રિયા અથવા કલા ભોક્તાને માટે ભોગ્ય તૈયાર કરે છે અને ભોક્તા તેમાં એવો લોભાઇ જાય છે કે પોતાની સ્વતંત્રતા ખોઇ બેસે છે.

આવી માયાની શક્તિને વિમર્શશક્તિ કહે છે અથવા કામ–કલા અથવા ત્રિપુરા સુંદરી કહે છે. તેનાથી બિંદુમાં ખૂણા પડે છે, તેને હાલના સાયન્સમાં angular physics કહે છે. જ્યારે જીવને વિમર્શશક્તિમાં સુખ લાગતું નથી ત્યારે તે સ્વરૂપ શક્તિ તરફ વળે છે. તે વખતે જીવને મંત્રશક્તિની જરૂર પડે છે. તે દ્વારા તે જ્ઞાન તરફ વળે છે અને શિવ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. જપથી મંત્ર–દેવનું આહ્‌વાહન થાય છે, ગાઢ નિદ્રામાંથી જેમ કોઇ માણસને જગાડવામાં આવે છે તેમ મંત્ર દ્વારા ચિત્–શક્તિ અથવા જ્ઞાન–શક્તિ જાગ્રત થાય છે. મંત્ર ત્રણ

પ્રકારના હોય છે.

૧. બીજ મંત્ર.

૨. જપ મંત્ર.

૩. અજપાજપ.

બીજ મંત્રમાં માત્ર એકજ શબ્દમાં ઘણા અર્થ રહેલા હોય છે, તેના અર્થ નીચે આપેલા છે.

હૌં-તેમાં હ એ ભગવાન શિવ છે. ઔ એ સદાશિવ બ્રહ્મ છે અને શૂન્ય એ શોક દૂર કરનાર શક્તિ છે.

દું-દ એટલે દુર્ગા, ઉ એટલે બચાવવું, બિંદુ એટલે પ્રાર્થના.

ક્રીં-ક એટલે કાલી, ર એટલે બ્રહ્મા, ઈ એટલે માયા, બિંદુ શોકને દૂર કરે છે. તેનાથી કાલીની પૂજા થાય છે.

હ્રીં-હ એટલે શિવ, ર એટલે પ્રકૃતિ, ઈ એટલે મહામાયા. બિંદુ શોકને દૂર કરે છે. તેનાથી ભુવનેશ્વરીની પૂજા થાય છે.

શ્રીં-શ એટલે મહાલક્ષ્મી, ર એટલે ધન, ઈ એટલે સંતોષ. બિંદુ શોકને દૂર કરે છે. તેનાથી દેવી લક્ષ્મીની પૂજા થાય છે.

ઐઁ-ઐ નો અર્થ સરસ્વતી થાય છે. બિંદુ શોકને દૂર કરે છે, તેનાથી વાણી અથવા સરસ્વતીની ઉપાસના થાય છે.

ક્લીઁ-ક એટલે કામદેવ, અથવા કૃષ્ણ, લ એટલે ઈન્દ્ર, ઈ એટલે સંતોષ, ૐ એ સુખ આપનાર છે.

હૂઁ-હ એટલે શિવ, ઉ એટલે ભૈરવ, બિંદુ શોકને દૂર કરે છે.

ગઁ-ગ એટલે ગણેશ, બિંદુ શોકને દૂર કરે છે.

ગ્લૌઁ-ગ એટલે ગણેશ, લ સર્વવ્યાપકતા બતાવે છે, ઔં નો અર્થ તે જ થાય છે, બિંદુ શોકને દૂર કરે છે, તેનાથી ગણેશની પૂજા થાય છે.

ક્ષૌં-ક્ષ નો અર્થ નરસિંહ થાય છે, ર એટલે બ્રહ્મ. ઔ ઉપરનો દિશા બતાવે છે. બિંદુ શોકને દૂર કરે છે. તેનાથી નરસિંહ ભગવાનની ઉપાસના થાય છે.

સ્ત્રીં-સ વિઘ્નોમાંથી બચાવે છે. ત બચાવનાર છે, ર મુક્તિ છે, ઈ મહામાયા છે. બિંદુ શોકને દૂર કરે છે. ઉપર પ્રમાણે બીજ મંત્રના અર્થ થાય છે. કેટલાક માણસો તેનો અર્થ જાણ્યા વગર જપ કરે છે તો પણ ફળ મળે છે. જપ-મંત્રમાં અર્થ જાણવાથી ફળ મળે છે. તેમાં ૐ રામ, કૃષ્ણ, શિવ વગેરેનો સમાવેશ થાય છે. મંત્ર એટલે દેવનું તેજોમય શરીર સમજવાનું છે.

ઉપરની હકીકત ઉપરથી જણાશે કે શબ્દમાં શક્તિ રહેલી છે. તેથી ખાસ જરૂરની વાતો સિવાય બીજી વાતો કરવી નહિ. શબ્દ એ આકાશનો ગુણ છે, પણ તે આકાશથી ઉત્પન્ન થતો નથી, શબ્દ આકાશમાં વ્યક્ત થાય છે. જેમ બહારના આકાશમાં વાયુથી શબ્દના તરંગ ઉત્પન્ન થાય છે તેમ શરીરની અંદર પ્રાણના ઘસારાથી શબ્દ ઉત્પન્ન થાય છે. જે જીવ બહાર પ્રાણ લે છે તે પ્રાણને 'સ' કહે છે અને અંદર પ્રાણ લે છે તેને "હં" કહે છે આ પ્રમાણે સોઽહંનો મંત્ર નિત્ય ચાલ્યા કરે છે, તેનો અજપાજપ કહે છે.

અજપાજપ સ્ત્રી અથવા પુરુષ, બાળક અથવા વૃદ્ધ, બધાંને ઉપયોગી છે. વળી તે સરળ પણ છે. માણસના

જીવનમાં જે સ્વાભાવિક શ્વાસપ્રશ્વાસની ક્રિયા ચાલુ છે, તેને પ્રમાણ માનીને અજપા–જપ સાધનાનું અનુષ્ઠાન થાય છે, પરમ સત્તાવાન ઈશ્વરના હૃદયનો આશ્રાય કરી જે ક્રિયા વિશ્વમાં નિરંતર ચાલી રહેલ છે, તેની છાયા મનુષ્યમાં છે. તે દ્વારા અજપાજપ થાય છે, તેનાથી આત્મ સ્વરૂપમાં સ્થિતિ પણ થાય છે. નાથ સંપ્રદાયના સાહિત્યમાં ઘણી જગ્યાએ અજપા સાધનાનો મહિમા જોવામાં આવે છે. કેટલાક શરૂઆતમાં રામનામ લે છે, તે પછી ૐકારનો જપ કરે છે અને તે પછી બધાના અંતઃકરણમાં રહેલ હંસરૂપ અજપામંત્ર શરૂમાં કરે છે. ગીતાના ચોથા અધ્યાયમાં કહેલ છે કે "પ્રાણાન્ પ્રાણેષુ જુહ્વતિ" ત્યાં પ્રાણ યજ્ઞનું સ્વરૂપ છે, તેને અજપાસાધન કહે છે.

જ્યારે બાળક માના ગર્ભમાંથી નીકળે છે ત્યારે તેના શરીરમાં શ્વાસ–પ્રશ્વાસની ક્રિયા દેખાય છે. ગર્ભની અંદર તેની માથી બાળકની શ્વાસપ્રશ્વાસની ક્રિયા અલગ રહેતી નથી. ગર્ભમાં માના ખોરાકથી બાળક પુષ્ટ થાય છે, તેથી માના શ્વાસ–પ્રશ્વાસથી તેના શરીરનો વિકાસ થાય છે; પણ પ્રસવ પછી વૈષ્ણવી માયા તેના ઉપર આક્રમણ કરે છે; ત્યાંથી બાળકને જગતની સાથે સંબંધ થાય છે અને કાળ શરૂ થાય છે. બાળકના પહેલા શ્વાસને જન્મ કહે છે, તે શ્વાસના અંતિમ ભાગને મૃત્યુ કહે છે. તેનાથી સ્થૂલ શરીરને સૂક્ષ્મ શરીર સાથે સંયોગ અને વિયોગ થાય છે. શ્વાસ–પ્રશ્વાસનું કારણ ચિત્તનો વિક્ષેપ છે અને વિક્ષેપનું કારણ આત્મ–જ્ઞાનનો અભાવ છે. જે ઉપાયથી પ્રત્યગ્ આત્માનો સાક્ષાત્કાર થાય છે તેના પ્રભાવથી શ્વાસ–પ્રશ્વાસરૂપ કાળનો ખેલ પણ નિવૃત્ત થાય છે.

રાતદિવસ મળીને માણસ ૨૧૬૦૦ વખત પ્રાણ લે છે, એક માન્યતા એવી છે કે જે પ્રાણ બહાર નીકળે છે તે "હમ્"નો ધ્વનિ કરે છે અને જે પ્રાણ અંદર જાય છે તે સઃ નો ધ્વનિ કરે છે. પહેલાને પ્રશ્વાસ કહે છે, બીજાને નિઃશ્વાસ કહે છે. એ કુદરતી ક્રિયાને યોગીઓ હંસમંત્ર અથવા અજપા–ગાયત્રીનો જપ કહે છે. મનુષ્ય મંત્ર સાધનાથી હંસગતિને સોઽહમ ગતિમાં ફેરવી શકે છે, પ્રાણ જે તરફ જાય છે તેથી વિપરીત ગતિમાં અપાન જાય છે. અપાન ન હોય તો પ્રાણ પણ ચાલતા નથી, તેથી પ્રાણને અપાનની જરૂર પડે છે, જ્યારે પ્રકૃતિની સામ્યાવસ્થા તૂટી જાય છે ત્યારે આવી વિરુદ્ધગતિનો ઉદય થાય છે; તેથી અજપા સાધનથી અથવા સમતાથી સામ્યભાવમાં ફરીથી સ્થિતિ કરવી જોઈએ. જ્યાં સુધી સામ્યાવસ્થા પ્રાપ્ત થશે નહિ ત્યાં સુધી શાન્તિની સંભાવના નથી. વિક્ષેપયુક્ત જીવ કોઈવાર ઊઠે છે અને કોઈવાર પડે છે. યોગીઓ બંને વિરુદ્ધ ગતિને સમતામાં લાવે છે.

સાધારણ અવસ્થામાં નાકની બહાર બાર આંગળ સુધી પ્રાણની ગતિ રહે છે, છતાં તેમાં વધઘટ થાય છે. તેમાં જેટલી બહિર્મુખતા વધે છે તેટલી બહારની ગતિ વધે છે. જેનું જીવન સંયમી હોય છે તેના પ્રાણની બહારની ગતિ ઓછી થાય છે. જ્યાં રેચક અને પૂરકરૂપ ક્રિયા શાન્ત થાય છે તેને કુંભક કહે છે. જ્યારે પ્રાણની બહારની ગતિની સંખ્યા ઓછી થાય છે ત્યારે નવું ક્ષેત્ર તૈયાર થાય છે અને અલૌકિક શક્તિઓનો વિકાસ થાય છે. પહેલાં વાસનાનો ત્યાગ થાય છે. પ્રાણોની ચપળતાથી વાસના પેદા થાય છે. પ્રાણોમાં શાંતિ આવે ત્યારે ચિત્તમાં

ક્રમશઃ નિષ્કામતા પ્રગટ થાય છે.

જ્યારે જીવ સોઽહં શબ્દને પ્રાણ અને અપાનની સાથે જોડે છે ત્યારે તેના લક્ષ્યરૂપ પ્રત્યગ્–આત્માથી અભિન્ન પરમાત્મા સિવાય કાંઇ રહેતું નથી. તે વખતે સાધક પોતાના આત્માનું ધ્યાન કરે છે. તેને હકારાત્મક પરમાત્મભાવની પ્રાપ્તિ થાય છે. કોઇ સાધક હકારથી પુરુષ સમજે છે અને સકારથી પ્રકૃતિ સમજે છે. એ દૃષ્ટિથી પણ પુરુષ અને પ્રકૃતિની એકતાનો યોગ પ્રતીત થાય છે, પણ સામાન્યરીતે સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસો હકારથી અપાન અને સકારથી પ્રાણનો સંચાર માને છે. મુખ્ય પ્રાણ જ્યારે બહાર જવાનું બંધ કરીને અંતર્મુખ થાય છે ત્યારે તેને અ–પાન કહેવો જોઇએ. ઉત્તમ દૃષ્ટિવાળા જ્ઞાની પુરુષ પ્રાણ અને અપાનના સંબંધનો ત્યાગ કરી આત્મસ્વરૂપની તરફ લક્ષ્ય રાખે છે. જેનો અધિકાર ઊંચો છે તેને માટે જુદી વિધિ હોય છે. તેને દેહ–યુક્ત ઉચ્ચારણની જરૂર નથી, તે એવું માને છે કે અજપામંત્રનો સઃ અંશ પ્રાણ રૂપમાં અને હં અંશ અપાન રૂપમાં પોતાના શરીરમાં સદા અનુસ્યૂત રહે છે. હમ્ શબ્દની સાથે અપાન વૃત્તિનો સામ્યમૂલક સંબંધ રહે છે. આ પ્રકારની નિરંતર ક્રિયા એ અજપા–જપ છે, પ્રાણ રૂપમાં અને અપાન રૂપમાં વિદ્યમાન આ મંત્ર જે સાધક ગુરુમુખથી પ્રાપ્ત કરે છે તે તાલુ વગેરેનું ચલન ન કરવા છતાં તેમાં પ્રાણાપાન રૂપ મંત્ર ચાલુ રહે, તેથી સર્વદા તેનો જપ ચાલતો રહે છે, તેથી આ હંસ–મંત્રને અજપા–વિદ્યા કહે છે. વાચિક જપની અપેક્ષાએ આ અનુસંધાનરૂપ જપ અધિક પ્રબલ અને અધિક ફલપ્રદ છે. ઉત્તમ અધિકારીનું ચિત્ત શ્રાવણ મનન વગેરેના અભ્યાસથી

અત્યન્ત શુદ્ધ રહે છે. તેઓ એવી ધારણા બાંધે છે કે અજપા મંત્રનો પૂર્વાર્ધ 'અહમ્' જીવનો બોધક છે અને જાગ્રત વગેરે અવસ્થાઓનો સાક્ષી છે. મંત્રના ઉત્તરાર્ધમાં જે સઃ પદ છે તે શક્તિનો અથવા શિવનો વાચક છે. તેથી સંસારીના રૂપમાં દેખાતા "અહં"નું વાસ્તવ ફળ પરમાત્મા જ છે. એ અજપા–જપનું તાત્પર્ય છે.

હઠ યોગની દૃષ્ટિથી જોતાં પ્રાણવાયુ ઇડાથી પિંગલા નાડીમાં જાય છે અને પિંગલાથી ઇડા નાડીમાં જાય છે. તેને ઉત્તરાયણ અને દક્ષિણાયન કહે છે. જે મુદ્રાથી પોતાથી કોઇ ભિન્ન દેખાય નહિ તે મુદ્રાને ચિન્મય મુદ્રા કહે છે. કોઇ તેને શાંભવી અથવા ખેચરી મુદ્રા પણ કહે છે. સદા સોઽહમસ્મિ એવા ધ્યાનમાં મગન રહેવું, તેને પ્રત્યક્ષ યોગ કહે છે.

ચિન્મય મુદ્રાનું બીજું નામ અહંગ્રહ ઉપાસના પણ છે. પ્રણવ અક્ષર ૐ બ્રહ્મસ્વરૂપ છે, તે બ્રહ્મ મારો જ આત્મા છે, એ રીતે ક્ષણ માત્ર પણ અંતરાય રહિત બુદ્ધિની વૃત્તિને સ્થિર રાખવી તેને અહંગ્રહ ઉપાસના કહે છે.

હાલના કાળમાં ઘણા માણસોને અને ખાસ કરીને વિદ્યાર્થીઓને મંત્રમાં શ્રદ્ધા રહેતી નથી. તેમને એવા વિચાર આવે છે કે માળા ફેરવવી અથવા પૂજા કરવી અથવા ધ્યાન કરી માત્ર પોતાનું હિત કરવું તે કરતાં ગરીબ માણસોની સેવા કરવી, તેમને અન્ન અથવા વસ્ત્ર આપવાં અથવા તેમને કેળવણી આપવી એ જ વધારે સારી ઉપાસના છે.

એટલી વાત સાચી છે કે કોઇ પણ રીતે ચિત્તમાં વિશાળતા આવવી જોઇએ. માત્ર પોતાના શરીરના સુખમાં

રચ્યા પચ્યા રહેવા કરતાં કુટુંબની, અથવા જ્ઞાતિની અથવા દેશની સેવા કરવાથી જરૂર આપણી ભાવના વધારે વિકાસ પામે છે, પણ સમાજ સેવામાં બધા સેવક થાય અને કોઈ શેઠ રહે નહિ તો એક ઘરમાં બધા નોકર હોય અને શેઠ હોય નહિ તો જેવી દશા થાય એવી દશા સમાજની અને દેશની થાય. આપણા બધા પ્રાંતના બધા પ્રધાનો પ્રજાના સેવક થાય, વડાપ્રધાન સેવક થાય અને પ્રજાના બધા માણસો પરસ્પર સેવા કરીને સેવક થાય તો આપણા ઘરમાં, સમાજમાં કે દેશમાં કોઈ શેઠ રહે નહિ. જ્યારે શેઠ વગરના ઘણા નોકર ઘરમાં હોય ત્યારે દરેક નોકર પોતે પોતાની મરજી પ્રમાણે વર્તે છે અને તેમને કામ બતાવનાર કોઈ રહેતું નથી. એવી દશા આપણા દેશની છે.

વળી સમાજ સેવામાં સંગદોષથી બચવું એ અઘરામાં અઘરું કામ છે અને સમાજમાં મળતા માનથી ઘણીવાર અહંકાર વધી જાય છે. પ્રાચીન કાળમાં જ્યારે વસ્તી ઓછી હતી અને અનાજ અને કપડાં વધારે હતાં ત્યારે માણસોનું ધ્યાન આત્મજ્ઞાન તરફ વળતું હતું. તે વખતે અજ્ઞાની માણસો જ્ઞાની માણસોની સેવા કરતા હતા; તે વખતે સમાજમાં એક સંસ્કારી વર્ગ કાયમ જુદો જોઈ શકાતો હતો અને બિન–સંસ્કારી વર્ગ તેની સેવા કરતો હતો. મહાભારતના યુદ્ધ વખતે પણ દુર્યોધને પોતાના સૈનિકોને કહેલું હતું કે આપણામાં વધારે સંસ્કારવાન બ્રહ્મચારી ભીષ્મપિતામહ છે માટે તેની રક્ષા કરજો. પ્રાચીન પદ્ધતિમાં સંસ્કારી માણસો તરફ વધારે ધ્યાન રહેવાથી બિન–સંસ્કારી તરફ પૂરતું ધ્યાન રહેતું નહોતું. હવે બિન–સંસ્કારી તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે, તેના પરિણામે સંસ્કારી માણસો બિન–સંસ્કારીના સંગથી તેવા થઈ

જાય છે. તેથી બધા સેવક થાય છે, કોઈ શેઠ અથવા શ્રેષ્ઠ થતા નથી.

માણસની વચમાં રહી બધામાં ભગવાન દેખાય ત્યારે તેની સેવા એ ભગવાનની સેવા છે એમ માની શકાય, પણ તે વખતે જો રાગદ્વેષ ઉત્પન્ન થાય તો સેવાનું ફળ મળતું નથી. ધારાસભામાં ઘણા કાયદાઓમાં મતભેદ રહે છે, અને તેથી ગુણ દોષની ભાવના ઉત્પન્ન થાય છે, તેથી તે ભગવાનની સેવા થતી નથી, વિષયી પુરુષોને વધારે વિષયો આપીને જે સેવા કરવામાં આવે છે તે વિષયની સેવા બરાબર છે, તે ભગવાનની સેવા નથી. કોઈપણ રીતે ગુણાતીત દશા અથવા સ્થિતપ્રજ્ઞ દશા જે રીતે પ્રાપ્ત થાય તે મુખ્ય કર્તવ્ય છે અને તે માટે જે મંત્ર ગ્રહણ કરવો પડે તે સાચી સાધના છે. જન સમાજની સેવા થાય ત્યારે પણ એ રસ્તે પ્રભુની પ્રાપ્તિ કરવાની છે એ લક્ષ્ય સતત નજર આગળ રહેવું જોઈએ.

પ્રકરણ ૪

સાત લોકનું દર્શન

માણસની બુદ્ધિનો પ્રવાહ બે રીતે વહી શકે છે:–

(૧) બુદ્ધિ કર્માનુસારિણી–આ પ્રકારમાં બુદ્ધિ કર્મ પ્રમાણે ગતિ કરે છે.

(૨) બુદ્ધિ જ્ઞાનાનુસારિણી–આ પ્રકારમાં બુદ્ધિ જ્ઞાન પ્રમાણે રહે છે. આંહીં જ્ઞાન એટલે અદ્વૈતજ્ઞાન અથવા આત્મજ્ઞાન સમજવાનું છે.

બુદ્ધિમાં જે જ્ઞાનનો ભાગ છે તે આત્માની સત્તાથી આવે છે અને જે ક્રિયાનો ભાગ છે તે કર્મમાંથી ઉત્પન્ન થાય છે, તેથી બુદ્ધિમાં સાપેક્ષ ચેતન રહે છે. કર્મ એકલા થઇ શકતું નથી. કર્મ માટે બીજા કોઈની જરૂર પડે છે, તેથી બીજા માણસનું પ્રમાણ સ્વીકારવું પડે છે. આપણે ઘડિયાળ પ્રમાણે કામ કરવું હોય અને દરેક માણસ પોતાની મરજી પ્રમાણે ઘડિયાળનો ટાઈમ રાખે તો કામ થાય નહિ. તેથી હિંદ સરકારે એક સ્ટેન્ડર્ડ ટાઈમ નક્કી કર્યો અને તે પ્રમાણે તાર, ટપાલ, રેલ્વે ઓફીસ વગેરે અને માણસનો વ્યવહાર ચાલવા લાગ્યો. એ ટાઈમ સાચો નથી પણ વ્યવહાર માટે સાચો માનવો પડે છે. તેવી જ રીતે સૂર્ય જ્યારે જ્યાં ઊગે ત્યાંથી તારીખ ગણાય તો દરેક દેશમાં એકજ વખતે ઘણી તારીખો થઇ જાય અને વ્યવહાર ચાલે નહિ, તેથી જાપાનની પાસે સૂર્ય ઊગે ત્યારથી તારીખ ફેરવવી એમ નક્કી કરવામાં આવ્યું. આ તારીખ સાચી નથી પણ વ્યવહાર માટે સાચી માનવી પડે છે. આ પ્રમાણે વ્યવહારનાં ઘણાં કામમાં ખોટી નિયતિ લાવવી પડે છે. જે દેશમાં જન્મ થાય તે પોતાનો દેશ ગણાય અથવા જે દેશમાં કાયમ રહેવાનું થાય તે દેશમાં પણ સર્ટીફિકિટ લઇને પોતાનો દેશ માની શકાય છે. આ બધી વ્યવહાર માટેની સગવડો છે, તેનાથી જીવનું પ્રારબ્ધ ઘડાય છે. જ્યાં આવી સામાજિક પ્રવૃત્તિઓ વધારે હોય છે ત્યાં ઘણા જીવોને આવી માયા સ્વીકારવી પડે છે અને તે પ્રમાણે બુદ્ધિ ઘડાય છે. પાયાની કેળવણીમાં પણ ઉદ્યોગો તરફ બહુ ધ્યાન આપવાની જરૂર માનેલી છે. તેથી ત્યાં બુદ્ધિ કર્માનુસારિણી થાય છે. જ્યાં વારંવાર એક જ પ્રકારનું કામ થતું હોય ત્યાં

બુદ્ધિને તે જાતનો જપ કરવો પડે છે. તે વ્યવહારમાં મંત્રના જેવું કામ કરે છે. હાલના કાળમાં એવા ઘણા નવા મંત્રો સમાજમાં દાખલ થઇ ગયા છે. તેનાથી વ્યવહારમાં કેટલીક સગવડ મળે છે. તેને સમાજવાદ પણ કહે છે. એ એક જાતની માયા છે અને વ્યવહારમાં થોડો વખત ઉપયોગી થાય છે.

પણ આત્મજ્ઞાન પ્રમાણે બુદ્ધિનું વહન રાખવું હોય તો બુદ્ધિને જ્ઞાનાનુસારિણી બનાવવી જોઈએ. આવી બાબતમાં બધા સાથે ચાલી શકે નહિ, પણ જેઓને જ્ઞાનની જરૂર હોય તે જ સાથે ચાલી શકે. કર્માનુસારિણી બુદ્ધિથી માયાનું સુખ મળે છે અને દેશ સેવાના અને સમાજસેવાના મંત્ર ગ્રહણ કરવા પડે છે. જેમને માયાનું સુખ ક્ષણિક લાગે છે અને કાળનો વિચાર આવે છે તેમને માટે નવી બુદ્ધિની જરૂર પડે છે અને તે તૈયાર કરવા માટે નવો મંત્ર અને નવી દીક્ષા લેવા પડે છે અને નવું જીવન કરવું પડે છે. સામાજિક લાભમાં પ્રેયસ્‌નો વિચાર વધારે રહે છે. શ્રેયસ્ અથવા પરમ કલ્યાણના માર્ગમાં બધા સાથે ચાલી શકતા નથી. જ્યારે વસ્તી વધે છે ત્યારે પ્રેયસ્‌ના વિચાર વધે છે કારણકે બહુમતિ પ્રેયસ્‌વાળાની હોય છે. પ્રેયસ્‌નું સુખ ઇન્દ્રિયોમાંથી મળે છે અને તરત મળે છે. શ્રેયસ્‌નું સુખ આત્મજ્ઞાનથી મળે છે અને તે માટે જુદા પ્રકારની બુદ્ધિની જરૂર પડે છે. માણસે શાનો વિચાર કરવો તે સમાજ અને રાજ્ય બતાવે છે. પણ વિચાર કરવાની સાચી રીત કઇ છે તે સમાજ તથા રાજ્ય બતાવી શકતા નથી. રાજ્ય માણસને કહે છે કે "તું અમારા દેશમાં જન્મેલો છે માટે તારે અમારા દેશની સેવા કરવી જોઇએ." જોશી લોકો માણસને કહે છે કે "તું આ પૃથ્વી ઉપર

અમુક મિનિટે જન્મ્યો છે તેથી તને ભૂલોકના ધર્મ લાગુ પડે છે. તે વખતે નવગ્રહની દશા પૃથ્વીને અમુક રીતે અસર કરતી હતી અને તે પ્રમાણે તારું પ્રારબ્ધ નક્કી થયેલું છે." માણસમાં સામાન્ય વિચાર કરવાની શક્તિ આવે તોપણ જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેને ખબર નહોતી કે પોતે જન્મ્યો. બીજા કોઇને પણ પોતાના જન્મની ખબર હોતી નથી. સૂર્ય અને પૃથ્વીના સંબંધથી જન્મની તિથિ માનવી હોય તો પૃથ્વીના માણસોને પૂછવા કરતાં સૂર્યને પૂછવું એ વધારે સારું છે અને સૂર્યની ઉપાસના માટે ગાયત્રી મંત્રની જરૂર પડે છે પણ અર્થ સમજ્યા વગર માત્ર મંત્રનો જપ કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી. માણસની રોજની વાતોની આવૃત્તિથી જે જપ થાય છે તેને બદલે મંત્રનો જપ કરવાથી શા ફાયદા છે તે પહેલાં સમજવું જોઇએ. ભૂલોકમાં જન્મેલો માણસ તમોગુણી થાય છે. ઘણા સામાજિક કાર્યકરોના અનુકરણથી તે સેવક થાય છે. જ્યારે તેનામાં ઇન્દ્રિયોનું બળ જાગૃત થાય છે ત્યારે તે રજોગુણી થાય છે. તેના પ્રાણની વાસનાઓ ઉત્પન્ન થાય છે ત્યારે તે ભુવર્લોકમાં આવે છે, છતાં જડપણું અને બીજાનું અનુકરણ કરવાની વૃત્તિ તેનામાં રહે છે; પણ વિચારશક્તિ સાત્ત્વિક માણસોમાં હોય છે; તે પ્રાચીન કાળના બ્રાહ્મણો જેવા હોય છે, તે મંત્રદ્વારા સૂર્યરૂપી આત્મા પાસેથી નવી બુદ્ધિ માગે છે. એ ગાયત્રી મંત્રનું રહસ્ય છે. તે વખતે સાચા વિચારની રીત પ્રાપ્ત થાય છે. તેને સ્વર્લોક કહે છે. તે વખતે ધ્યાન અને જ્ઞાનની શરૂઆત થાય છે. સત્સંગની ઇચ્છા થાય છે અને મહાપુરુષોનાં વચન સાંભળવાની અને ધારણ કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

તમોગુણી માણસ અન્નમય કોશનું સુખ વધારે લે છે, તેથી તે ભૂલોકમાં રહે છે, રજોગુણી માણસ પ્રાણમય કોશનું સુખ વધારે લે છે તેથી તે ભુવર્લોકમાં રહે છે અને સાત્ત્વિક માણસ સારા વિચારનું સુખ લે છે તેથી તે સ્વર્લોકમાં રહે છે. એ ત્રણે લોક માણસની દશા પ્રમાણે માણસના અંતઃકરણની અંદર રહે છે. પહેલી બે કોટીના માણસો જગતને જાણવાનો પ્રયત્ન કરે છે પણ પોતાને જાણવાનો પ્રયત્ન કરતા નથી, પોતાને જાણવા માટે નવા પ્રકારની બુદ્ધિની જરૂર પડે છે, તેથી બુદ્ધિના દેવ બૃહસ્પતિની જરૂર પડે છે. તે ઇન્દ્રના ગુરુ છે, રૂપક તરીકે તેને સૂર્ય પણ કહે છે. તેને એક પૈડાવાળો રથ છે, કારણ કે એ દશામાં માણસને એકલા ચાલવું પડે છે. માણસના જીવનના પ્રસંગો બરાબર સમજવા માટે મનને શુદ્ધ રાખવું જોઇએ અને અનાસક્ત રાખવું જોઇએ. જો મન શુદ્ધ નહિ રહે તો તે ખોટો સંગ મેળવશે અને સ્વતંત્ર વિચાર કરી શકશે નહિ.

મનની શુદ્ધિ માટે બે ઉપાયની જરૂર છેઃ–

(૧) જૂના અને ખોટા સંસ્કારો દૂર કરવા માટે વૈરાગ્યની જરૂર છે, તેને વ્યતિરેક ઉપાસના કહે છે.

(૨) નવા અને સારા સંસ્કારો દાખલ કરવા માટે અભ્યાસની જરૂર છે. એ રીતે બ્રહ્મ–ભાવ પ્રાપ્ત થાય છે. તેને અન્વય ઉપાસના કહે છે.

અભ્યાસની શરૂઆતમાં જપ, પછી ધ્યાન અને પછી જ્ઞાન એમ ક્રમ રહે છે. વ્યતિરેક ભાવની ઉપાસના માટે વૈરાગ્ય જોઇએ અને ખોટા વિચારોને સમજીને દૂર કરવા જોઇએ. જગતનો સંબંધ છોડી શકાય તેમ નથી પણ તે સંબંધને ઠીક

કરવાની રીત આવડવી જોઈએ. તેમાં ઘણા માણસનો મત કામ આવે નહિ. તેમાં બહુમતિને બદલે ઉત્તમ મતિવાળાની સલાહની જરૂર પડે છે. ઉત્તમ મતિવાળા નવું સર્જન કરી શકે છે. તે સ્વર્લોકમાં રહે છે અને ત્યાંથી આગળ વધવાનો પ્રયત્ન કરે છે. દરેક પ્રકારના વિચાર ઉપર ચોકી રાખવી જોઈએ. પોતાના વિચાર તમોગુણી છે, રજોગુણી છે કે સાત્ત્વિક છે તે સમજવું જોઈએ. ભૂતકાળના બનાવોમાં કાંઈ સત્તા નથી. વર્તમાન કાળના સ્મરણથી તેને સત્તા મળે છે તેથી સ્મરણને ઠીક કરતાં આવડવું જોઈએ. મંત્ર દ્વારા નવું સ્મરણ પ્રાપ્ત થાય છે. વારંવાર મંત્રનો જપ કરવાથી મનની જૂની હઠ દૂર થાય છે અને મન ખાલી થાય છે અને તેનો ભાર ઓછો થાય છે. જે પ્યાલો ખાલી હોય છે તે નવા ઉપયોગમાં આવી શકે છે. ખોટી માન્યતાઓ એ ખોટી બેડી છે, તેને દૂર કરવામાં પુરુષાર્થ રહેલો છે, અહંતા અને મમતા એ બે બેડી છે. તેથી મંત્ર દ્વારા દેવનું શરણ લેવું પડે છે.

પહેલા ત્રણ લોકમાં ત્રણ પુરુષાર્થ છે. જેને આર્થિક વિકાસની જરૂર લાગે છે, તે ભૂલોકમાં રહે છે. જેને કામ ગમે છે તે ભુવર્લોકમાં રહે છે, જેને ધર્મ અને સારા વિચાર ગમે છે તે સ્વર્લોકમાં રહે છે. તેમાં ચડ ઊતર થાય છે અને એક લોકનો જીવ બીજા લોકમાં જઈ શકે છે. માણસના સામાન્ય જીવનમાં એ ત્રણેની જરૂર પડે છે, તેથી કોઈ વખતે આર્થિક ભાવના વધે છે, કોઈ વખતે કામ વધે છે, પ્રવૃત્તિ વધે છે અને કોઈ વખતે જ્યારે સત્ત્વગુણ વધે છે ત્યારે આપણી પૃથ્વી ઉપર વધારે મહાત્માઓ જન્મે છે. હાલ પણ જે માણસોને અર્થ પ્રાપ્તિ અને કામ–તૃપ્તિ ગમે છે, તે તેમની દૃષ્ટિએ સાચા છે. માત્ર તેઓને

જો આગળ વધવું હોય તો અર્થ પ્રાપ્તિમાં અને કામ તૃપ્તિમાં અટકી જવું એ દોષ રૂપ મનાય છે. આગળ વધવા માટે દૈવી શક્તિ પ્રાપ્ત કરવી જોઈએ. તે માટે કોઈ દેવની ઉપાસના કરવી જોઈએ અને તેનો મંત્ર જપવો જોઈએ. જ્યારે ભાવના સહિત મંત્ર અનેકવાર જપવામાં આવે છે ત્યારે સાધકની અંદર નવો નશો ઉત્પન્ન થાય છે. તે નવી દશા હોવાથી શરૂઆતમાં કેટલાક માણસો તેનાથી ગભરાય છે; પણ હિંમત રાખી આગળ વધવું જોઈએ. સ્વર્લોકનો સાત્ત્વિક માણસ જ્ઞાન ઈચ્છા અને ક્રિયા એ ત્રણેને જોઈ શકે છે, રજોગુણી માણસ ઈચ્છા અને ક્રિયા બેને જોઈ શકે છે. તમોગુણી માણસ ફક્ત ક્રિયા જ જુએ છે. જ્યાં માત્ર ક્રિયા દેખાય છે ત્યાં કાર્ય કારણને ઢાંકે છે. જેમ છાણમાંથી ઉત્પન્ન થયેલ વીંછી પોતાના કારણ છાણને જાણવા દેતો નથી, બીમાંથી ઉત્પન્ન થયેલ ઝાડ મૂળ બીનું આવરણ કરે છે તેમ માત્ર ક્રિયા અથવા મજૂરી જ્ઞાનનું આવરણ કરે છે. એ આવરણ દૂર કરવા માટે અને બુદ્ધિને જ્ઞાનાનુસારિણી બનાવવા માટે ગાયત્રીના મંત્રદ્વારા સૂર્યની ઉપાસના કરાવવામાં આવે છે. તેનાથી ચોથો લોક પ્રાપ્ત થાય છે, તેને મહર્લોક કહે છે. ઉપનિષદ્માં તેને વિજ્ઞાનમય કોશ કહે છે. તે યોગની દશા છે. તે દશામાં ભેદ અને અભેદ બન્નેનો અનુભવ રહે છે. પહેલા ત્રણ લોકમાં ભેદનું પ્રમાણ ફરે છે અને ભેદ ઓછો થાય છે. મહર્લોકમાં અભેદનું દર્શન શરૂ થાય છે. તે ઈક્ષણમાંથી નવું તેજ અને નવો શબ્દ તૈયાર થાય છે. જેવું દર્શન તેવું મન બને છે. મંત્રના જપથી મનની પાસે સંસારના વિષયોને બદલે મંત્ર–દેવતા રહે છે તેથી મન તેના જેવું બને છે. તેને મંત્ર–શક્તિ કહે છે. મનનું સ્વરૂપ એવું છે કે તેની પાસે

જે વિષય મૂક્યો હોય તેનો આકાર તે ધારણ કરે છે. મંત્રથી મનની પાસે પોતાના ઈષ્ટદેવ રહે છે તેથી મન ઈષ્ટદેવના જેવું બને છે. તે વખતે મન શુદ્ધ પદાર્થને ગ્રહણ કરે છે. આ બાબત ખાસ જરૂરની છે. જેમ આત્મજ્ઞાન માટે અનાત્માના વિચાર હઠાવવા પડે છે તેમ મંત્ર શક્તિ પ્રાપ્ત કરવા માટે મન પાસેથી અશુદ્ધ પદાર્થનું ચિંતન દૂર કરીને રામ, કૃષ્ણ, શિવ, શક્તિ અથવા ૐ એવા શુદ્ધ નામનો મંત્ર મૂકવો પડે છે, તેમાં પણ ખાસ કરીને જ્યારે ગાયત્રીના મંત્રનો જપ શરૂ કરવાનો હોય ત્યારે પહેલાં નીચેનો મંત્ર બોલીને ભસ્મ ધારણ કરવી પડે છે:–

ॐ अग्निरिति भस्म। वायुरिति भस्म। जलमिति भस्म। स्थलमिति भस्म। व्योमेति भस्म। सर्वं ह वा इदं भस्म। मन एतानि चक्षूंषि भस्मानि।

અર્થ:–અગ્નિ, વાયુ, જલ, જમીન અને આકાશ એ પાંચ મુખ્ય પદાર્થો ભસ્મરૂપ છે, વળી સામે જે કાંઈ ઈદંતારૂપે (ભેદરૂપે) દેખાય છે તે બધું ભસ્મ રૂપે છે. મન અને ઈન્દ્રિયો ભસ્મ રૂપે છે. આ ભાવના દૃઢ થાય તો પછી કોઈ જાતનો ભેદ રહેતો નથી. જ્યાં ભેદ રહેતો નથી ત્યાં નવું દર્શન થાય છે, એટલે આત્મદર્શન થાય છે.

ભક્તિ માર્ગની રીતે વિચાર કરીએ તો ભાગવતમાં લખેલ છે કે (૧૦–૫૯–૩૨) ભૌમાસુરે જુદા જુદા રાજાઓની ૧૬૦૦૦ કન્યાઓનું હરણ કરીને તેને પોતાના અંત:પુરમાં કેદ રાખી હતી. પછી શ્રીકૃષ્ણ ગરુડ ઉપર ચઢીને ત્યાં ગયા અને ભૌમાસુરને માર્યો. તે વખતે ભૌમાસુરની મા ભૂમિ (પૃથ્વી દેવી) શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે "હું (પૃથ્વી) જલ, અગ્નિ,

વાયુ, આકાશ, ભૂત તન્માત્રા. ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ, મન, ઈન્દ્રિયો, અહંકાર અને મહત્તત્ત્વ વગેરે આ સંપૂર્ણ ચરાચર જગત આપ અદ્વિતીય બ્રહ્મમાં ભ્રાંતિથી ભાસી રહેલ છીએ." વેદમાં ઉપાસના કાંડમાં ૧૬૦૦૦ મંત્રો છે. જ્યારે સ્થૂલ અને સૂક્ષ્મ જગતનું મિથ્યાત્વ અનુભવમાં આવે છે, ત્યારે સાધક ઉપાસનામાંથી આગળ વધીને જ્ઞાન માર્ગમાં પ્રવેશ કરે છે. જ્ઞાન માર્ગમાં જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાના વિચારથી જગત્નું મિથ્યાત્વ સિદ્ધ થાય છે. એજ બાબત, ઉપર પ્રમાણે, મંત્ર શાસ્ત્રમાં ભસ્મ ધારણ કરીને સિદ્ધ કરી શકાય છે.

શબ્દોને જેમ તેમ જોડી દેવાથી કોઈ અર્થ સિદ્ધ થતો નથી. જે મંત્રથી જે અર્થ સિદ્ધ થાય તેવા મંત્રો વેદમાં મૂકેલા છે. વ્યવહારમાં પણ શબ્દને અર્થ સાથે સંબંધ રહે છે. અગ્નિ વિશ્વમાં વ્યાપી રહેલ છે એમ જણાવવું હોય ત્યારે અગ્નિને વૈશ્વાનર કહે છે. જ્યારે યજ્ઞમાં અર્પણ કહેલ આહુતિ તે દેવ પાસે લઈ જાય છે ત્યારે તેને વહ્નિ કહે છે, શબ્દમાં અર્થ જણાવવાનું બળ તેને પણ શક્તિ કહે છે. મંત્ર વખતે ભસ્મનો અર્થ ઉપર આપેલ છે. તે પછી મસ્તક ઉપર શિખાની ગાંઠ વાળવી પડે છે. તે વખતે અહંકારના દેવ રુદ્રને એવી પ્રાર્થના કરવી પડે છે કે આપ કોઈના ઉપર ક્રોધ કરશો નહિ. પછી રુદ્રાક્ષની માળા પહેરીને પ્રાણાયામ કરવો પડે છે. માણસના જીવનમાં મુખ્ય મુશ્કેલી પ્રાણમય કોશની વાસનામાંથી આવે છે. પ્રાણાયામથી વાસના ઉપર અંકુશ લાવી શકાય છે, અને અંગન્યાસથી શરીરની શુદ્ધિ થાય છે. મંત્રના જપના પહેલાં ઉપર પ્રમાણે જે વિધિ થાય છે તેનો ટૂંકો સાર નીચે પ્રમાણે છે.

(૧) ભસ્મ ધારણ કરીને બહારના જગતની સત્યતા દૂર કરવી.


(૨) શિખા બંધનથી અહંકાર દૂર કરવો.


(૩) પ્રાણાયામથી વાસના દૂર કરવી.

(૪) અંગન્યાસથી શરીરની શુદ્ધિ કરવી.

આટલી શુદ્ધિ થાય ત્યારે જીવનું જીવપણું દૂર થવા લાગે છે, અહંકાર દબાય છે અને ભેદ ઓછો થાય છે. જેમ જેમ ભેદ ઓછો થાય તેમ તેમ જીવ ઊંચા લોકમાં ચડે છે.

ઉપર કહ્યું તેમ શાસ્ત્રમાં સાત લોકની કલ્પના કરવામાં આવેલ છે, તેને ભૂ, ભુવ:, સ્વ:, મહ:, જન, તપ, અને સત્યલોક કહે છે. તેનું રહસ્ય આધ્યાત્મિક ભાવે જોઈએ તો જે લોકમાં ભેદ વધારે તે નીચેનો લોક મનાય છે, અને જે લોકમાં ભેદ ઓછો તે ઉપરનો લોક મનાય છે, તેનું વધારે સ્પષ્ટીકરણ નીચેની આકૃતિ દ્વારા જાણવામાં આવી શકશે:-





બ્રહ્મ અથવા સત્યલોક

ઉપરની આકૃતિઓ ઉપરથી જણાઈ આવશે કે જ્યાં અહંકાર ઉપર આવે છે ત્યાં શબ્દ જ્ઞાન અને અર્થ વચ્ચે ભેદ રહે છે, એટલે માણસનું જીવન શા માટે છે તેની ખબર જ્યાં રહેતી નથી તેવા તમોગુણી લોકને અથવા તમોગુણી જીવનને ભૂલોક કહે છે. જ્યાં ઇન્દ્રિયોના ભોગમાં રુચિ રહે છે તેને ભુવર્લોક કહે છે. જ્યાં સત્ત્વગુણ રહે છે અને સમાજસેવાના અને લોકસેવાના વિચાર આવે છે તેને સ્વર્લોક કહે છે. તે પછી મહર્લોકમાં યોગીનું જીવન શરૂ થાય છે. ત્યાં ભેદ અને અભેદ સાથે રહે છે.

તેને વિજ્ઞાનમય કોશ પણ કહે છે. તે પછી વ્યક્તિનો અહંકાર દબાય છે અને સમષ્ટિનું અભિમાન રહે છે, તેને બ્રહ્માનું ક્ષેત્ર અથવા જન–લોક કહે છે.

માયાની વાતો બહુ કરવાથી ભેદ વધે છે અને અહંકાર વધે છે, તેથી જીવ નીચેના લોકમાં રહે છે. એવી અશુદ્ધ શબ્દ જાળની માયા જીતવા માટે શુદ્ધ શબ્દની જરૂર પડે છે. તે મંત્ર દ્વારા મળી શકે છે. વારંવાર શુદ્ધ શબ્દવાળો મંત્ર જપવાથી વ્યાવહારિક શબ્દોનું અને અહંકારનું જોર ઓછું થાય છે અને મંત્ર–દેવતા જાગ્રત થાય છે. તે વખતે જીવ મહર્લોકમાં આવે છે. તે પછી જેમ જેમ ભેદ ઓછો થાય છે તેમ તેમ જનલોક, તપલોક અને સત્ય લોકની દશા ઉત્પન્ન થાય છે.

જ્યારે જીવ જન લોકમાં ચડે છે ત્યારે તેનામાં નવું જગત ઉત્પન્ન કરવાની શક્તિ આવે છે. તે વખતે તે માણસના બનાવટી કાયદા માનતો નથી. કાંઈક અંશે મ. ગાંધીએ સ્વરાજ માટે મંત્રના જેવું કામ કર્યું હતું. એક વર્ષમાં સ્વરાજ મળી શકશે એવો મંત્ર તેમણે ઈ. સ. ૧૯૨૦ માં લોકોને આપ્યો હતો. તે મંત્રની સિદ્ધિ ૨૭ વર્ષ પછી થઈ (એટલે ૧૯૪૭ માં સ્વરાજ મળ્યું) કારણ કે તેમાં ઘણા માણસોનાં કર્મ ભેગાં હતાં; છતાં ૧૫૦ વર્ષની અંગ્રેજી સત્તા ૨૭ વર્ષના મંત્ર–જપથી દૂર થઈ, એ એક જાતની સિદ્ધિ માની શકાય; પણ વ્યક્તિના કર્મનું જોર તોડવા માટે એટલાં બધાં વર્ષ સુધી રાહ જોવાની જરૂર રહેતી નથી. વ્યક્તિગત કર્મનું જોર મંત્ર શક્તિથી કેવી રીતે તૂટી શકે છે તેની હકીકત હવે પછી 'કર્મનો ભાર' મથાળા નીચેથી શરૂ થતા મુદ્દામાં સમજાવવામાં આવેલ છે.

જનલોકની પછી તપ લોકની હકીકત ઉપર આપેલી છે. તપ લોકમાં માયાનો અંશ બહુ જ ઓછો હોય છે, અને આત્મજ્ઞાન (એટલે અદ્વૈત ભાવ) હંમેશાં જાગ્રત રહે છે. જ્યારે ભગવાનને કોઈ ભક્ત મદદ માટે પ્રાર્થના કરે, અથવા સમષ્ટિના કલ્યાણ માટે બ્રહ્મા જ્યારે ભગવાનને પ્રાર્થના કરે ત્યારે ભગવાન તપ લોકમાં રહેલી થોડી માયા સ્વીકારીને ભક્તને અથવા સમાજને મદદ આપે છે.

તપ લોકની માયાનો પ્રભાવ નીચેના દૃષ્ટાંતથી સમજાઈ જશે:–

કોઈ દેશપતિ મહારાજાએ પોતાની પતિવ્રતા પ્રિય સ્ત્રીને આજ્ઞા કરી સત્તા આપી કહ્યું કે હું અંત:પુરમાં છું, અને મને મળવાને કોઈ પણ પ્રાણી આવે અને તે મારા નામનો જપ કરતો હોય તો તેને આવવાનું પ્રયોજન પૂછવું અને જો તે ક્ષુદ્રાભિલાષી હોય, એટલે કે નાના લાભથી તેને સંતોષ થતો હોય તો તેને પદાર્થ આપી તૃપ્ત કરી વિદાય કરવો અને ખાસ મનેજ નિરપેક્ષપણે મળવા ઈચ્છે તેને મારા પ્રતિ આવવા માટે રોકવો નહિ. પછી તે રાજાની સમીપ ઘણા પ્રકારના કાર્યની ઈચ્છાવાળા પ્રાણીઓ આવવા લાગ્યા. તેમને જે જે પદાર્થથી સંતોષ થાય તે તે પદાર્થ આપી, પ્રસન્ન કરી તે સ્ત્રી વિદાય કરે અને પોતાની સત્તાના પ્રમાણમાં પદાર્થ આપ્યા છતાં તેને સંતોષ ન થાય અને ખુદ રાજાને મળવાની જ ઈચ્છા હોય તો તે સ્ત્રી તેને રાજા પાસે જવા દેતી હતી. આવી આજ્ઞા અ–વિરોધી કહેવાય, તેમાં તે રાજાનો તથા રાણીનો દોષ કોઈ વિચારવાન પ્રાણીને જણાય નહિ. હજાર રૂપિયાની ઈચ્છાવાળાને હજાર રૂપિયા આપે, લાખ રૂપિયાની

ઈચ્છાવાળાને લાખ રૂપિયા આપે, સ્વરાજ જોઈએ તેને સ્વરાજ આપે અને પ્રધાન થવું હોય તેને પ્રધાન બનાવે. ટૂંકામાં જે માણસ જે પ્રકારે સંતોષ માને તેને તેજ પ્રમાણે તે રાણી (એટલે માયા) સંતોષ આપે એમાં જેમ તે સ્ત્રી નિર્દોષ છે તેવી જ રીતે સર્વ લોકપતિ મહારાજા શ્રી ઈશ્વર પોતાની માયા શક્તિ દ્વારા પોતાની પ્રતિ આવનારને સંતોષ પમાડે છે. તે રાણી (માયા શક્તિ) પોતાની મર્યાદાના પ્રમાણ સુધીના પદાર્થો આપ્યા પછી અસંતોષને પ્રાપ્ત થયેલ પ્રાણીને સાક્ષાત બ્રહ્મદર્શન માટે કિંચિત્ પણ વિરોધ કરતી નથી. તેથી ઈશ્વરની અપ્રાપ્તિમાં પ્રાણીનો અનધિકાર જ કારણ હોય છે, માયાનો દોષ નથી.

છેલ્લા લોકને સત્ય લોક કહે છે. ત્યાં બ્રહ્મ સાક્ષાત્કાર છે. ત્યાં માયા નથી. તે સો ટચના સોના જેવું છે. તે સોનું એટલું નરમ હોય છે કે તેમાંથી ઘાટ થાય નહિ પણ તેની કિંમત વધારે હોય છે. તેવી જ રીતે શુદ્ધ બ્રહ્મમાંથી નામ કે રૂપના ઘાટ થાય નહિ પણ તેમાં નિરતિશય આનંદ હોય છે. જેમને ઘાટ ગમે છે તે તપ લોક સુધી જઈ શકે છે, ત્યાં સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, અને સાધર્મ્ય મુક્તિ મળે છે, પણ સાયુજ્ય બ્રહ્મદશામાં મળે છે. તેને સત્યલોક પણ કહે છે. કોઈને એમ લાગે કે જ્યાં બધું જગત જતું રહે એવી બ્રહ્મ દશામાં રહેવું કેમ ગમે તો તેનો ઉત્તર એ છે કે ઊંઘમાં કાંઈ નથી છતાં રાજાને રાજ છોડીને ઊંઘ લેવાની ઈચ્છા થાય છે અને ગંજીપાના એકામાં કોઈ ચિત્ર નથી છતાં તે રાજા–રાણીને જીતી જાય છે. તેથી જ્યાં કાંઈ નથી ત્યાં નિરતિશય આનંદ છે. તે આનંદનું વર્ણન તૈત્તિરીયોપનિષદ્‌માં આનંદ વલ્લીમાં આપવામાં આવેલ છે.

પ્રકરણ ૫

કર્મનો ભાર

જેમ રેડિયોમાં વીજળીનું તેજ સંચામાં ઘસાઈને શબ્દરૂપે પ્રગટ થાય છે તેમ અગ્નિદેવ માણસની અંદર વાણીરૂપ બનીને સ્થૂલ શબ્દ ઉત્પન્ન કરે છે. પરબ્રહ્મનું સ્વરૂપ ગુણાતીત છે. તે દશામાં શબ્દ નથી અને અર્થ નથી. તેમજ મનનો કોઈ સંકલ્પ નથી અથવા પ્રત્યય નથી; પણ તેમાં જ્યારે જીવના કર્મ પ્રમાણે દબાણ થાય છે ત્યારે તેમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે અને પછી ઈદંતારૂપે જગત દેખાય છે. કર્મનું દબાણ ન હોય તો સ્વપ્નું આવતું નથી અને જાગ્રત દશા પણ ઉત્પન્ન થતી નથી, કર્મને લઈને વિષ્ણુની નાભિમાંથી કમળ ઉત્પન્ન થાય છે અને તે કમળ ઉપર બ્રહ્મા ઉત્પન્ન થાય છે. કમળ એ કાલ–શક્તિ છે. તે ઉત્પન્ન થવાનું કારણ એ છે કે વિષ્ણુ ભગવાનને સૃષ્ટિ વખતે જીવોનાં કર્મ પોતાની અંદર જોવામાં આવે છે. સૃષ્ટિની ઉત્પત્તિ વખતે તે કર્મનું સંસરણ થાય છે, તેને સૃષ્ટિ કહે છે. તેથી પરિણામ દેખાય છે. કમળ પછી બ્રહ્મા અને બ્રહ્માની સાથે તેની પત્ની શારદા અથવા સરસ્વતી રહે છે. તે શબ્દ શક્તિ છે, બ્રહ્મા તેજનું સ્વરૂપ છે. જેમ તેજમાંથી રેડિયોમાં શબ્દ થાય છે, તેમ બ્રોડકાસ્ટીંગ સ્ટેશનોએ શબ્દમાંથી તેજ કરવામાં આવે છે. બોલતા સિનેમાના શુટીંગ વખતે પણ શબ્દમાંથી તેજ કરવામાં આવે છે તે વખતે શબ્દનું દબાણ ધ્યાનમાં લઈને તેજનું દબાણ રાખવું પડે છે. એક સેકન્ડમાં ૨૪ ફોટા લેવા પડે છે, કારણકે માણસની આંખ એ ગતિએ સિનેમાના ચિત્રોને જોઈ

શકે છે. તેવી જ રીતે મંત્ર શક્તિથી શબ્દમાંથી મંત્ર-દેવતા જાગ્રત કરવા પડે છે. દેવ એ તેજનું પ્રતીક છે. જીવના જન્મ વખતે પહેલાં દૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને તે સાથે જ શબ્દ ઉત્પન્ન થાય છે, પછી તે બાળકને માણસની માફક બોલતાં શિખડાવવામાં આવે છે, તે વખતે કર્મનો ભાર શરૂ થાય છે. એ ભારને લઈને સ્વપ્નામાં પણ તે તેજમાંથી શબ્દ ઉત્પન્ન કરે છે. સ્વપ્નાના જીવને પણ તેજસ કહેવામાં આવે છે.

માણસના જીવનમાં કર્મનું દબાણ ત્રણ રીતે ઉત્પન્ન થાય છે:–

(૧) વારંવાર સંકલ્પ કરવાથી.

(૨) વારંવાર શબ્દો બોલવાથી.

(૩) વારંવાર જગતને જોવાથી.

આવું દબાણ ઓછું કરવા માટે વેદાન્તમાં જગતને મિથ્યા માનેલ છે. ભક્તિ માર્ગમાં જપ દ્વારા અથવા શરણાગતિ દ્વારા કર્મનો ભાર ઓછો કરી શકાય છે. સાંખ્યની રીતે પ્રકૃતિના ગુણોના ધર્મથી પુરુષ અસંગ છે, એવી ભાવનાથી પણ કર્મનો ભાર ઓછો થાય છે. મંત્ર વારંવાર બોલવાથી તેનાં કૂંડાળાં ઉત્પન્ન થાય છે. એવાં ઘણાં કૂંડાળાં થઈને મંત્રદેવતાનું સ્વરૂપ તૈયાર કરે છે. તેને હાલના સાપેક્ષવાદના સાયન્સમાં Time-space curvature કહે છે. મંત્રના જપથી કાળ અને જગ્યામાં ફેરફાર થાય છે અને તે વખતે માણસની ઇચ્છા પૂરી થવા લાગે છે, કારણકે જગ્યા ગોળ થઈ જવાથી ઇચ્છા કરેલી વસ્તુ ખેંચાઈને સરળતાથી પાસે આવે છે. નીચેના દૃષ્ટાંતથી આ

બાબત સમજાઈ જશે:–

લગભગ ૪૦ વર્ષ પહેલાં કલકત્તામાં સર જોન વુડરોફ નામના એક અંગ્રેજ ત્યાંની હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે કામ કરતા હતા. તે વખતે તેમની ઉંમર લગભગ ૪૦ વર્ષની હશે. તે વખતે તેમને પરણવાનો વિચાર આવ્યો. તે પછી તેમને થોડા મહિનાની રજા લઈ ઇન્ગ્લાંડ જવાનું બન્યું. ત્યાં પરણવા માટે તેમણે ઘણી કન્યાઓને જોઈ પણ માત્ર એક જ કન્યા પસંદ આવી અને તે કન્યાએ તેમને પરણવાની ના પાડી; તેથી નિરાશ થઈને તે માણસ પાછા કલકત્તા આવ્યા અને ત્યાંની હાઈકોર્ટમાં ત્યાંના ન્યાયાધીશ તરીકેના હોદ્દા ઉપર કામ કરવા લાગ્યા. થોડા વખત પછી તે કોર્ટમાં તેમની પાસે તંત્રશાસ્ત્રનો અને મંત્ર બાબતનો એક કેસ ચુકાદા માટે આવ્યો. બન્ને પક્ષના વકીલોએ ખૂબ દલીલ કરી, તે ઉપરથી તે ન્યાયાધીશને લાગ્યું કે તંત્રમાં અને મંત્રમાં ઘણી શક્તિ હોવી જોઈએ. પછી તેમણે તે માર્ગના આચાર્યને પોતાના ઘેર બોલાવ્યા અને મંત્રની શક્તિ બાબત પૂછ્યું. તે આચાર્યે જવાબ આપ્યો કે "મંત્રથી અનેક પ્રકારની સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે." ન્યાયાધીશ વુડરોફે તેને પૂછ્યું કે, "મારે ઇન્ગ્લાંડમાં અમુક કન્યા સાથે લગ્ન કરવાં છે, તે ના પાડે છે, તે માટે કોઈ મંત્ર તમારી પાસે છે?" આચાર્યે કહ્યું કે "અમારા મંત્રશાસ્ત્ર પ્રમાણે બધા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. હું તમને મંત્ર કહું તે પ્રમાણે તમે જો રોજ અનુષ્ઠાન કરશો તો તે કન્યા આંહીં (કલકત્તા) આવીને જ તમારી પાસે લગ્નની માગણી કરશે." આ જવાબથી સર જોન વુડરોફ બહુ ખુશી થયા, તે જ દિવસથી તે આચાર્યને ગુરુ માની લીધા અને

બ્રાહ્મણની માફક નાહી ધોઇ, શુદ્ધ થઇ, અબોટિયું પહેરી રીતસર મંત્ર જપ કરી અનુષ્ઠાન શરૂ કર્યું. થોડા વખત પછી ઇન્ગ્લાંડની તે કન્યાને હિંદ આવવાની ઇચ્છા થઇ અને તે હિંદમાં આવી. હિંદમાં આવ્યા પછી ફરતાં ફરતાં તે કલકત્તા આવી અને ત્યાં તેને સર જોન વુડરોફે લગ્ન માટે કરેલી માગણી યાદ આવી, તેથી તેણે વુડરોફના સ્વભાવ બાબત અને તેની આર્થિક સ્થિતિ માટે તપાસ કરવા માંડી. ત્યાં તેના સાંભળવામાં આવ્યું કે તે ન્યાયાધીશ તરીકે કામ કરતા હતા, સારા સ્વભાવવાળા હતા, અને તેનો પગાર પણ સારો હતો. આવી હકીકત સાંભળીને તે કન્યાએ પોતે જ તેને પરણવા માટે માગણી કરી અને પછી બન્ને ત્યાં પરણ્યાં. વુડરોફે તેની પત્નીને મંત્ર શક્તિની બાબત વાત કરી. તે પછી બન્ને તંત્ર શાસ્ત્રનો અને મંત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા. વુડરોફે તંત્રશાસ્ત્ર ઉપર ઘણાં પુસ્તકો લખેલાં છે અને તે હાલ પ્રમાણરૂપ મનાય છે. હિંદના સદ્ગત યોગી શ્રી અરવિંદ પણ તંત્રશાસ્ત્ર માટે તેમનાં લખાણ માન્ય કરતા હતા મંત્રના જપથી એક પ્રકારનો નાદ અથવા નશો ઉત્પન્ન થાય છે, તેમાંથી એક તેજનું બિન્દુ ઉત્પન્ન થાય છે અને તે તેજ વધે ત્યારે તેમાં જીવ અને જગત અભિન્ન રૂપે જણાય છે. તે વખતે દેશ અને કાળનું ચક્ર ફરે છે. દૂરની વસ્તુ નજીક આવે છે. ભવિષ્યની વસ્તુ વર્તમાનમાં આવે છે, અને ઇચ્છાઓ પૂરી થવા માંડે છે. બધાને સરખો અનુભવ થતો નથી કારણકે જીવની ઇચ્છાના દબાણ સંજોગો પ્રમાણે ફરે છે. ઘણાં વર્ષ પહેલાં એક જગ્યાએ એક દાક્તર L. M. S. માં પાસ થયા પણ તેમની પ્રેક્ટીસ બરાબર ચાલી નહિ અને તેમને

શરૂઆતમાં કમાણી થતી નહોતી. તેમણે તે બાબત એક સાધુને વાત કરી. સાધુએ તેમને કહ્યું કે "દરેક દવામાં દાક્તરો એક બાટલીમાંથી થોડુંક પાણી નાંખે છે, તેવી બાટલી તમારા દવાખાનામાં હશે, સવારે દવાખાનામાં જઇને પાણીમાં 'રામ' શબ્દ લખવો, અને પછી તે પાણી દવામાં મેળવવું, તેનાથી દરદીઓ સારા થશે અને તમારે ત્યાં વધારે ગ્રાહક આવશે." દાક્તરે તે પ્રમાણે કર્યું અને 'રામ' નામની અસરથી તેમની કમાણી વધવા લાગી.

હૃષીકેશમાં સ્વર્ગાશ્રમમાં એક વખત કેટલાક સાધુઓ બેઠા હતા. ત્યાં તેમને નાસ્તો કરવાની ઇચ્છા થઇ. ત્યાંથી ઋષીકેશ એક માઇલ દૂર છે. એક સાધુએ કહ્યું કે "હું મંત્રશક્તિથી આકાશમાંથી મીઠાઇ, ભજિયાં વગેરે હૃષીકેશમાંથી મંગાવી આપું, પણ જેની દુકાનેથી આવે તેને પૈસા આપી આવવા. બીજા સાધુએ પૈસા આપવાનું કબૂલ કર્યું, એટલે પહેલા સાધુએ હૃષીકેશથી મંત્રશક્તિથી નાસ્તો આકાશમાંથી મંગાવ્યો, બધાએ નાસ્તો કર્યો અને જે દુકાને મીઠાઇ ભજિયાં વગેરે ઓછાં થયાં હતાં ત્યાં જઇને તેને પૈસા આપવામાં આવ્યા. આમાં ચમત્કાર જેવું કાંઇ નથી. મંત્રશક્તિથી જ્યારે દેવ જાગ્રત થાય છે ત્યારે દેશ–કાળ ફરી જાય છે, જગ્યા ગોળ થઇ જાય છે અને દૂરની વસ્તુ નજીક આવી પડે છે, તેને Time–/pace curvature કહે છે.

સાધારણ માણસો આવી શક્તિ બતાવી શકતા નથી કારણ કે તેમના જીવનમાં કર્મનું દબાણ વધારે રહે છે અને તેથી તે પ્રારબ્ધમાં સત્તા માને છે. જેઓ સામાજિક અને રાજકીય

બંધન સાચાં માને છે અને તેમને તાબે થઇ રહે છે તેઓ સમાજમાં અથવા રાજ્યમાં કાંઇ ફેરફાર કરી શકતા નથી, પણ મ. ગાંધીજીએ સમાજનાં અને રાજ્યનાં બંધન સાચાં માન્યાં નહિ, તેથી તે નવો પુરુષાર્થ બતાવી શક્યા હતા. કર્મનું દબાણ જ્યારે કાનને સ્પર્શ કરે છે ત્યારે બહુ વાતો સાંભળવાની ઇચ્છા થાય છે; જ્યારે વાણીને અસર કરે છે ત્યારે બહુ બોલવાની ઇચ્છા થાય છે; જ્યારે આંખને સ્પર્શ કરે છે ત્યારે ઘણાં દૃશ્યો જોવાની ઇચ્છા થાય છે; નાકને સ્પર્શ કરે છે ત્યારે સુગંધની ઇચ્છા થાય છે; જીભને સ્પર્શ કરે છે ત્યારે સારું ખાવાની ઇચ્છા થાય છે; જનનેન્દ્રિયને સ્પર્શે છે ત્યારે વિષય ભોગની ઇચ્છા થાય છે. એ પ્રમાણે જીવ પરતંત્ર બને છે, પણ એ વિષયો ઉપર સંયમ હોય તો તે શક્તિ બીજા સારા કામમાં વાપરી શકાય છે, તેથી મંત્રનો જપ કરનારમાં વૈરાગ્ય વધારે હોય તો તરત સારું ફળ મળે છે.

લગભગ ૫૦ વર્ષ પહેલાં નીચે પ્રમાણે એક બનાવ બનેલો હતો. ખાનદેશમાં ધૂળીઆમાં નાટેકર કુટુંબમાં બે ભાઇઓ રહેતા હતા. તેમાં નાનાનું નામ ગજાનન પાંડુરંગ હતું. બન્ને પરણ્યા હતા. નાનાભાઇને એક દીકરી હતી તેણે કેટલાક સાધુઓનો સત્સંગ કરવા માંડ્યો. તે ઉપરથી તેને સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો. એક વખત તેને અંગ્રેજી શાળામાં પરીક્ષાનો વખત આવ્યો, પણ તે વખતે વૈરાગ્યની ભાવના બહુ જોરથી ઉત્પન્ન થવાથી તેણે પરીક્ષા આપી નહિ, પુસ્તકો નદીમાં નાંખી દીધાં, શ્રીગુરુ દત્તાત્રેયની એક છબી તૈયાર કરાવી લીધી અને શ્રીદત્તગુરુનો જપ શરૂ કર્યો. ધૂળીઆ આવીને તેણે મોટાભાઇ

પાસેથી પોતાની મિલકત જુદી કરી લીધી અને તેમાંથી ઘણો ભાગ દાનમાં વાપરી નાંખ્યો. એ રીતે પોતાના કર્મનો ભાર ઓછો કરીને શ્રી દત્તનો મંત્ર જપવો શરૂ કર્યો. થોડાં વર્ષ પછી તેની પૂજાની ઓરડીમાં તેને એવો શબ્દ સાંભળવામાં આવ્યો કે, "તું ગિરનારમાં આવી સાધના કર." તે પ્રમાણે ત્રણ દિવસ સુધી સાંજે ચોક્કસ વખતે ત્રણ વાર એજ શબ્દો સાંભળવામાં આવવાથી ગજાનન પોતે સૌરાષ્ટ્રમાં ગિરનારમાં ગયા અને ત્યાં જપ અને તપ શરૂ કર્યાં. તે પ્રમાણે ત્યાં થોડાં વર્ષ કર્યા પછી એક દિવસે ત્યાં એવો શબ્દ સંભળાયો કે, "તું હિમાલયમાં ગૌરીકુંડ ઉપર આવ એટલે હું તને દર્શન આપીશ." તેણે કહ્યું કે "મેં તે સ્થળ જોયું નથી." તેના જવાબમાં તેની પાસે એક નકશો જોવામાં આવ્યો અને તેમાં માનસ સરોવરની નજીકમાં જરા આગળ ગૌરીકુંડ જોવામાં આવ્યો. પછી તે પાછા ધૂળીઆ આવ્યા. તેમની સ્ત્રીને કહ્યું કે, "હવે હું ગુરુ દત્તાત્રેયનાં દર્શન કરવા માટે જાઉં છું અને છ મહિનામાં પાછો ન આવું તો મને મરી ગયેલો માનવો." આવો દૃઢ સંકલ્પ કરીને તેમણે હિમાલયની જાત્રા શરૂ કરી. રસ્તામાં તેમને ઘણાં વિઘ્નો આવ્યાં. તે બધાં કષ્ટ ભોગવીને તેઓ ગૌરીકુંડ પહોંચ્યા. ત્યાં તેમને શ્રી દત્તાત્રેયનાં સાક્ષાત્ દર્શન થયાં અને તેમની પાસેથી પોતે 'હંસ'ની દીક્ષા લીધી. તે પછીતેઓસ્વામી હંસ તરીકે પ્રસિદ્ધ થયા હતા.* તેમનું લખેલું એક પુસ્તક "કૈલાસ માનસ સરોવર દર્શન" થોડા વખત પહેલાં મળી શકતું હતું. અમને

---

*"નિત્યપ્રસાદ" પુસ્તકની ત્રીજી આવૃત્તિના ૧૪મા પ્રકરણમાં પાનું ૩૦૪ માં સ્વામી શ્રી હંસનું જીવનચરિત્ર સમાવિષ્ટ કરેલ છે.

સ્વામી હંસનો પરિચય ઈ. સ. ૧૯૧૨ થી ઈ. સ. ૧૯૩૪ સુધી રહેલ હતો. તેમણે ઇ. સ. ૧૯૩૭ ની લગભગ શરીર છોડ્યું. તે મંત્રદ્વારા શ્રીગુરુ દત્તાત્રેયનાં દર્શન કરી શક્યા હતા. તેમના જીવનની કેટલીક હકીકત તેમની પાસેથી અને તેમના શિષ્યો પાસેથી જાણવા મળતી હતી. તેમના જીવનમાં મંત્ર–શક્તિના પ્રભાવનો નમૂનો હતો. તેઓ મંત્ર શક્તિમાં માનતા હતા. કેટલાક એમ માને છે કે તેમણે તેમની પાછલી જિંદગીમાં તેમની સિદ્ધિનો ખોટો ઉપયોગ કરેલ હતો, પણ તે બાબતની ચર્ચા આંહીં કરવાનો અવકાશ નથી. આંહીં ફક્ત એટલું બતાવવાની જરૂર છે કે મંત્રથી સિદ્ધિ અને શક્તિ જરૂર પ્રાપ્ત થાય છે. એક વખત ઇ. સ. ૧૯૩૪ માં સ્વામી હંસે અમને એમ કહેલ હતું કે "માણસોને સંસારનો મોહ છોડવો જેટલો સહેલો છે તે કરતાં યોગીઓને સિદ્ધિઓનો મોહ છોડવો વધારે મુશ્કેલછે."

મંત્ર જપથી ઈશ્વરના સાક્ષાત્કારનો બીજો બનાવ નીચે પ્રમાણે પ્રસિદ્ધ થયેલ છે. તેમાં શ્રી નારાયણ સ્વામી પરમહંસના જીવનની કથા છે. પ્રસિદ્ધ "કલ્યાણ" માસિક વાળાએ "એક સંતનો અનુભવ" એ નામનું પુસ્તક છપાવેલ છે, તેમાં તે સંત પાસેથી તેના સાધનની હકીકત મેળવીને આપવામાં આવેલ છે. તેમણે કેટલાંક વર્ષ સુધી એકાન્તમાં "નારાયણ"ના નામનો જપ કર્યો હતો. તે સાધન કરતાં એકવાર તેઓ ચાંદોદ આવેલા અને ત્યાં એક વખતે રાત્રે બે વાગે તેમને ભગવાન નારાયણનાં દર્શન થયાં હતાં અને તેમની સાથે વાતો કરી હતી. તે પછી પણ ભગવાને તેમને ઘણીવાર દર્શન આપ્યાં

છે, સિદ્ધિઓ બતાવી છે અને જ્ઞાન આપેલ છે. હાલ તેઓ હિંદમાં ઉત્તર પ્રદેશમાં કોઈ સ્થળે વિચરે છે. તેમના જીવનમાં જે દિવ્ય ફેરફાર થયા છે તે બધા મંત્ર શક્તિના પ્રભાવથી થયા છે. અમને બે વખત તેમને મળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. તે ઘણાં વર્ષ થયાં મૌન પાળે છે અને નારાયણના ધ્યાનમાં રહે છે અથવા તેનો જપ કરે છે. આવી રીતે વૈરાગ્યથી અને મૌન પાળવાથી કર્મનું દબાણ ઓછું થાય છે અને મંત્ર તરત સિદ્ધ થાય છે.

એક વેપારીએ એવો નિયમ લીધો છે કે રોજ આખી ગીતાનો પાઠ કરી જવો. એ પણ એક જાતના મંત્રનું કામ કરે છે અને તેથી તેને તેના વેપારમાં સફળતા મળે છે. પણ મંત્રનો ઉપયોગ આત્મસાક્ષાત્કાર માટે કરવો જોઈએ. જ્યારે મંત્રનો જપ આત્માસાક્ષાત્કાર માટે થાય છે ત્યારે થોડા વખત પછી જપ કરનારમાં એક પ્રકારની નવી શક્તિનો સંચાર થાય છે અને તેમાંથી એક પ્રકારનો નવો નશો આવે છે.

દક્ષિણમાં મેંગલોર ડીસ્ટ્રીક્ટમાં કાનનગઢ પાસે શ્રી રામદાસ સ્વામી પોતાના "આનંદ આશ્રમ"માં રહે છે. તેમણે મંત્ર દ્વારા આત્મસાક્ષાત્કાર કરેલ છે. તેમનો મંત્ર "ૐ શ્રી રામ, જય રામ, જય જય રામ" એ હતો. હવે જપ કર્યા વગર પણ તેમને જપનો નશો રહી શકે છે. પ્રાચીન-કાળમાં ધ્રુવને નારદજીએ વાસુદેવનો મંત્ર આપ્યો હતો અને તે જપવાથી તેને ભગવાનનાં દર્શન થયાં હતાં. ખાસ કરીને શ્રદ્ધાવાળા લાગણી પ્રધાન ભક્તોને માટે મંત્રનો જપ એ ઉપયોગી સાધન નીવડે છે. જેઓ બુદ્ધિ પ્રધાન હોય છે અને તત્ત્વનો વિચાર કરી શકે છે, તેમને મંત્રનું સાધન કે માળાનું સાધન ફાવતું નથી. તેઓ

વિચાર દ્વારા આવરણને હઠાવીને આત્મસાક્ષાત્કાર કરી શકે છે. તેમને કર્મનો ભાર વિચાર દ્વારા ઓછો થઇ શકે છે. બંગાળામાં ચારસો વર્ષ પહેલાં થઇ ગયેલા શ્રી ચૈતન્ય મહાપ્રભુ પણ નામકીર્તનમાં માનતા હતા. હજુ પણ વૃંદાવનમાં તેમના ઘણા ભક્તો રોજ નામકીર્તન કરી આનંદ મેળવે છે. કલિયુગમાં નામકીર્તનનો મહિમા વધારે ગવાયેલો છે, કારણ કે તત્ત્વજ્ઞાન માટે જે પ્રકારનો તીવ્ર વૈરાગ્ય જોઇએ તેવો વૈરાગ્ય સાધારણ માણસોમાં હોતો નથી.

કેટલીક ઔષધિથી પણ થોડો વખત કર્મનો ભાર ઓછો થાય છે, નવી જાતનો નશો ચડે છે અને થોડો વખત દિવ્ય દર્શન પ્રાપ્ત થાય છે. તેની હકીકત નીચે આપવામાં આવે છે:–

અમેરિકામાં મેકસીકોના જંગલમાં એક જાતનો જંગલી થોર થાય છે તેમાંથી મેસ્કેલાઇન નામનો પદાર્થ બને છે. તે થોડોક કેફી છે. તે પીવાથી માણસના મગજમાં રહેલો ગ્લુકોઝ (સાકરીઓ પદાર્થ) નબળો પડી જાય છે. તેનાથી માણસની અંદર દિવ્ય દૃષ્ટિ ઉત્પન્ન થાય છે. તેને આપણું જગત નવી રીતે નવી જાતનું દેખાય છે, એટલે તે વખતે દેશકાળ ફરી જાય છે, તેને જગતમાં વધારે સુંદરતા લાગે છે અને ઘણો આનંદ આવે છે. કેટલાક માનસ શાસ્ત્રીઓ પણ હવે તેનો ઉપયોગ કરવા લાગ્યા છે, તેનાથી દૃષ્ટિમાં, લાગણીમાં અને વિચારમાં ફેર પડી જાય છે, અહંકાર નબળો પડે છે, કવિઓનાં કાવ્યોમાં વર્ણવેલ રસ જેવો દિવ્ય રસ મળે છે, પર્વતો સોનાના બનેલા લાગે છે, પક્ષીઓ રૂપેરી લાગે છે, પાણી હીરા જેવું દેખાય છે. તેની અસરથી નવી દિવ્ય સુગંધ મળે છે અને જીભ ઉપર નવો

રસ ઉત્પન્ન થાય છે. ઘરના ઓરડા હોય તે કરતાં મોટા લાગે છે. ટૂંકામાં જ્યારે અહંકાર ઓછો થાય છે ત્યારે ઇન્દ્રિયોમાં નવી શક્તિ આવે છે. આ દવાની અસર ૮ થી ૧૦ કલાક સુધી રહે છે. આ દવાથી માણસ પોતાને જગતનો સ્વામી જુએ છે અને તેનામાં સત્ત્વગુણ ઉત્પન્ન થાય છે.

મંત્રશક્તિનો મૂળ હેતુ જીવમાંથી પાર્થિવપણું એટલે જડપણું ઓછું કરવાનો છે. કોઇ પણ રીતે કર્મનો ભાર ઓછો કરવો જોઇએ. ભેદ દૃષ્ટિથી ભાર વધે છે. જ્યારે એમ લાગે કે મારાથી કર્મ જુદાં છે ત્યારે કર્મમાં સ્વતંત્ર શક્તિ લાગે છે. તે માણસે આત્માનો વિચાર કરેલો હોતો નથી. જ્યારે એમ લાગે કે કર્મથી આત્મા જુદો છે ત્યારે આત્મામાં થોડીક શક્તિ લાગે છે. જ્યારે એમ લાગે કે આત્માની સત્તાથી કર્મની સત્તા જુદી નથી ત્યારે માત્ર આત્માની સત્તા રહે છે અને કર્મ આભાસ માત્ર લાગે છે.

પ્રકરણ ૬

મૂર્તિપૂજાની પદ્ધતિનું રહસ્ય

આપણી કોંગ્રેસ સરકારે એવી માન્યતા રાખેલ છે કે દરેક જાહેર મંદિરમાં હરિજનોને અને પછાત વર્ગને દર્શન માટે જવાની છૂટ આપવી જોઇએ અને તેમને મૂર્તિની પૂજા કરવાનો પણ અધિકાર આપવો જોઇએ. તેમનું લક્ષ્ય એવું છે કે માણસની જાતમાં ઊંચાનીચાનો ભેદ રહેવો જોઇએ નહિ.

જ્યાં અન્ન, વસ્ત્ર, મકાન, દવાખાનાં વગેરે સામાજિક સગવડનો પ્રશ્ન હોય ત્યાં બધાને સમાન હક આપવામાં હરકત

નથી, પણ મંદિરોમાં પથ્થરની મૂર્તિમાં ચૈતન્ય લાવવાની કળા, અને તે માટે જોઈતી અંતઃકરણની શુદ્ધિ બધા માણસોમાં સરખી હોતી નથી. જો મંદિરોની પૂજા બરાબર નહિ થાય તો પથ્થરની મૂર્તિમાં દેવત્વ આવશે નહિ અને હરિજનોને પણ દેવનાં દર્શન થશે નહિ. તેથી આ બાબતમાં સરકારે ફરીથી વિચાર કરવાની જરૂર છે. જે માણસ મંદિરમાં દર્શન કરવા જાય તેને દેવનાં દર્શન થાય એવી વ્યવસ્થા સરકાર તરફથી અથવા સમાજ તરફથી થવી જોઈએ. મૂર્તિમાં શાસ્ત્ર પ્રમાણે વિધિથી પૂજા કરવાથી જ તેમાં દેવત્વ લાવી શકાય છે. તેને માટે ઘણી ક્રિયાઓ તંત્રશાસ્ત્રમાં આપેલી છે. તેને ક્રિયા યોગ કહે છે અજપાજપમાં મૂર્તિપૂજાની જરૂર નથી, પણ જ્યાં સામાન્ય રીતે જપ કરવામાં આવે છે ત્યાં ભગવાનનાં દર્શનની ઈચ્છા રહે છે અને તેથી સામે મૂર્તિ તરીકે પ્રતિમા અથવા પ્રતીક રાખવાની જરૂર છે અને તેની પૂજા વિધિસર કરવી જોઈએ. જેમ વિમાન ચલાવવા માટે પાઈલોટ પસંદ કરવામાં આવે છે, લશ્કરના કામ માટે બ્રાહ્મણ–વાણિયાની જ્ઞાતિમાંથી માણસ પસંદ કરવામાં આવતા નથી તેમ મૂર્તિપૂજા માટે જે માણસ જડ જેવી દેખાતી મૂર્તિમાં ચેતન લાવી દે તેને જ પસંદ કરવા જોઈએ. વાસ્તવિક રીતે મૂર્તિમાં જડપણું અધ્યસ્ત છે એટલે કલ્પિત છે. સ્વપ્નની જડ વસ્તુઓ વાસ્તવમાં જડ નથી. પ્રો. આઈન્સ્ટાઈને ગણિતથી એવું સિદ્ધ કરેલ છે કે જ્યારે જડ વસ્તુને તેજની ગતિથી ફેરવવામાં આવે ત્યારે તે શક્તિરૂપ બની જાય છે. Matter is changed into energy. એ ગણિતને આધારે જડ વસ્તુઓને તેજોમય બનાવીને એટમબોમ્બ

બનાવવામાં આવે છે અને એજ સિદ્ધાન્ત પ્રમાણે મૂર્તિમાં તેજ અથવા દેવત્વ લાવી શકાય છે પણ તે માટે તેની વિધિ જાણનાર પાસે મૂર્તિની પૂજા કરાવવી જોઈએ.

કલકત્તાની નજીક ૮૦ વર્ષ પહેલાં દક્ષિણેશ્વરમાં જ્યારે રાણી રાસમણિએ કાલીમાતાનું મંદિર બંધાવ્યું ત્યારે ત્યાં કાલીની મૂર્તિમાં ચેતન લાવવા માટે યોગ્ય પૂજારીની તપાસ થઈ હતી. તે માટે પહેલાં શ્રી રામકૃષ્ણ પરમહંસના ભાઈને પસંદ કરવામાં આવ્યા અને પછી શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતે તે મૂર્તિની પૂજા કરતા હતા. તેની પૂજાની ભાવનાથી તે મૂર્તિમાં ચેતન આવી ગયું હતું. તે મૂર્તિની પૂજા તે પછી બીજા ઘણા માણસોએ કરેલ છે, છતાં પહેલાં જેવું ચેતન હાલ તેમાં જણાતું નથી, તેનું કારણ એ છે કે બધો આધાર પૂજા કરનારની શુદ્ધિ ઉપર અને વિધિ ઉપર છે. તેથી અધિકાર જોયા વગર બધા માણસોને પૂજા કરવાની છૂટ આપી શકાય નહિ. બનારસમાં જ્યારે હિંદુ યુનિવર્સિટીનો પાયો નાંખવાનો હતો ત્યારે પંડિત મદનમોહન માલવીઆએ હિમાલયમાં ગંગોત્રીમાં રહેલ એક પવિત્ર મહાત્માને બોલાવીને તેને હાથે વિધિ કરાવી હતી. શ્રીનાથદ્વારામાં જે શ્રીનાથજીની મૂર્તિ છે તેની સાથે શ્રી વલ્લભાચાર્યે વાતચીત કરી હતી અને એક નરો નામની કન્યા તે મૂર્તિને રોજ દૂધ પાતી. આવા ઘણા પ્રસંગ મૂર્તિપૂજામાં જોવામાં આવે છે. તેનો બધો આધાર પૂજા કરનારની ભાવના ઉપર છે. સોમનાથના મંદિરના લિંગને બીજાઓ ઘણીવાર કેમ તોડી શક્યા હતા? કારણ કે તેની પૂજા વિધિસર યોગ્ય માણસો કરી શક્યા નહોતા.

મૂર્તિપૂજા વખતે મંત્રદ્વારા દિગ્બંધ કરવો પડે છે કે જેથી તે વાતાવરણ શુદ્ધ રહે, કારણ કે ત્યાં દેવનું આવાહન કરવું પડે છે. બંગાળમાં વિજયકૃષ્ણ મજમુદાર એક મૂર્તિની પૂજા કરતા હતા. ત્યાં એક જુવાન વિદ્યાર્થી આવ્યો અને તેને કહ્યું; "તમે આ પથ્થર જેવી મૂર્તિની પૂજા કરો છો તેથી શો લાભ થવાનો છે?" તેણે જવાબ આપ્યો કે, "તમે તે મૂર્તિનો હાથ પકડો." તે જુવાન માણસે મૂર્તિનો હાથ પકડ્યો ત્યારે માતાજીના હાથની નાડી જીવતા માણસની માફક ચાલતી હતી. આંહીં સમજવાનું એ છે કે મૂર્તિપૂજા વખતે દ્રષ્ટા દર્શન અને દૃશ્યનું એક ક્ષેત્ર તૈયાર થાય છે અને તે વખતે જડના ધર્મ ફરવા લાગે છે. દર્શન કરવા આવનારની શુદ્ધિ પ્રમાણે પણ મૂર્તિમાં ફેરફાર જણાય છે. અમને પોરબંદરના રાજ્યમાં આવેલ શ્રી માધવરાયજીની મૂર્તિના ચરણનો સ્પર્શ કરતાં તે ચરણ માણસના ચરણની માફક પોચા લાગ્યા હતા અને પંઢરપુરમાં શ્રી વિઠ્ઠલનાથજીની મૂર્તિમાં મૂછો જોવામાં આવી હતી. આ બધા ક્ષેત્રધર્મ છે. ક્ષેત્રમાં દ્રષ્ટા દર્શન અને દૃશ્ય ત્રણે એક સાથે કામ કરે છે અને જડના ધર્મ ફરી જાય છે. એ સિદ્ધાન્તને આધારે મીરાંબાઈ ઝેરનો પ્યાલો ભગવાનનો પ્રસાદ માનીને પી ગયાં હતાં. જ્યારે ઝેર ભક્તની દૃષ્ટિના ક્ષેત્રની અંદર આવે છે ત્યારે ઝેર એ ઝેર રહેતું નથી. નાગણને નાગનું ઝેર ચડતું નથી અને ભક્તને સંસારનું ઝેર ચડતું નથી. તેથી દર્શનની શુદ્ધિ ઉપર ઘણો આધાર છે. મંદિરોમાં હરિજનો દર્શન કરવા માટે જાય તેમાં હવે વાંધો લઈ શકાય તેમ નથી પણ પૂજાની વિધિ કરવાનું કામ ગમે તે માણસને આપી શકાય નહિ. કેટલીક બ્હેનોને એવો ભાવાવેશ આવે છે કે તેમના શરીરમાંથી કંકુ નીકળ્યા કરે છે. તે વખતે

શરીર એ શરીર રહેતું નથી, ક્ષેત્ર ધર્મમાં ક્ષેત્રજ્ઞની ભાવના ઉપર ઘણો આધાર છે. મંત્રદ્વારા ક્ષેત્રજ્ઞ ક્ષેત્રમાં ફેરફાર કરી શકે છે અથવા ભાવનાથી અને દૃષ્ટિની શુદ્ધિથી પણ ક્ષેત્રમાં ફેરફાર થઈ શકે છે. વડોદરામાં થોડા વખત પહેલાં રામાનુજ સંપ્રદાયના એક ભક્ત બાલાપ્રસાદજી રહેતા હતા. તે હરતાંફરતાં "ગોપાલ"નો મંત્ર જપતા હતા. તેને લઈને તેની આસપાસનું વાતાવરણ એવું ફરી જતું હતું કે તે મૂર્તિમાં નવું ચેતન લાવી શકતા હતા અને બીજાને તે ચેતનનો પરિચય આપી શકતા હતા.

આર્યસમાજવાળા મૂર્તિ પૂજામાં માનતા નથી કારણકે તેના મૂળ સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ મોરબી પાસે ટંકારામાં એક શંકરના મંદિરમાં શિવલિંગ ઉપર એક ઉંદર ફરતો જોયો અને તે લિંગને બગાડતો હતો. આંહીં એવું રહસ્ય સમજવાનું છે કે જ્યાં પૂજારી જડ બુદ્ધિવાળો હોય છે ત્યાં મૂર્તિમાં ચેતન લાવી શકાતું નથી. તે માટે સંપદ ઉપાસનાની જરૂર છે. કોઈપણ મૂર્તિ જડ નથી. મૂર્તિ કેવી છે તે વિચાર ખોટો છે. મૂર્તિની પૂજા કરનારની વિધિ દ્વારા અને તેની ભાવનાથી જે ક્ષેત્ર તૈયાર થાય છે તે ક્ષેત્ર જડ છે કે ચેતન છે તેનો વિચાર કરવો જોઈએ. પૂજારીની અવસ્થા અથવા દર્શન કરવા આવનારની અવસ્થા જડ જેવી હોય તો તે ક્ષેત્ર જડ રહે છે અને તે ક્ષેત્રમાં મૂર્તિ જડ દેખાય છે; અને તેની અવસ્થા ચિન્મય હોય તો તે ક્ષેત્રમાં રહેલી મૂર્તિ પણ ચિન્મય જોવામાં આવશે. હાલના સાયન્સ પ્રમાણે દરેક ક્ષેત્ર (અથવા field)માં tensor equations રહે છે એટલે તેમાં તે વખતે એક પ્રકારનું આકર્ષણ રહે છે. તે દ્રષ્ટાની દૃષ્ટિ પ્રમાણે રહે છે.

મંત્ર વખતે જેમ મંત્ર દ્વારા દિગ્બંધ કરી શકાય છે તેમ કાળનો બંધ પણ કરી શકાય છે. એક બાઈ બહુ જ માંદી થઈ હતી. ઈ. સ. ૧૯૨૮ ની સાલનો આ બનાવ છે. તેને લાગ્યું કે હવે તેનો અંતકાળ આવેલ છે. પછી સવારે કોઈએ એવી સલાહ આપી કે "હવે દવા બધી બંધ કરો અને ભગવાનના નામનો એવો જપ કરો કે 'શામળિયા, મને સાજી કરો, આજ રાત્રે ૮ વાગ્યા સુધીમાં'."આ મંત્રમાં કાળને બાંધી લેવાયો હતો. સવારથી તે જપ શરૂ કર્યો હતો. જેમ જેમ દિવસ ચડતો ગયો અને મંત્રની સંખ્યા વધવા માંડી તેમ તેમ તે બાઈનું શરીર ફરવા લાગ્યું, અને તેનામાં બિછાનામાં બેસવાની શક્તિ આવી. તેણે ચા પીધો અને મંત્ર ચાલુ રાખ્યો. ૧૧ વાગે તેણે સ્નાન કર્યું, ૧૨ વાગે હલકો ખોરાક લીધો અને મંત્ર ચાલુ રાખ્યો. બપોરના ત્રણ વાગે ઓરડામાં ફરવાની શક્તિ આવી અને જપ ચાલુ રાખ્યો. રાતના આઠ વાગે તે બાઈમાં ઘરના ફળિયામાં ફરવાની શક્તિ આવી હતી. માણસની શ્રદ્ધા વધે તો મંત્રમાં પણ નવું બળ આવે છે.

દંડી સંન્યાસીઓ જ્યારે મૂર્તિનાં દર્શન કરવા માટે મંદિરમાં જાય છે ત્યારે પોતાનો દંડ મૂર્તિને અડાડીને મૂર્તિને નવું ચેતન આપે છે. પૂજારી પૂજા દ્વારા અને મંત્ર દ્વારા મૂર્તિમાં ચેતન પ્રગટ કરે છે. પછી દર્શન કરવા આવનારને તે મૂર્તિમાં ચેતન જણાય છે. માત્ર મંદિર પ્રવેશનો હક હરિજનોને આપવાથી દેવનાં દર્શન થતાં નથી પણ તેમણે વિધિસર દીક્ષા લઈને મંત્ર જપવા જોઈએ અને દેવની મૂર્તિની પૂજા વિધિસર થવી જોઈએ. તે સિવાય મંદિર પ્રવેશનો કાંઈ અર્થ

નથી. જો પૂજા બરાબર ન થાય તો બ્રાહ્મણોને પણ મૂર્તિમાં ચેતન જણાશે નહિ. કુંભના મેળા વખતે એવો રિવાજ છે કે પહેલાં ઉત્તમ ચારિત્ર્યવાળા પવિત્ર સાધુઓ સ્નાન કરે અને પછી તે જળમાં બીજા માણસો સ્નાન કરે તો જળમાં સાધુઓના સ્નાનથી ઉત્પન્ન થયેલ ચેતનની અસર બીજા સામાન્ય કોટીના માણસોને મળી શકે; પણ હવેના કાળમાં બધાને સમાન હક આપવાની રીત દાખલ થતી જાય છે, તેથી ગૃહસ્થ માણસો કુંભ વખતે પહેલાં સ્નાન કરે છે અને પછી સાધુઓને સ્નાન કરવાનો વખત મળે છે. ગિરનારમાં શિવરાત્રીએ મેળો ભરાય છે ત્યાં પણ એવું બને છે.

મૂર્તિની પૂજા વખતે વિધિવત્ કરન્યાસ અને અંગન્યાસ કરવો જોઈએ. પછી મૂર્તિમાં મંત્રન્યાસ કરવો અને હાથથી પહેલા દિવસે ચડાવેલ પૂજાની સામગ્રી હઠાવીને મૂર્તિનું માર્જન કરવું જોઈએ, તે પછી કળશ અને બીજા પાત્રનો પણ સંસ્કાર કરવો. પછી જળથી પૂજાનું સ્થાન, સામગ્રી અને પોતાના શરીરનું પ્રોક્ષણ કરીને શુદ્ધ કરવું. આને ક્રિયાયોગ કહે છે. તે યોગ પ્રાચીનકાળમાં બ્રહ્માએ ભૃગુને સમજાવ્યો હતો, શંકરે પાર્વતીજીને સમજાવ્યો હતો અને શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને સમજાવ્યો હતો.

પૂજારીએ પોતે શુદ્ધ થઈને પછી મૂર્તિમાં દેવનું આહ્‌વાહન કરવું અને મંત્રો દ્વારા અંગન્યાસ કરી પૂજન શરૂ કરવું. તેમાં વૈદિક અને તાંત્રિક બંને પ્રકારની વિધિ જાણવી જોઈએ. ૐ नमो नारायणाय એ મૂલ મંત્ર છે. તે દ્વારા અને પુરુષ સૂક્તના સોળ મંત્ર દ્વારા યજ્ઞ કરી આહુતિ દેવી. અગ્નિથી અને

તેજથી મૂર્તિમાં નવું ચેતન લાવી શકાય છે. એ વાત હાલના સાયન્સથી પણ સિદ્ધ થઇ શકે છે. પછી મૂર્તિને પ્રણામ કરવા. છેવટે મૂર્તિને ચડાવેલી માળા પ્રસાદ રૂપે લઇ પૂજા કરનારે પોતાના મસ્તક ઉપર ચડાવવી. ફૂલમાં મૂર્તિનું તેજ તરત દાખલ થાય છે અને તે ફૂલ પોતાને માથે ચડાવવાથી નવી શક્તિ આવે છે. ભાગવતમાં એટલે સુધી લખેલ છે કે ગામની ભક્તિ વધે તેવી રીતે કોઇ શિવાલય અથવા મંદિર બંધાવે, તેમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરાવે અને તેની પૂજા કાયમ રહે તેવી વ્યવસ્થા કરે તેને ભગવાન સાર્વભૌમ રાજ્ય, ઇન્દ્રપદ અને બ્રહ્મલોકનું સુખ આપે છે, (૧૧–૨૭–૫૨). નિષ્કામ ભક્ત ભગવદ્ સ્વરૂપમાં લીન થાય છે. તેથી ઊલટું, જે માણસો મંદિરની આવક ઓછી કરીને અથવા બંધ કરીને મંદિરની પૂજા બંધ કરાવે છે તે એક લાખ વર્ષ સુધી વિષ્ટાનો કીડો થાય છે. (૧૧–૨૭–૫૪). જ્યારે રેશનીંગનો વખત હતો ત્યારે કોંગ્રેસ સરકારે ઘણાં મંદિરોમાં મૂર્તિને જમાડાતો ભોગનો થાળ બંધ કર્યો હતો. કદાચ સામાજિક રચનાના વિચારવાળા નેતાઓ મંદિરોને અર્પણ થયેલ જમીનો લઇ લેવાનો વિચાર કરે એવો સંભવ છે, પણ તેમ કરવું જોઇએ નહિ. મંદિરો દ્વારા લોકોની ભક્તિ વધે છે. જેઓ ભક્તિ કરે છે તેમનાં મન સાત્ત્વિક રહે છે અને તે અનાચાર કરતા નથી અથવા અનાચાર કરતાં બીએ છે.

મુસલમાનો પણ પોતાની મસ્જિદોની સંભાળ રાખે છે અને મંત્ર જપે છે અને પાંચ વખત નિમાજ પઢે છે. મસ્જિદમાં મૂર્તિ હોતી નથી, છતાં બાંગ પોકારી તેઓ ખુદાને

પ્રાર્થના કરે છે. મંત્રની આવી ક્રિયાથી ઘણાં તત્ત્વોની અસરમાંથી નીકળી જીવ ફક્ત એક ઈશ્વરની સત્તા તરફ વળે છે. તેમાં સ્વતંત્ર તત્ત્વ ઓછાં થાય છે અને જીવન સરળ થાય છે. હાલ જે રીતે સમાજસેવા થાય છે તેમાં સ્વતંત્ર તત્ત્વ વધે છે, જીવનમાં ભેદ વધે છે, એ રીતે જીવનનો છેડો દેખાતો નથી, અને જીવનનું રહસ્ય પણ સમજાતું નથી. જ્યારે જીવનનું રહસ્ય સમજાતું નથી ત્યારે સિનેમા જોવાની ઇચ્છા થાય છે અને ઇન્દ્રિયોના ભોગની ઇચ્છા વધે છે. ઇન્દ્રિયોના વિષયોના ભોગથી જીવ જગતના જેવો બનતો જાય છે, પણ જગતને જીતી શકતો નથી; તે દેશ અને કાળનો સેવક થાય છે પણ દેશ અને કાળ જીતી શકતો નથી.

હવે કોંગ્રેસ સરકાર નોકરી માટે બ્રાહ્મણો કરતાં હરિજનોને વધારે પસંદ કરે છે, તેથી કેટલાક ગરીબ બ્રાહ્મણો હરિજનનું નામ આપીને અથવા હરિજન બનીને નોકરી મેળવે છે. તેથી હિંદુધર્મમાંથી બ્રાહ્મણપણું ઓછું થવા લાગ્યું છે. તેના પરિણામે લગ્નના રિવાજ ફરવા લાગ્યા છે, પ્રજામાં તત્ત્વ વિચારની શક્તિ ઓછી થઇ છે, તત્ત્વ વિચારનાં પુસ્તકો કોઇ પ્રસિદ્ધ કરે તો વેચાતાં નથી. ખોટી લગ્નપ્રથાથી માણસનું બી બગડતું જાય છે. અને જો એ પ્રથા ચાલુ રહેશે તો ભવિષ્યમાં આપણને સારા પ્રધાનો અને સારા શિક્ષકો મળશે નહિ. તેથી મંત્રવિદ્યાની રક્ષા કરવાની જરૂર છે. પ્રાચીન કાળમાં જ્યારે રાજા નબળો હોય ત્યારે બ્રાહ્મણો મંત્રવિદ્યાથી રાજાની અંદર પણ તેનો અભિષેક કરીને નવું ચેતન લાવી દેતા હતા.

It has been proved by science that there is a

transfer of energy and momentum in radioactive processes.

એટલે જ્યાં જ્યાં આરતી થાય છે, તેજની ક્રિયા થાય છે, યજ્ઞ થાય છે ત્યાં ત્યાં એક જગ્યાની શક્તિ અને તેનો પ્રવાહ બીજી જગ્યાએ મોકલી શકાય છે. હાલ તે બાબતનો અનુભવ રેડિયોમાં અને સિનેમામાં થઇ શકે છે. તેવો અનુભવ મૂર્તિપૂજામાં થાય છે. મંદિરોમાં ખાસ કરીને આરતી વખતે મંદિરમાં તેજ વધે છે, ગરમી વધે છે, તે વખતે મૂર્તિના સ્વરૂપમાં ફેરફાર થાય છે અને મંદિરનું વાતાવરણ એવું ફરે છે કે દર્શન કરવા આવનાર માણસના સ્વભાવમાં પણ ફેરફાર થાય છે.

દર્શન વખતે અને જપ વખતે એમ માનવું કે પોતાના ઇષ્ટદેવ સામે ઊભા છે અને તે આપણી પ્રાર્થના સાંભળે છે, એટલું જ નહિ પણ તે પોતાની કૃપા અને અભયદાન આપણને આપી રહેલ છે. હમણાં થોડો વખત થયાં લિખિત જપની પદ્ધતિ પણ શરૂ થયેલ છે. તે પણ સારું ફળ આપે છે. લખતી વખતે પણ ઇષ્ટદેવનું ચિત્ર પાસે રાખવું, મંત્રની નોટ સ્વચ્છ રાખવી, એક આસને બેસવું અને ભગવાનનું ધ્યાન કરીને મંત્ર લખવા, તેમાં ઉતાવળ કરવી નહિ. તે બ્રહ્મ સંબંધનો વખત છે. તેથી દરેક શબ્દ સ્પષ્ટ બોલવો જોઇએ અથવા લખવો જોઇએ. આવી ભાવનાથી અને શુદ્ધિથી નવું ચૈતન્ય પ્રગટ થાય છે અને ઇષ્ટદેવનાં દર્શન થાય છે, વિઘ્નો દૂર થાય છે, શાંતિ મળે છે, ઐશ્વર્ય, પુષ્ટિ, તુષ્ટિ અને મોક્ષ પણ મળે છે.

ૐ

પરિશિષ્ટ – ૧

ભક્ત અને ભગવાનનો સંબંધ

પ્રશ્નઃ–અમોએ આપના બનાવેલા ગ્રંથો અધ્યાત્મ ભાગવત ભાગ ૧ થી ૫, ધ્યાનપૂર્વક વાંચેલા છે, છતાં અમારા મનમાં નીચે લખ્યા પ્રમાણે કેટલીક શંકાઓ છે, તો તેનો ખુલાસો લખવા કૃપા કરશોજીઃ–

(૧) ડાકોરના શ્રી રણછોડરાયે બોડાણા સાથે વાતચીત કરી હશે કે નહિ? અને સવા વાલે તોળયા હશે કે કેમ?

ઉત્તરઃ–એ બની શકે તેવું છે. તેમાં બોડાણાની દૃષ્ટિ ઉપર ખરો આધાર હતો. બોડાણાને રણછોડરાયજી કેવા લાગ્યા હશે તે બાબત આપણને બોડાણા જેવા થયા વગર ખબર પડે નહિ, પણ આત્મામાં અનંત શક્તિ છે. સ્વપ્નમાં જીવ ભગવાનને પણ ઉત્પન્ન કરીને તેની સાથે વાત કરી શકે છે તો જાગ્રતમાં કેમ ન કરી શકે? બધું બની શકે તેવું છે; પણ ભક્તની દશા ઉપર બધો આધાર છે. થોડા વખત પહેલાં રણછોડરાયના એક સેવક તેની સેવા પોતાને હાથે રોજ કરતા હતા, છતાં તેના ઘરમાં કજિયો હતો અને અશાંતિ હતી, અને બહારગામથી એક ભક્ત ત્યાં દર્શન માટે આવ્યા હતા તેમણે શ્રી રણછોડરાયજીનું રમતું સ્વરૂપ મને બતાવ્યું હતું. ઉપર જણાવ્યા પ્રમાણે જે સેવકને ઘેર કજિયો હતો તેણે બીજી બાયડી પરણી હતી અને તેથી જૂનીના દીકરા તેને ઘરમાં અશાંતિ ઉત્પન્ન કરતા હતા. તેનું મન રણછોડજીમાં નહોતું પણ નવી સ્ત્રીમાં હતું. તેથી બધો આધાર ભગવાન અને ભક્તના સંબંધ ઉપર છે. એવા સંબંધથી ભગવાનની મૂર્તિનું સ્વરૂપ વજનમાં હલકું પણ બની જાય છે અને તે સવા વાલ : જેટલું પણ થઇ શકે છે. હાલનું સાયન્સ પણ કહે છે કે વજન એ સાપેક્ષ વસ્તુ છે, તે નિયમ નથી. તેનો આધાર સંબંધ ઉપર છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસે, ૭૦ વર્ષ પહેલાં, કલકત્તામાં

દક્ષિણેશ્વરના મંદિરમાં કાલીમાતાની મૂર્તિ સાથે વાતો કરી હતી. તે પછી ૭૦ વર્ષમાં ઘણા પૂજારી ફરી ગયા અને તે જ મૂર્તિની સેવા કરી છતાં શ્રી રામકૃષ્ણના જેવો અનુભવ કોઇને થયો નથી, તેથી મૂર્તિની સાથે કેવો સંબંધ આપણે બાંધીએ છીએ તે ઉપર બધો આધાર છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે, તેમાંથી જડ જેવું જગત નીકળે નહિ. તેથી જગત પણ ચૈતન્ય છે અને બધી મૂર્તિઓ પણ ચૈતન્ય છે. પણ માણસને દેહનું અભિમાન હોય ત્યારે તેની દૃષ્ટિમાં જડભાવ આવે છે અને તે બહાર જડતા દેખે છે, અને પછી તે જડની સાથે સંબંધ બાંધે છે. એ જડતા તેની દૃષ્ટિમાં છે, મૂર્તિમાં જડતા નથી. એ બાબત હાલ સાક્ષેપવાદના સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે.

પ્રશ્ન ૨:–શ્રી ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથપુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં સમાઇ ગયા, તે વાત ખરેખર બનેલી હશે કે નહિ?

ઉત્તર:–એ વાત પણ બની શકે તેવી છે. દરેક માણસ ચૈતન્ય મહાપ્રભુ છે. તે સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ છે, છતાં માયાનો આધાર લઇને માણસના શરીરમાં સમાઇ શકે છે, તેવી જ રીતે ચૈતન્ય મહાપ્રભુ પણ મૂર્તિમાં સમાઇ શકે તેમાં નવાઇ નથી પણ માયાનો અંશ જેમાં વધારે હોય અને ચૈતન્યનો અનુભવ ન હોય તેવા માણસો મૂર્તિમાં સમાઇ શકે નહિ, પણ ચૈતન્યનો અનુભવ વધારે હોય અને માયાનો અંશ થોડો હોય તો મૂર્તિ અને ભક્ત બંને સજાતીય લાગે છે અને નદી જેમ સમુદ્રમાં મળે છે તેમ સજાતીય તત્ત્વ સજાતીય તત્ત્વમાં મળી શકે છે.

પ્રશ્ન ૩:–સંત તુકારામ કીર્તન કરતાં સદેહે વૈકુંઠ ગયા તે વાતને કેવી માનવી?

ઉત્તર:–કીર્તન વખતે ત્યાં નવી જાતનું વાતાવરણ ઉત્પન્ન થાય છે અને ભક્તોનો દેહ ચિન્મય અને આનંદમય થાય છે. સંત તુકારામની તે વખતની જેવી દશા હતી તેવી દશા સમજવા માટે તેવા થવું જોઇએ. ભીષ્મ સ્તવરાજમાં કહેલ છે કે બધાં કામ કરતાં છતાં જેની બુદ્ધિ અકુંઠ

રહે તેવી દશાને વૈકુંઠ કહે છે. તેથી ભક્તિભાવની દશાને વૈકુંઠ કહે છે. જો કોઇ જુદું વૈકુંઠ હોય તો તે વૈકુંઠમાં ભગવાનના પાર્ષદ જય અને વિજય રોજ ભગવાનનાં દર્શન કરતા હતા છતાં સનકાદિકના શ્રાપથી વૈકુંઠમાંથી પડ્યા અને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા; કારણ કે તેનામાં નાના મોટાની ભેદબુદ્ધિ આવી ગઇ હતી. સંત તુકારામમાં હંમેશાં અભેદ બુદ્ધિ રહેતી હતી અને તેથી વૈકુંઠ જેવી ભાવનામાં રોજ રહેતા હતા. તેવી દશા છેલ્લી વખતે પણ રહી શકે છે.

પ્રશ્ન ૪:–શ્રી મીરાંબાઇ પણ દ્વારકામાં ગિરધરલાલની મૂર્તિમાં સમાઇ ગયાં તે વાત બની હશે કે નહિ?

ઉત્તર:–આ પ્રશ્નોનો ઉત્તર ઉપર ચૈતન્ય મહાપ્રભુના જગન્નાથની મૂર્તિમાં સમાઇ જવા જેવો છે. જે મીરાંબાઇ ઝેરને ભગવાનનું ચરણામૃત માનીને પી ગયાં તેમની દૃષ્ટિમાં દ્વારકાની મૂર્તિ એ પથ્થર નહોતો. એક પથ્થરની અંદર બીજો સમાઇ શકે નહિ પણ જે માણસ મૂર્તિને ચૈતન્ય રૂપે જોઇ શકે તેને માટે આવા બનાવ બહુ સરળ રીતે બની શકે છે. મને પંઢરપુરમાં વિઠ્ઠલનાથની મૂર્તિમાં મૂછો દેખાણી હતી અને સૌરાષ્ટ્રમાં માધવપુરની મૂર્તિના ચરણને સ્પર્શ કરતાં તે ચરણ માણસના જેવા પોચા લાગ્યા હતા. દ્વારકાની મૂર્તિને સ્નાન કરાવતા એક ભક્તનો હાથ પેટ આગળ આવ્યો ત્યારે પેટ દબાઇ ગયું હતું, છતાં એ જ મૂર્તિની સેવા કરનાર એક સેવકને તેમાં ભાવ આવતો નથી તેથી પોતાને ઘેર વિષ્ણુની છબી રાખેલ છે. એક માણસે દ્વારકામાં મને કહેલું હતું કે જો ભગવાન તેને દર્શન આપે તો ભગવાનને સિનેમા જોવા તેડી જાઉં. દ્વારકાના હાલના કેટલાક માણસો સિનેમાના શોખીન થયા છે. ભાગવતમાં દશમ–ઉત્તરાર્ધમાં કહેલ છે કે દ્વારકામાં તે વખતે બધા માણસો ચતુર્ભુજ હતા. તેનું વધારે વર્ણન અધ્યાત્મ ભાગવત ભાગ ૪ માં આપેલ છે.

ભક્તોનું દ્વારકા અને ભક્તોની મૂર્તિ સામાન્ય માણસોના જેવી

હોતી નથી. શ્રીનાથજીની મૂર્તિએ શ્રી વલ્લભાચાર્યજી પાસેથી દૂધ લઇને પીધું. એક ગોપાળની દીકરી નરો પણ શ્રીનાથજીને દૂધ પાઇ શકતી હતી. પણ એ જ મૂર્તિની રોજ સેવા કરનાર દામોદરલાલજી હંસાના પ્રેમમાં પડી ગયા હતા અને શ્રીનાથજીના મુખારવિંદ ઉપરનો હીરો પણ ચોરાયો હતો. તેથી બધો આધાર ભક્ત અને ભગવાનના સંબંધ ઉપર છે.

પરિશિષ્ટ – ૨

નામ–જપનું રહસ્ય

૧. જપ માટે જેટલા અક્ષરનું નામ હોય તેને લાખે ગુણીને જે સંખ્યા આવે તેટલી સંખ્યાના જપ, સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરીને કરવા. દૃષ્ટાંત તરીકે રામ એ બે અક્ષરનો મંત્ર છે તો રામ નામના બે લાખ જપ કરવા.

૨. બાર કરોડ જપ કરવાથી બારે રાશિને અસર થાય છે અને જીવ ગૃહ બંધનમાંથી છૂટીને પરમાત્માની દશા પ્રાપ્ત કરે છે.

૩. શ્રી નારાયણ પરમહંસને સતત જપ કરવાથી થોડાં વર્ષ પહેલાં ચાંદોદમાં રાત્રે શ્રી વિષ્ણુ ભગવાને (નારાયણે) દર્શન આપ્યાં હતાં અને તેની સાથે વાતો કરી હતી, તે હકીકત "એક સંતનો અનુભવ" એ પુસ્તકમાં આપેલી છે. તે સંત મૌન પાળે છે. મૌનથી પણ દિવ્ય શક્તિ પ્રાપ્ત થાય છે અને દશ અપરાધમાંથી બચાય છે, મૌન ન પાળી શકાય તો સત્સંગમાં રહેવું. શ્રી નારાયણ પરમહંસને આ વર્ષના જપ પછી ભગવાનનાં દર્શન થયાં હતાં.

૪. જપથી રોગ પણ સારા થાય છે. એક બાઇને ૩૬ વર્ષની ઉંમરે રોગ લાગુ થયો હતો અને બચવાની આશા નહોતી તે વખતે તેણે દવા

છોડીને નીચેનો મંત્ર સવારથી રાત સુધી જપ્યો હતો:–

"શામળિયા, મને સાજી કરો, આજ રાત્રે આઠ વાગ્યા સુધીમાં." એ જપથી રાત્રે તેનો રોગ મટી ગયો હતો. આ હકીકત ઇ. સ. ૧૯૨૮ માં બનેલી હતી.

૫. સંખ્યા રાખવાથી અને વિધિ રાખવાથી સજાતીય પ્રવાહ રહે છે અને મન વિજાતીય તત્ત્વમાં જતું નથી. ઓસડની માફક પથ્ય પાળવું જોઇએ અને વિજાતીય વિચાર છોડવા જોઇએ.

પરિશિષ્ટ – ૩

નવી શરૂઆત

નવી વિદ્યામાં અને નવી કળામાં હંમેશાં નવી શરૂઆત હોય છે કાલે જે સ્વપ્નું આવ્યું હોય તે કરતાં આજે નવું સ્વપ્ન આવે તો તેમાં નવી શરૂઆત હોય છે, તેમાં પહેલા સ્વપ્નાની તારીખ ચાલુ રહેતી નથી. જાગ્રતમાં પણ રેલ્વેમાં બેસતાં, સ્ટીમરમાં કે વિમાનમાં બેસતાં, જાગ્રત દશા ફરી જાય છે. તે વખતે પૃથ્વીના માણસો સાથે વાતચીત થઇ શકતી નથી. તે જ પ્રમાણે પચાસ વર્ષ પહેલાં મરી ગયેલ માણસો પાછા તેવા જ થઇને હાલમાં આવે તો હાલના માણસનું જીવન સમજી શકે નહિ.

સ્ત્રી પતિને જોઇને પોતાના શરીરમાં સમાઇ શકતી નથી. તે તેનો મોહ છે. પુરુષ પણ ઇચ્છા દ્વારા પોતાનું જીવન લંબાવે છે. તે વખતે જીવનની લંબાઇ અને પહોળાઇ તે તેનું જીવન છે. તે લંબાઇ અને પહોળાઇનો આધાર ઇચ્છા ઉપર છે. દરેક વખતે નવી શરૂઆત હોય છે.

માણસમાં ભક્તિ જાગે છે ત્યારે પણ નવા જીવનની શરૂઆત થાય છે. તેના માનેલા ભગવાનને તેની માન્યતાની સાથે સંબંધ હોય છે. તે

તેનું પ્રમાણ છે. મૂર્તિપૂજા કરનાર ભક્ત મૂર્તિને હરતી ફરતી જુએ છે. નવા બાળકની મા તેને હરતો ફરતો જોવા લાગે છે. તે વખતે બાળક માથી જુદો નથી. મૂર્તિપૂજા પણ પૂજારીથી જુદી નથી. તુલસીદાસના રામ એ વાલ્મીકિના રામ નથી. દરેકની ભાવના પ્રમાણે રામ જણાય છે. મૂર્તિ એ ભગવાનનો વિગ્રહ છે. જેમ માણસના ચરણની પૂજા કરવાથી આખા માણસની પૂજા થાય છે તેમ મૂર્તિ પૂજાથી વિરાટની પૂજા થાય છે. તે નવી શરૂઆત છે. જ્યારે મીરાંબાઇ ગાતાં હતાં કે "बसो मेरे नयननमें नंदलाल" ત્યારે તેમાં નવો દિવ્યભાવ હતો. તે મીરાંના કૃષ્ણ હતા.

જે કાંઇ સારું નરસું બને છે, તેનો સંબંધ સંબંધી સાથે હોય છે. સંબંધી અને સંબંધ એ એકજ દશા છે. કોઇ પણ બનાવ બહાર બનતો નથી. જેવું સ્વપ્નામાં છે તેવું જાગ્રતમાં છે. તે માણસની પસંદ કરેલી દશા છે અને તેની અંદર છે. તેની શરૂઆત અને છેડાને તેની પસંદગીની સાથે સંબંધ છે. જ્યાં જ્યાં 'મારું' શબ્દ હોય છે અથવા 'મારે માટે' એવા શબ્દો હોય છે ત્યાં હુંની દશા જણાય છે અને તે નવી શરૂઆત છે.

નાનકના ભગવાનના મંદિરને હદ નહોતી. કબીરને વીજળીમાં ભગવાન દેખાતા હતા.

બિલ્વમંગળની ભાવનાના ભગવાન એ બંસીવાળા બાલકૃષ્ણ હતા, આવા પ્રેમમાં હમેશાં નવી શરૂઆત હોય છે અને તેનો છેડો દેખાતો નથી.

જગતનું દૃશ્ય પણ ભક્તની દૃષ્ટિમાં ફરી જાય છે, તેના દરેક ભાગમાં અને બનાવમાં તેને આનંદ લાગે છે. તેના જગતમાં ક્રોધ નથી, ઈર્ષ્યા નથી, સ્વાર્થ નથી, પણ પ્રેમ અને સમભાવ છે. જેમ ભક્ત તેના ભગવાન બનાવે છે તેમ તેનું જગત બનાવે છે, એટલું જ નહિ પણ તેનો જીવ પણ નવો બને છે. ત્યાં નવા પ્રમાણથી નવી શરૂઆત છે. જગત કે જીવ ક્યારે ઉત્પન્ન થયા? ભક્તને માટે એ પ્રશ્નો રહેતા નથી. પુનામાં

કેમ્પમાં ૩૦ વર્ષ પહેલાં બાબાજાન નામનાં એક ભક્ત બાઇ ૯૦ વર્ષની ઉંમરનાં હતાં. તેમને કોઇએ પૂછ્યું કે તમે પુનામાં ક્યારે આવ્યાં? તેમણે જવાબ આપ્યો કે "જગત ઉત્પન્ન થયા પહેલાં આવી છું." આ બધો વિજ્ઞાનમય કોશનો અનુભવ છે. ત્યાં નવું પ્રમાણ છે અને નવી શરૂઆત છે કે જેનો અંત નથી. જ્યારે ત્રીજી આંખ ઊઘડે છે ત્યારે એવા નવા અનુભવ થવા લાગે છે. તેને ઇતિહાસની સાથે સંબંધ રહેતો નથી. બ્રહ્મ રસરૂપ છે અને તે નવી દશા ઉત્પન્ન કરી નવી શરૂઆત કરે છે.

કોઇ કન્યા પરણીને સાસરે જાય છે ત્યારે તેના પિયરમાં તેનું મૃત્યુ થાય છે અને તેના સાસરામાં તેનો જન્મ થાય છે.

Her emotion aims at laying hold of the world in its entirety through her husband. Love is a fundamental relation of the "for–itself" to the world and to itself (selfness) through a particular man or woman. The body is a conducting body which is placed in the circuit.

કોઇ માણસ ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસી થાય ત્યારે પણ નવી દશાની શરૂઆત થાય છે. ત્યાં પણ નવા પ્રમાણથી જીવ–જગતની એકતા થાય છે. ત્યાં નવી શરૂઆત છે અને તેનો અંત નથી.

માણસની અંદર ઇચ્છાઓ ઘણી છે અને તેથી તેનાં જગત પણ ઘણાં છે. તે તેનાં સ્વપ્નો છે, અથવા જાગ્રતનાં સ્વપ્નો છે. સ્વામી શિવાનંદજીએ દાક્તરનું કામ છોડી સંન્યાસ લઇ દિવ્યજીવન શરૂ કર્યું તે નવી શરૂઆત હતી. તે નવી દશા છે, તેનો અંત નથી. તેના પત્રોમાં, તેના કપડામાં, તેની વાતચીતમાં, તેના ફોટામાં નવું પ્રમાણ ચાલ્યું આવે છે. દરેક વખતે જીવન નવું બને છે. શ્રી આનંદમયીમા કહે છે કે આ શરીર પૂર્વ જન્મના કર્મથી આવેલ નથી કારણ કે હાલની દશાને ભૂતકાળ હોતો નથી. ભૂતકાળ અજ્ઞાનસત્તાને આધારે રહે છે. પચાસ હજાર વર્ષ

પહેલાં શું હતું તે કોઈને ખબર નથી પણ પચાસ હજાર વર્ષના વિચારને હાલના માણસની સાથે સંબંધ છે તેને જ્ઞાન-સત્તા કહે છે.

Existential psyche-analysis makes the psychic act co-extensive with conscionsness.

સમુદ્રનાં મોજાં સમુદ્રથી જુદાં નથી. ઊંબાડિયું ફેરવવાથી જે આકાર ઉત્પન્ન થાય છે તે ઊંબાડિયાથી જુદા નથી.

પૂજારીથી મૂર્તિ જુદી નથી, માણસના જ્ઞાનથી તેનું જ્ઞેય જુદું નથી.

ઈતિહાસના વિચાર રજોગુણી રાજ્યના રજોગુણી પ્રધાનો માટે છે. સાત્વિક માણસ માટે ઈતિહાસ નથી, જગતનું ભવિષ્યમાં શું થશે તે વિચારમાં પ્રશ્ન પૂછનારનો સંબંધછે,તેથી સંબંધનું શું થશે તેનો વિચાર કરવો જોઈએ, તે સંબંધ સ્વપ્નમાં નવો થાય છે અને જાગ્રતમાં પણ જ્ઞાન પ્રમાણે જ્ઞેય થાય છે.

For human reality there is no difference between existing and chosing for itself. The psychoanalysist will have to re-discover at each step a symbolic functioning. He should not follow the empirical laws of succession.

એટલે પરિણામ-વાદ સાચો નથી. આપણું કામ જીવની તે ક્ષણની દશા સમજવાનું છે.

જ્યાં ઇન્દ્રિયોના ભોગ વધે છે ત્યાં ઘણા કરની અને કાયદાની જરૂર પડે છે. અકબરના રાજ્યમાં હાલના જેટલાં ભોગનાં સાધન નહોતાં. અને હાલના જેટલા કાયદા પણ નહોતા. જનકરાજાના રાજ્યમાં તે કરતાં પણ ઓછાં હતાં. હાલ પણ જે સાધુઓ વૈરાગ્યથી રહી શકે છે તેને સરકારી કર કે કાયદાની અસર થતી નથી. તેથી દરેક માણસનું જગત જુદું રહે છે. નવા પુરુષાર્થ પ્રમાણે નવી શરૂઆત થાય છે, તેથી પ્રારબ્ધનો સિદ્ધાન્ત સાચો નથી.

મ. ગાંધીજી તેમના જમાના પ્રમાણે બરાબર હતા. તે હાલના

ઉદ્યોગીકરણના જમાનામાં, અને સંતતિ નિયમનના જમાનામાં અને અસત્યના જમાનામાં રહી શકત નહિ. બધો ઈતિહાસ ફરીથી ઉત્પન્ન થતો નથી. ગાંધીજીના વખતમાં ઉત્પન્ન થયેલ સ્વરાજ ચાલુ રહ્યું એમ લાગે તો પણ પ્રજાના જીવનમાં ઘણો ફેર પડી ગયો છે. તેથી દરેકને માટે નવી શરૂઆત છે. રામાયણ અને મહાભારતમાં ઈતિહાસની તારીખો આપેલ નથી, કારણ કે ઈતિહાસ સાચો નથી. અથવા તે વખતે વસ્તી થોડી હતી, આવવા જવાનાં સાધન બહુ ટૂંકાં અને તેથી દરેકની પાસે નાનું જગત હતું. હાલ સાધન વધી ગયાં છે, ન્યુઝપેપર અને રેડિયોથી માણસો ઘણું જગત જાણે છે અને તેનો ભાર લાગે છે, એટલે તેમણે જાણેલું જગત ક્યારે સુધરશે ? છતાં ગામડાની અભણ ડોશીઓને અને એકાંતમાં રહેતા સાધુઓને જગતનો ભાર લાગતો નથી.

દરેક બાબતમાં જ્ઞાન અને જ્ઞેયનો સંબંધ જાણવાનો પ્રયત્ન કરવો. માત્ર જ્ઞેયને અથવા દૃશ્યને જાણવાથી વિચારની સાચી રીત પકડાશે નહિ. માણસના સમાજના જેવું જ્ઞાન રાખવાથી સમાજથી આગળ વધી શકાશે નહિ.

જ્ઞાનીનું જ્ઞાન એ એના ઘરની વસ્તુ છે. તે દુકાનમાં મૂકીને બધા ખરીદે એવી ઈચ્છા રાખી શકાય નહિ. જેમ એક માણસનું સ્વપ્નું બીજાના સ્વપ્ના સાથે મળતું આવતું નથી, તેમ એકનું જાગ્રત સંપૂર્ણ રીતે બીજાની સાથે મળતું આવશે નહિ. તેથી દરેકે પોતાના સ્વપ્નમાંથી જાગવાનું છે અને જાગે ત્યારે પોતે જ રહે છે. જ્યાં એક જ સ્વતંત્ર તત્ત્વ રહે તેને ભગવાન કહે છે. ભક્તને માટે જગતની બધી ક્રિયા એકની સત્તાથી જ ચાલી રહેલ છે. દરેક વખતે ભગવાન નવાં કપડાં પહેરી નવો નવો દેખાવ આપે છે.

ૐ

પરિશિષ્ટ – ૪

મૂર્તિપૂજામાં આરતીનું રહસ્ય

તંત્રમાર્ગ એ શક્તિની સાધનાનો માર્ગ છે. તે ધાર્મિક રીતે જીવની શક્તિ કેળવવાનો અને મૂર્તિનું ચૈતન્ય પ્રગટ કરવાનો માર્ગ છે. તેમાં નાદ, બિંદુ અને કળા એમ ત્રણ ભાગ પાડેલા છે. નાદને એટમની અંદરનો વચલો ભાગ પ્રોટોન અથવા ન્યુક્લીઅસ કહી શકાય. તે શી વસ્તુ છે તે હજુ બરાબર જાણી શકાયું નથી. નાદમાંથી એટમની અંદરના પરમાણુની શક્તિ બંધાય છે. તે શક્તિને બિંદુ કહે છે. તેને હાલના સાયન્સવાળા ઈલેક્ટ્રોન કહે છે. તે ઈલેક્ટ્રોનને છૂટા પાડવાથી જે શક્તિ પ્રાપ્ત થાય તેને કળા કહે છે. ૐકારની ઉપર પણ બિંદુ મૂકવામાં આવે છે. મુસ્લિમ ધર્મમાં ‴ આવું ચિહ્ન કરવામાં આવે છે, તેમાં પણ બિંદુ મૂકવામાં આવે છે. ઉપર જણાવ્યું તે પ્રમાણે દરેક એટમ તેની અંદરના પરમાણુનો બનેલો હોવાથી દરેક જડ વસ્તુમાં પણ તેજ અથવા પ્રકાશ રહેલ છે. તેને તંત્રમાર્ગમાં પ્રાણશક્તિ કહે છે. તેથી જેમની ઈચ્છા મૂર્તિની પૂજા કરવાની હોય તે પોતાને ગમતી મૂર્તિ લઈને તેમાં પહેલાં મંત્ર દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરાવે તો જેને પ્રોફેસર શોડીન્જર પ્રાણમયશક્તિ કહે છે તેવી દશા ઉત્પન્ન થાય. મંત્ર એ. નાદ છે. તે નાદથી મૂર્તિમાં નવું બિંદુ (નવો એટમ) બંધાય છે. હાલ પણ એટમમાં ફેરફાર કરવો હોય ત્યારે બીજા તેજસ્વી એટમના પ્રોટોનની શક્તિનો ઉપયોગ કરવો પડે છે. સામાન્ય રીતે પથ્થરનો પ્રાણ નીચે ગતિ કરવાવાળો હોય છે એમ તંત્રશાસ્ત્રમાં કહેલું છે. પણ તેની પ્રાણપ્રતિષ્ઠા થાય ત્યારે તે પ્રાણમાં નવું ચૈતન્ય આવે છે અને પ્રાણ ઊર્ધ્વગામી થાય છે. મૂર્તિમાં જડપણું આરોપિત છે. જ્યારે તેની પૂજા ષોડશોપચાર પ્રમાણે કરવામાં આવે છે ત્યારે તેમાંથી જડપણું દૂર થાય છે અને ત્યાં નવા પ્રકારનું તેજ પ્રગટ થાય છે. પછી જેમ રેડિયોના તેજમાં ગમે તે

વેવ–લેંગ્થ મૂકીને ગમે તે સાંભળી શકાય છે અને હવે ટેલિવિઝનથી રૂપ પણ જોઈ શકાય છે. તેમ મૂર્તિના તેજમાં જે રૂપ જોવાની ભક્તની ઈચ્છા હોય તે રૂપ ભક્ત જોઈ શકે છે, અથવા મૂર્તિ સાથે વાત પણ થઈ શકે છે. પણ તેનો આધાર પૂજારીની ભાવના ઉપર છે. તેથી શાસ્ત્રોમાં લખેલું છે કે શિવ થઈને શિવની પૂજા કરવી. શ્રીરામકૃષ્ણ પરમહંસ કાળીની મૂર્તિની સાથે વાતો પણ કરી શકતા હતા.



મૂર્તિપૂજા વખતે જે આરતી કરવામાં આવે છે તે વખતે ઘીની બત્તી ગોળ આકારે ફેરવવામાં આવે છે અને તે આરતી નીચેથી ઉપર અને ઉપરથી નીચે વારંવાર લાવવામાં આવે છે. તે વખતે મૂર્તિના અણુના પરમાણુમાં રહેલ પ્રકાશ તે દીવામાં આવે છે અને પછી તે આરતીનો પ્રકાશ આપણા હાથથી આપણી તરફ લઈએ છીએ. કોઈ જગ્યાએ મૂર્તિની પાસે અખંડ દીવો રાખવામાં આવે છે. એ રીતે પણ મૂર્તિમાં રહેલું તેજ તે દીવામાં લાવી શકાય છે. પૂજા વખતે દીવો કરવો

અને ઘંટ વગાડવો એ બાબત ખાસ ઉપયોગી છે; કારણકે મૂર્તિ જડ નથી પણ પરમાણુના તેજની બનેલી હોય છે. એ તેજ પણ જડ નથી એ બાબત હવે પછીના પ્રકરણમાં સમજાવવામાં આવશે. નડીઆદમાં સંતરામના મંદિરમાં સંતરામની સમાધિ આગળ લગભગ ૧૦૦ વર્ષ થયાં અખંડ દીપ બળતો રાખવામાં આવેલો છે.

પૂજા વખતે મંત્રનો જપ કરવાની પણ વિધિ છે. શબ્દને રૂપ સાથે સંબંધ છે. આપણે ગાયનું નામ પાડીએ અને પછી તે ગાયને તે નામથી બોલાવીએ તો તે જ ગાય પાસે આવે છે. શબ્દમાં અચિન્ત્ય શક્તિ છે. તેથી જે પ્રકારનો જપ હોય છે તે પ્રકારે મૂર્તિમાં તેજ બંધાય છે. જેને આપણે સામાન્ય બુદ્ધિથી જડ વસ્તુ માનીએ છીએ તે ખરેખર જડ નથી. તેની ખાતરી મૂર્તિપૂજા કરીને કરી શકાય છે. એટલી ખાતરી થયા પછી જગતમાં બધું ચેતનમય જણાવા લાગે છે.

સ્વપ્નના તેજથી એવી દશા પ્રાપ્ત થાય છે કે આપણે બીજો જીવ બનાવીને તેની સાથે વાત કરીએ છીએ. એમાં પણ દિવ્યશક્તિ કામ કરે છે.

('દેશ અને કાળ' આવૃત્તિ ત્રીજી પાનાં ૧૯૪ થી ૧૯૬ માંથી આ લખાણ લીધું છે.)